અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


27 FEBRUARY-2026 FRIDAY | Vol. : 17 | Issue : 236 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  કેનેડામાં ગ્રૂમિંગ ગેંગના નિશાન પર પંજાબી છોકરીઓ

4  1461 દિવસથી દરરોજ હુમલા કરી રહ્યા છે રશિયા અને યુક્રેન

6  ટીમ ઈન્ડિયા સેમિ ફાઈનલમાં નહીં પહોંચે તો 4 સ્ટાર ખેલાડીઓનું કરિયર જોખમમાં મૂકાશે!

7  મની લોન્ડરિંગ કેસમાં ED સમક્ષ હાજર થયા અનિલ અંબાણી

# ઇઝરાયલમાં ભારતીય UPI ચાલશે, મોદી-નેતન્યાહુની બેઠકમાં સમજૂતી

## મોદીએ કહ્યું- ટૂંક સમયમાં ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરીશું, ઇઝરાયલ આવવું મારા માટે ગર્વની વાત

**તેલ અવિવ, તા.26**







પીએમ મોદીની ઈઝરાયલ મુલાકાતનો બીજો દિવસ છે.ઈઝરાયલમાં પણ હવે ભારતની UPI ચુકવણી સિસ્ટમ ચાલશે. આ નિર્ણય મોદી અને ઈઝરાયલી પીએમ નેતન્યાહૂ વચ્ચેની દ્વિપક્ષીય બેઠક દરમિયાન સમજુતી થઈ હતી. પીએમ નેતન્યાહૂ સાથે જોઈન્ટ પ્રેસ કોન્ફ્રન્સમાં મોદીએ કહ્યુ - ભારત ટૂંક સમયમાં ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA)પર હસ્તાક્ષર કરશે, ઈઝરાયલ આવવું મારા માટે ગર્વની વાત છે. મોદી અને ઈઝરાયલી પીએમ નેતન્યાહૂ તેમની દ્વિપક્ષીય બેઠક બાદ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે ઈઝરાયલની નવી ટેકનોલોજી ભારતના દરેક ગામ સુધી પહોંચશે, જેનાથી લાખો ખેડૂતોની આવક અને ઉત્પાદન બંનેમાં વધારો થશે. સાથે મળીને, આપણે ભવિષ્ય માટે તૈયાર ખેતી માટે નવા ઉકેલો વિકસાવીશું. ભારતમાં ભારત-ઈઝરાયલ ઈનોવેશન સેન્ટર ફોર એગ્રીકલ્ચરની સ્થાપના આ સહયોગને વધુ મજબૂત બનાવશે.

નેતન્યાહૂએ કહ્યું કે આજે, શિક્ષણ ક્ષેત્રે નવી ટેકનોલોજી અને AIની મદદથી, દરેક વિદ્યાર્થી સુધી સરળતાથી પહોંચી શકાય છે અને તેમની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચવાની તક આપી શકાય છે. તેમણે કહ્યું કે પહેલા જે સમસ્યાઓ અને મર્યાદાઓ હતી તે હવે રહી નથી. તેમણે કહ્યું કે ભવિષ્ય એવા દેશોનું છે જે નવું વિચારે છે અને નવું કામ કરે છે. ઈઝરાયલ અને ભારત બંને નવા વિચારો અને ટેકનોલોજી પર ભાર મૂકી રહ્યા છે.

પીએમ નરેન્દ્ર મોદી અને ઈઝરાયલી PM નેતન્યાહૂ વચ્ચે દ્વિપક્ષીય બેઠક મળી હતી. આ બેઠકમાં સંરક્ષણ સહયોગ, મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ, સાયબર સુરક્ષા અને અદ્યતન ટેકનોલોજી પર ચર્ચા થઈ. બંને દેશો વચ્ચે અનેક MoU પર હસ્તાક્ષર થયા.

આ પહેલા પીએમ મોદીએ જેરુસલેમમાં આવેલ હોલોકોસ્ટ મેમોરિયલ 'યાદ વાશેમ' ખાતે માર્યા ગયેલા યહૂદીઓને શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યારબાદ મોદીએ ઈઝરાયલી રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગ સાથે મુલાકાત કરી. બંને નેતાઓએ યાદ વાશેમ ખાતે એક વૃક્ષ વાવ્યું. મોદીએ ગેસ્ટ બુકમાં ભારતનો મેસેજ પણ લખ્યો.

ત્યારબાદ મોદી ઈઝરાયલના રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગ સાથે મળ્યા. બંને નેતાઓએ દ્વિપક્ષીય બેઠક યોજી. બેઠક દરમિયાન, આઈઝેકે મોદીનું સ્વાગત કરતા કહ્યું કે ભારતની અર્થવ્યવસ્થા ઝડપથી વિકાસ પામી રહી છે, જેનાથી પુરી દુનિયાનું ધ્યાન તેની તરફ ખેંચાઈ રહ્યું છે. પીએમ મોદીએ પણ કહ્યું કે ઈઝરાયલને ભારતીયો પ્રત્યે ગાઢ પ્રેમ છે. જર્મનીમાં નાઝી શાસન દરમિયાન, તાનાશાહ હિટલરે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન યહૂદીઓ વિરુદ્ધ એક અભિયાન શરૂ કર્યું હતું, જેમાં મોટા-મોટા કેમ્પમાં લાખો યહૂદીઓને ઝેરી ગેસ દ્વારા મારી નાંખવામાં આવ્યા હતા. આને હોલોકોસ્ટના નામથી ઓળખવામાં આવે છે. એવો દાવો કરવામાં આવે છે કે હોલોકોસ્ટમાં 60 લાખ લોકો મૃત્યુ પામ્યા હતા. યાદ વાશેમ સ્મારક હોલોકોસ્ટ પીડિતોની યાદમાં બનાવવામાં આવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે બે દિવસના ઈઝરાયલના પ્રવાસે પહોંચ્યા હતા. નેતન્યાહુ અને તેમની પત્ની સારા નેતન્યાહુએ એરપોર્ટ પર મોદીનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ પીએમ મોદીએ ઈઝરાયલી સંસદ નેસેટને પણ સંબોધન કર્યું હતું. તેમને સંસદનું સર્વોચ્ચ સન્માન 'સ્પીકર ઓફ ધ નેસેટ મેડલ' આપવામાં આવ્યું હતું. મોદી નેસેટને સંબોધન કરનારા પ્રથમ ભારતીય વડાપ્રધાન બન્યા. યાદ વાશેમ હોલોકોસ્ટ દરમિયાન માર્યા ગયેલા લાખો યહૂદીઓની યાદમાં બનાવવામાં આવ્યું છે. આ સ્મારક ઈઝરાયલની રાજધાની યેરુશલમમાં આવેલું છે અને દર વર્ષે દુનિયાભરના લોકો અહીં આવીને ઈતિહાસને સમજે છે અને શ્રદ્ધાંજલિ આપે છે.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જર્મનીના તાનાશાહ એડોલ્ફ હિટલરે લગભગ 60 લાખ યહૂદીઓની હત્યા કરી હતી. આ નરસંહારને હોલોકોસ્ટ કહેવામાં આવે છે. ઈઝરાયલની સંસદ નેસેટે વર્ષ 1953માં નિર્ણય કર્યો કે હોલોકોસ્ટમાં માર્યા ગયેલા લોકોની યાદમાં એક ખાસ સ્મારક બનાવવામાં આવે. પછીથી 2005માં અહીં એક આધુનિક સંગ્રહાલય ખોલવામાં આવ્યું, જેથી આવનારી પેઢીઓ આ દુર્ઘટનાને સમજી શકે. યાદ વાશેમ પરિસરમાં હોલોકોસ્ટ સંગ્રહાલય, હોલ ઓફ નેમ્સ, બાળકોનું સ્મારક અને રાઈટિયસ અમંગ ધ નેશન્સ ગાર્ડન જેવી જગ્યાઓ આવેલી છે. અહીં અસલી દસ્તાવેજો, તસવીરો અને પીડિતોની વ્યક્તિગત કહાનીઓ સુરક્ષિત રાખવામાં આવી છે. યાદ વાશેમ નામનો અર્થ છે યાદ અને નામ, એટલે કે જે લોકોને ખતમ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, તેમની યાદ હંમેશાં જીવંત રહે.

# સંબિત પાત્રાએ નેહરુને 'કોમ્પ્રોમાઇઝ્ડ ચાચા' ગણાવ્યા: કહ્યું- તેમની સરકારમાં વિદેશી એજન્સીઓનો પ્રભાવ હતો

**નવી દિલ્હી, તા.26**



ભાજપ સાંસદ સંબિત પાત્રાએ ગુરુવારે પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુને 'કોમ્પ્રોમાઈઝ્ડ ચાચા' ગણાવ્યા. પાત્રાએ કહ્યું કે હું જણાવું છું કે અસલી સમજૂતી કોણે કરી. આ સંદર્ભમાં નેહરુનું નામ સૌથી પહેલા આવે છે.

પાત્રાએ કહ્યું કે નેહરુના અંગત સચિવ રહેલા એમ.ઓ. માથાઈ વિશે કહેવાતું હતું કે તેઓ અમેરિકી એજન્ટ હતા. 1960ના દાયકામાં સોવિયત ગુપ્તચર એજન્સી KGBના એજન્ટો વડાપ્રધાન કાર્યાલય સુધી પહોંચ ધરાવતા હતા.

પાત્રાએ કહ્યું કે તે સમયે આ ચર્ચા સામાન્ય હતી કે વિદેશી એજન્સીઓને જે પણ સંવેદનશીલ દસ્તાવેજો જોઈતા હતા, તે સરળતાથી મળી જતા હતા.

સંબિત પાત્રાએ દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સમાં આ વાતો કહી. તેમણે એમ પણ કહ્યું કે AI સમિટને બદનામ કરવા માટે કોંગ્રેસે ઈન્ફ્લુએન્સર્સને પૈસાની ઓફર કરી.

1958માં ઓમાનના સુલતાને ગ્વાદર પોર્ટ ભારતને સોંપવાની ઓફર કરી હતી, પરંતુ નેહરુએ તેને નકારી કાઢી હતી. આજે ગ્વાદર પોર્ટ ચીન અને પાકિસ્તાન માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વપૂર્ણ બની ગયું છે.

નેહરુએ બીજા દેશોને ભારતીય ક્ષેત્ર આપવાની ચર્ચા શા માટે કરી? આવા નિર્ણયો પાછળ કેવા પ્રકારનું દબાણ કે પરિસ્થિતિ હતી?

એ સમજવું જરૂરી છે કે શું તે સમયે કોઈ મોટા લાભ કે બાહ્ય પ્રભાવને કારણે આવા પગલાં લેવામાં આવ્યા હતા. શું આ મુદ્દાઓ પર કોંગ્રેસ નેતૃત્વએ જવાબ આપવો જોઈએ?

સોશિયલ મીડિયા પર એવી પોસ્ટ અને રીલ્સ વાઈરલ થઈ રહી છે, જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે કોંગ્રેસ કાર્યાલય કે વરિષ્ઠ નેતાઓ તરફથી AI ઈમ્પેક્ટ સમિટ વિરુદ્ધ પોસ્ટ કે રીલ બનાવવા પર 25 હજાર રૂપિયાથી લઈને 1.5 લાખ રૂપિયા સુધી આપવાના સંદેશા મોકલવામાં આવ્યા છે.

આવા ઘણા ઉદાહરણો સામે આવ્યા છે અને સ્ક્રીનશોટ સાર્વજનિક રૂપે શેર કરવામાં આવ્યા છે.

20 ફેબ્રુઆરીના રોજ દિલ્હી સ્થિત ભારત મંડપમમાં ઈન્ડિયન યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓએ AI સમિટ 2026માં ભારત-અમેરિકા ટ્રેડ ડીલ વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતું. પ્રદર્શનના ઘણા વીડિયો પણ સામે આવ્યા હતા.

# દિલ્હી હાઈકોર્ટનો સૈનિકોના હકમાં નિર્ણય: કહ્યું- લાઈફસ્ટાઈલ ડિસઓર્ડર કહીને દિવ્યાંગતા પેન્શન રોકી શકાય નહીં....

**નવી દિલ્હી, તા.26**



દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે એક મહત્વપૂર્ણ નિર્ણય સંભળાવતા કહ્યુ કે સશસ્ત્ર દળોના કર્મચારીઓની દિવ્યાંગતા પેન્શનને માત્ર એમ કહીને રોકી શકાય નહીં કે બીમારી 'લાઈફસ્ટાઈલ ડિસઓર્ડર' છે અથવા તે પીસ એરિયામાં તૈનાતી દરમિયાન થયું હતું. હાઈકોર્ટે કહ્યું કે બિન-ઓપરેશનલ વિસ્તારોમાં પણ સૈન્ય સેવા તણાવપૂર્ણ હોય છે અને તેનાથી ગંભીર બીમારીઓ થઈ શકે છે. જણાવી દઈએ કે સેનામાં 'પીસ પોસ્ટિંગ'નો અર્થ છે કે સૈનિક કે અધિકારીની પોસ્ટિંગ સરહદ પર નહીં પરંતુ શાંત અને સુરક્ષિત શહેરો કે છાવણીઓમાં હોય છે. જસ્ટિસ વી. કામેશ્વર રાવ અને જસ્ટિસ મનમીત પ્રીતમ સિંહ અરોરાની ડિવિઝન બેન્ચે આર્મ્ડ ફોર્સિસ ટ્રિબ્યુનલ (AFT)ના તે આદેશને રદ કર્યો, જેમાં ભારતીય વાયુસેનાના નિવૃત્ત અધિકારીની દિવ્યાંગ પેન્શન અરજી ફગાવી દેવામાં આવી હતી. તેઓ હાઈ બ્લડ પ્રેશર (હાઈપરટેન્શન) અને કોરોનરી આર્ટરી ડિસીઝથી પીડિત છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું કે એ મહત્વનું નથી કે રોગ ફિલ્ડ એરિયામાં થયો કે પીસ પોસ્ટિંગમાં. અસલી સવાલ એ છે કે શું રોગનો સેવા સંજોગો સાથે સંબંધ છે. આ કેસમાં રિલીઝ મેડિકલ બોર્ડ એ બરાબર કહી શક્યું નહીં કે અધિકારીની બીમારીઓ સેવા સાથે સંકળાયેલી ન હતી કે સેવાના કારણે વધી ન હતી.

કોર્ટે સ્પષ્ટ કહ્યું કે કોઈ નક્કર કારણ વગર રોગને માત્ર 'લાઈફસ્ટાઈલ ડિસઓર્ડર' કહેવું કાનૂની રીતે યોગ્ય નથી. કોર્ટે એ પણ જણાવ્યું કે મેડિકલ બોર્ડે પોતે સ્વીકાર્યું હતું કે આ રોગ અધિકારીની કોઈ બેદરકારી કે ખોટી આદતોને કારણે થયો નથી. કોર્ટે મેદસ્વીતા, ધૂમ્રપાન કે દારૂ સાથે સંકળાયેલા તર્કો પણ ફગાવી દીધા, કારણ કે મેડિકલ બોર્ડના રિપોર્ટમાં તેમને કારણભૂત દર્શાવવામાં આવ્યા ન હતા. માત્ર વજન વધારે હોવું, હાઈ બ્લડ પ્રેશર કે હૃદય રોગને સ્વયં ઉત્પન્ન થયેલો રોગ સાબિત કરતું નથી. કોર્ટે એમ પણ કહ્યું કે AFTએ મેડિકલ પુરાવા વિના વજન અને જીવનશૈલીના આધારે તારણો કાઢ્યા. કોર્ટે હૃદય રોગને લઈને મેડિકલ બોર્ડની દલીલોને પણ નબળી ગણાવી અને કહ્યું કે બીમારીને માત્ર છેલ્લા 14 દિવસની ડ્યુટી સાથે જોડવી તર્કસંગત નથી.

અરજદાર નિવૃત્ત અધિકારીએ ભારતીય વાયુસેનામાં 40 વર્ષથી વધુ સેવા આપી હતી. જોડાતી વખતે તેઓ મેડિકલ રીતે ફિટ હતા. 1999માં તેમને હાઈપરટેન્શન થયું અને 2016માં ગંભીર કોરોનરી આર્ટરી ડિસીઝને કારણે ઓપન-હાર્ટ સર્જરી કરાવવી પડી. તેમની દિવ્યાંગતા 50% આંકવામાં આવી હતી, તેમ છતાં તેમને પેન્શનથી વંચિત રાખવામાં આવ્યા. હાઈકોર્ટે અરજી મંજૂર કરતા 50% આજીવન દિવ્યાંગ પેન્શન આપવાનો નિર્દેશ આપ્યો. કોર્ટે નિવૃત્તિની તારીખથી બાકી ચૂકવણી 8 અઠવાડિયાની અંદર જારી કરવા જણાવ્યું છે. વિલંબ થવા પર 12% વાર્ષિક વ્યાજ ચૂકવવું પડશે.

# શંકરાચાર્ય કેસમાં દાવો- બાળકોનું યૌનશોષણ થયું જ છે: મેડિકલ રિપોર્ટમાં સાબીત થયું, હવે કાલે કોર્ટમાં સુનાવણી

**નવી દિલ્હી, તા.26**



શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સામેના યૌનશોષણના કેસમાં બાળકોનો મેડિકલ રિપોર્ટ આવી ગયો છે. પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર, સગીર બાળકો સાથે ખરાબ કૃત્ય થયાની પુષ્ટિ થઈ છે. બુધવારે પોલીસે તેજ બહાદુર સપ્રુ (બેઈલી હોસ્પિટલ) ખાતે બાળકોની મેડિકલ તપાસ કરાવી હતી.

બે ડોક્ટરની પેનલે તપાસ અને એક્સ-રે કર્યા હતા. ગુરુવારે તપાસ અધિકારીને રિપોર્ટ સુપરત કરવામાં આવ્યો હતો. હવે એને શુક્રવારે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

આ દરમિયાન એક પીડિત બાળક પહેલીવાર મીડિયા સામે આવ્યું. જાણીતા મીડિયા સાથેના એક ઈન્ટરવ્યૂમાં તેણે દાવો કર્યો- જ્યારે હું ત્યાં ભણવા માટે ગયો હતો ત્યારે મારું શોષણ થયું હતું. અમારી સાથે બીજાં બાળકો પણ હતાં અને તેમનું પણ શોષણ થયું છે. કોણે તેમનું શોષણ કર્યું? આ બાબતે પીડિતે જવાબ આપ્યો, 'અવિમુક્તેશ્વરાનંદ, તેમના શિષ્ય મુકુન્દાનંદ. શું તમે માઘ મેળા વિશે વાત કરો છો?' તેણે જવાબ આપ્યો, 'હા, 16 જાન્યુઆરીએ ત્યાં પણ મારું શોષણ થયું હતું. શંકરાચાર્યના શિષ્યો પ્રકાશ અને અરવિંદ બહારથી બાળકોને લાવે છે. પછી તેમનું યૌનશોષણ કરવામાં આવે છે.' શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદના વકીલ શ્રીનાથ ત્રિપાઠીને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. બુધવારે મોડીરાત્રે 2:30 વાગ્યે ત્રિપાઠીને તેમના મોબાઈલ ફોન પર ધમકીભર્યો મેસેજ મળ્યો. મેસેજમાં લખ્યું હતું કે 'બનારસ કોર્ટની સાથે તને પણ બોમ્બથી ઉડાવી દઈશું.' શ્રીનાથ ત્રિપાઠી શંકરાચાર્ય સામે POCSO એક્ટ કેસ સંભાળી રહ્યા છે. શ્રીનાથ ત્રિપાઠીએ પોતે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર SMSનો સ્ક્રીનશોટ શેર કર્યો છે. ધમકી મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરવામાં આવી છે. મોકલનારની ઓળખ કરવામાં આવી રહી છે. છેલ્લા 14 દિવસમાં આ ચોથી વખત છે જ્યારે વારાણસી કોર્ટને ઉડાવી દેવાની ધમકી મળી છે. મંગળવારે પણ આ પહેલાં ધમકીભર્યો ઈમેલ આવ્યો હતો.

આ દરમિયાન, પ્રયાગરાજ પોલીસ છેલ્લા ચાર દિવસથી વારાણસીમાં કેમ્પિંગ કરી રહી છે. તેઓ તેમની પૂછપરછ કરી શકે છે, પરંતુ હજુ સુધી આશ્રમ પહોંચ્યા નથી. એવું માનવામાં આવે છે કે પોલીસ સંપૂર્ણ તૈયારી અને હોમવર્ક પછી જ શંકરાચાર્ય અથવા તેમના શિષ્યોની પૂછપરછ કરશે.



# અમદાવાદમાં શાહરુખ બાદ ફખરુદ્દીનના પેટમાંથી સોનું નીકળ્યું: સિવિલમાં તબીબોએ ટોઈલેટ કરાવતાં 37 ગ્રામ વજનની ગોલ્ડની 3 કેપ્સ્યૂલ નીકળી...





**અમદાવાદ, તા.26**

અમદાવાદ એરપોર્ટ પરથી અવરજવર કરી રહેલા વધુ એક પેસેન્જરના પેટમાં છુપાવેલું સોનું મળ્યું છે. અબુધાબીથી અમદાવાદ એર અરેબિયાની ફ્લાઈટમાં આવેલા યુપીના એક મુસાફરની પૂછપરછ અને તલાશી લેતાં તેણે પોતાના પેટમાં સોનાની કેપ્સ્યૂલ છુપાવી હોવાની કબૂલાત કરી હતી. ત્યાર બાદ કોર્ટના આદેશથી સિવિલ મોકલાયો હતો. જ્યાં મળમાંથી 5 લાખની કિંમતની 37 ગ્રામની ગોલ્ડની ત્રણ કેપ્સૂલ મળી હતી.

મહત્ત્વનું છે કે અમદાવાદ એરપોર્ટ પર એક જ મોડસઓપરેન્ડીથી શરીરમાં સોનું છુપાવી લાવવાની અઠવાડિયામાં આ બીજી ઘટના છે. આ પહેલાં 19 ફેબ્રુઆરીએ એક પેસેન્જરના પેટમાંથી 21 લાખ રૂપિયાનું સોનું મળ્યું હતું. આ અગાઉ યુગાન્ડાની મહિલાના શરીરમાં છુપાવેલી હેરોઈન ભરેલી 79 કેપ્સ્યૂલ કબજે કરાઈ હતી. આ કેસમાં તાજેતરમાં જ કોર્ટ દ્વારા મહિલા આરોપીને વીસ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ત્યાં વળી આવા બીજા બે કેસ કસ્ટમ વિભાગના અધિકારીઓએ પકડી પાડયા છે.

અમદાવાદ કસ્ટમ્સના AIU અધિકારીઓએ પ્રોફાઈલિંગના આધારે ભારતીય પાસપોર્ટ ધરાવતા ફખરુદ્દીન નામના એક પુરુષ પેસેન્જરને 19.02.2026 ના રોજ એર અરેબિયા ફ્લાઈટમાં અબુ ધાબીથી અમદાવાદ આવી રહેલા પેસેન્જરને અટકાવ્યો હતો. તેની પૂછપરછમાં પેસેન્જરે કબૂલ્યું છે કે તેણે ગળીને તેના શરીરમાં ધાતુ/નિષેધાત્મક વસ્તુઓ છુપાવી હતી. ત્યાર બાદ 19 ફેબ્રુઆરીના રોજ અમદાવાદના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ, મુસાફરને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જેથી તેના શરીરમાં છુપાયેલા પદાર્થો શોધી શકાય.

હોસ્પિટલમાં પેસેન્જર દ્વારા મળ પસાર કરતી વખતે સિવિલ હોસ્પિટલ, અમદાવાદના ડૉક્ટરને પેક્સમાં 3 ત્રણ આકાર વગરના સોનાના બાર છુપાવેલા જોવા મળ્યા હતા. સિવિલ હોસ્પિટલ, અમદાવાદે ગઈકાલ 24મી ફેબ્રુઆરીના રોજ મેડિકલ રિપોર્ટ દ્વારા ઉપરોક્ત છુપાવેલા માલની માહિતી આપી અને પેસેન્જરને ડિસ્ચાર્જ કર્યો હતો.

ત્યાર બાદ કસ્ટમ્સ અધિકારીઓએ આ સોનાના બાર અંગે સરકારી મૂલ્યાંકનર પાસે મૂલ્ય કઢાવ્યું હતું, જેમાં સરકારી મૂલ્યાંકનકારે ઉપરોક્ત છુપાયેલા માલનું મૂલ્યાંકન કરીને ગઈકાલે 24મી ફેબ્રુઆરીના રોજ પ્રમાણપત્ર રજૂ કર્યું હતું, જેમાં પ્રમાણિત કરવામાં આવ્યું હતું કે ત્રણ આકાર વગરના સોનાના બાર 37.180 ગ્રામ વજનનું સોનું છે, જે શુદ્ધતા 821.0/ 19.71 કેરેટનું છે, જેની બજાર કિંમત રૂ. 5,01,827 અને ટેરિફ મૂલ્ય રૂ. 4,55,569 થાય છે, તેથી કસ્ટમ્સ એક્ટ- 1962ની જોગવાઈઓ હેઠળ એને જપ્ત કરવામાં આવ્યું હતું અને તેની સામે કસ્ટમ્સને જાહેર કર્યા વિના શરીરમાં છુપાવીને ભારતમાં દાણચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવા અંગેનો કેસ કરીને વધુ તપાસ ચલાવી રહી છે.

આ અગાઉ અબુધાબીથી અમદાવાદ આવેલા શાહરુખ નામના પેસેન્જર પાસેથી પણ 21 લાખથી વધુ કિંમતની ત્રણ સોનાની કેપ્સ્યૂલ ઉપરાંત ગોળાકાર કેપ્સ્યૂલ ફેરસ ધાતુનું બનેલી હોવાનું જાણવા મળ્યું હતું. એ પણ આ જ રીતે શરીરમાં છુપાવીને લાવ્યો હતો. તેને પણ સિવિલ હોસ્પિટલમાં જ દાખલ કરીને પેક્સ દ્વારા મળ પસાર કરાવીને માલમત્તા કબજે કરી હતી.

# ફૂલે દંપતીને ભારત રત્ન આપવા માળી સમાજની માંગ: ખેડા કલેક્ટરને આવેદનપત્ર સુપરત, યોગદાનને બિરદાવવા રજૂઆત

**નડિયાદ, તા.26**

ખેડા જિલ્લા કલેક્ટરને માળી સમાજ દ્વારા મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેને મરણોત્તર ભારત રત્ન આપવાની માંગ સાથે આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું છે. આ દંપતીએ દેશના પછાત અને વંચિત વર્ગોના ઉત્થાન માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું.



સમસ્ત માળી સમાજના અધ્યક્ષ ભાવિકભાઈ માળીએ જણાવ્યું હતું કે, ફૂલે દંપતીનું વ્યક્તિત્વ એવું રહ્યું છે કે જેમણે પોતાનું સમગ્ર જીવન પછાત, દબાયેલા અને કચડાયેલા વર્ગને યોગ્ય સ્થાન અને ન્યાય અપાવવા માટે સમર્પિત કર્યું. બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરે પણ જ્યોતિરાવ ફૂલેને પોતાના ગુરુ માન્યા હતા.

શિક્ષણ ક્ષેત્રે તેમના યોગદાનનો ઉલ્લેખ કરતા આવેદનપત્રમાં જણાવાયું છે કે, સાવિત્રીબાઈ ફૂલેએ મહિલાઓને શિક્ષિત કરવા માટે પ્રથમ મહિલા શાળા ખોલી હતી અને બાદમાં મહિલાઓ માટે અન્ય ૧૭ શાળાઓ શરૂ કરી. તેઓ માત્ર શિક્ષિકા જ નહીં, પરંતુ એક કવિયત્રી પણ હતા અને તેમણે 'કાવ્ય ફૂલે' નામનો પ્રથમ કાવ્યસંગ્રહ પણ પ્રકાશિત કર્યો હતો.

સમાજ સુધારણાના કાર્યોમાં આ દંપતીએ સંયુક્ત રીતે બાળ હત્યા નિષેધ ગૃહ, ખેત મજૂરો માટે રાત્રી શાળા અને મહિલા અનાથ આશ્રમ જેવી અનેક સંસ્થાઓ સ્થાપી હતી. મહિલાઓને આત્મનિર્ભર બનાવવા અને તેમને સમાજની મુખ્ય ધારામાં લાવવા માટે ફૂલે દંપતીએ કરેલા સંઘર્ષને કારણે જ સાવિત્રીબાઈ ફૂલે અખંડ ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા તરીકે ઓળખાય છે.

માળી સમાજના અગ્રણીઓએ રજૂઆત કરી છે કે પછાત વર્ગના લોકો માટે ફૂલે દંપતીએ કરેલા કાર્યો ક્યારેય ભૂલી શકાય તેમ નથી. હાલમાં સમગ્ર ગુજરાત રાજ્યના દરેક જિલ્લા મથકો પર માળી સમાજ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી આ માંગણી દોહરાવવામાં આવી રહી છે. સમગ્ર દેશમાં જ્યારે આ માંગ બુલંદ બની રહી છે, ત્યારે ગુજરાતનો માળી સમાજ પણ તેને સંપૂર્ણ ટેકો જાહેર કરે છે.

આવેદનપત્રમાં એવી લાગણી વ્યક્ત કરવામાં આવી છે કે ભારત સરકાર દ્વારા ફૂલે દંપતીને ભારત રત્ન આપવાનો નિર્ણય લેવાશે, ત્યારે જ દેશના અતિ પછાત અને દબાયેલા વર્ગને સાચા અર્થમાં ન્યાય મળ્યો ગણાશે. જિલ્લા તંત્રને આ લોકમાંગ સરકાર સુધી પહોંચાડવા વિનંતી કરવામાં આવી છે.

# પોલીસ ભરતી, ફિઝિકલમાં PSI કેડરના 1.10 લાખ ઉમેદવારો ક્વોલિફાય: LRDની ફિઝિકલ 13 માર્ચ સુધી ચાલશે....

**અમદાવાદ, તા.26**

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા જાહેર કરાયા મુજબ પી.એસ.આઈ. કેડર અને લોકરક્ષક કેડરના વર્ગમાં રાજ્યભરમાં મોટી સંખ્યામાં ઉમેદવારો શારીરિક કસોટીમાં જોડાયા છે. PSI કેડર માટેની ફિઝિકલ ટેસ્ટ પૂર્ણ થતા 1.10 લાખ ઉમેદવારોનું ક્વોલિફાય લિસ્ટ જાહેર કરાયું છે. જ્યારે LRD કેડરની ફિઝિકલ ટેસ્ટ 13 માર્ચ સુધી ચાલવાની હોય ત્યારબાદ ક્વોલિફાય લીસ્ટ આવશે. PSI કેડરના ક્વોલિફાય થયેલા ઉમેદવારોની લેખિત પરીક્ષા સંભવિત 19 એપ્રિલે યોજાઈ શકે છે. કસોટી પૂર્ણ થયા બાદ પી.એસ.આઈ. તેમજ લોકરક્ષક બંને માટે નોંધાયેલા કુલ 3,93,558 ઉમેદવારોની શારીરિક કસોટી હાથ ધરવામાં આવી હતી. તેમાંમાંથી 1,10,665 ઉમેદવારો શારીરિક પરીક્ષા પાસ કરવામાં સફળ રહ્યા છે. પાસ થયેલા ઉમેદવારોમાં 74,591 પુરુષ અને 36,074 મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે. ભરતી બોર્ડ દ્વારા આજે જ પરિણામ સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે. હવે શારીરિક કસોટીમાં ઉત્તિર્ણ થયેલા ઉમેદવારો માટે લેખિત પરીક્ષા આવનાર તા. 19 એપ્રિલ, 2026ના રોજ યોજાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.ગુજરાત પોલીસ ભરતી પ્રક્રિયામાં આ વખતે ભવ્ય પ્રતિસાદ જોવા મળ્યો છે, જેના કારણે સ્પર્ધા વધુ કઠિન બનવાની શક્યતા છે. ઉમેદવારો હવે લેખિત પરીક્ષા માટે તૈયારીમાં લાગી ગયા છે.



ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI)ની ભરતી પ્રક્રિયા અંતર્ગત મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. જાહેરનામું ક્રમાંક GPRB/202324/1 હેઠળ કુલ 472 જગ્યાઓ માટે ચાલી રહેલી ભરતી પ્રક્રિયામાં પ્રથમ તબક્કામાં 4.60 લાખથી વધુ ઉમેદવારોએ શારીરિક કસોટી આપી હતી. તેમાં સફળ થયેલા એક લાખથી વધુ ઉમેદવારોની લેખિત પરીક્ષા 13 એપ્રિલ 2025ના રોજ લેવામાં આવી હતી.

વર્ષોની સખત મહેનત, ગ્રાઉન્ડ પર પરસેવો પાડ્યો અને જ્યારે ખાખી પહેરવાના સપનાંની નજીક પહોંચ્યાં એટલે કે ઉમેદવારો ફિઝિકલ પરીક્ષા માટે ગયા ત્યારે કેટલાક ઉમેદવારોને હાઈટના કારણે બહારનો રસ્તો બતાવી દેવાયો. આવી ઘટના કદાચ જો કોઈ ઉમેદવાર પહેલીવાર ફિઝિકલ પરીક્ષા આપતો હોય અને તેની સાથે બને તો એક સમયે માની શકાય પણ ટેક્નોલોજી અને સઘન વ્યવસ્થા વચ્ચે લેવામાં આવેલી પોલીસ ભરતીની પરીક્ષામાં ઊંચાઈના માપદંડો અંગે મોટો વિવાદ છેડાયો છે.જેથી મામલો ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે.

આવા કિસ્સાઓ સામે આવ્યા બાદ દિવ્ય ભાસ્કરે હાઈટમાં ફેલ થયેલા ઉમેદવારો સાથે વાતચીત કરીને ખરેખર પરીક્ષા દરમિયાન શું-શું બન્યું અને કયા કારણથી ફેલ કરવામાં આવ્યાં હોવાનું કહેવાયું હતું તે જાણ્યું હતું. સાથે જ આ મુદ્દે સરકારમાં રજૂઆત કરનારા પાટીદાર નેતા દિનેશ બાંભણિયા સાથે વાતચીત કરી હતી.

# સાણંદમાં માઈક્રોનનો મેગા સેમિકન્ડક્ટર પ્લાન્ટ AI ટેક્નોલોજીના ભવિષ્યને સશક્ત બનાવશે....

## 28 ફેબ્રુઆરીએ પીએમ નરેન્દ્ર મોદી કરશે ઉદ્ઘાટન, 5 હજાર લોકોને સીધી રોજગારી મળશે

**અમદાવાદ, તા.26**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભગીરથ પ્રયાસોથી ભારત હવે નેશનલ સેમિકન્ડક્ટર મિશન અંતર્ગત સેમિકન્ડક્ટર ચીપ ઉત્પાદન ક્ષેત્રમાં પણ ડંકો વગાડવા તૈયાર છે. આગામી 28 ફેબ્રુઆરી 2026ના રોજ ગુજરાતના સાણંદ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી માઈક્રોન ટેક્નોલોજીના અદ્યતન ATMP (એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. સાણંદમાં માઈક્રોન સેમિકન્ડક્ટર ટેક્નોલોજી ઈન્ડિયા પ્રા. લિમિટેડ દ્વારા 22,516 કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે અને ગુજરાતમાં માઈક્રોનની ATMP સુવિધાના શરૂ થવાથી, ભારતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે નવી ક્રાંતિનો શુભારંભ થશે.



સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાત સમગ્ર દેશમાં નેતૃત્વની ભૂમિકામાં છે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સઘન પ્રયાસોથી સાણંદમાં માઈક્રોનનો પ્લાન્ટ નિર્ધારિત સમયસીમામાં કાર્યરત થવા જઈ રહ્યો છે. આ પ્લાન્ટ એક ATMP (એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) સુવિધા છે જેમાં SSD (સોલિડ સ્ટેટ ડ્રાઈવ-હાર્ડ ડિસ્ક ડ્રાઈવ પ્રકારનું સ્ટોરેજ માટેનું આધુનિક ઉપકરણ) અને રેમ પ્રકારના DRAM અને NAND ઉત્પાદનો તૈયાર કરવામાં આવશે.

સાણંદ પ્લાન્ટમાં અત્યારે 2000 લોકોની ટીમ કાર્યરત છે, જેમાં આગામી સમયમાં 5 હજાર લોકોને સીધી રોજગારીની તકો ઉપલબ્ધ બનશે. માઈક્રોન ટીમ દ્વારા જણાવ્યા અનુસાર અહીં દિવ્યાંગ નાગરિકો પણ ઓપરેટર અને ટેક્નિશિયન તરીકે કામ કરે છે અને કૌશલ્યથી સજ્જ તમામ પ્રકારના નાગરિકો માટે નોકરીની તકો ઉપલબ્ધ છે.

માઈક્રોન ટેક્નોલોજીના પ્રમુખ અને સીઈઓ, સંજય મેહરોત્રાએ જણાવ્યું હતું કે આજની ટેકનોલોજીમાં, ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં, મેમરી અને સ્ટોરેજ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે જણાવ્યું કે મજબૂત મેમરી અને સ્ટોરેજ સપોર્ટ વિના AI પ્રણાલીઓ યોગ્ય રીતે કાર્ય કરી શકતી નથી. જેમ જેમ AI વધુ ઝડપી અને રિઅલ-ટાઈમ પ્રતિભાવો આપવાનું શરૂ કરે છે, તેમ તેને વધારે અને વધુ અદ્યતન મેમરીની જરૂરિયાત પડે છે.

ATMP પ્લાન્ટની કામગીરી વેફર ચીપ્સથી શરૂ થાય છે. સૌથી પહેલા આપણે એ સમજીએ કે ATMP સુવિધા સુધી પહોંચ્યા પહેલા આ ચીપ્સ કેવી રીતે બને છે. સેમિકન્ડક્ટર ચીપ બનાવવાની પ્રક્રિયા રેતીથી (Sand) શરૂ થાય છે. સૌથી પહેલા રેતીમાંથી પ્યૉર સિલિકોનને અલગ કરવામાં આવે છે. આ સિલિકોનને ઓગાળીને તેનું સિલિન્ડર બનાવવામાં આવે છે જેને ઈનગોટ કહેવામાં આવે છે.

આ સિલિન્ડરને કાપીને તેમાંથી બારીક પ્લેટ્સ બનાવવામાં આવે છે, જેને વેફર્સ કહેવાય છે. ત્યારબાદ ફેબ્રિકેશન પ્લાન્ટમાં આ વેફર્સ પર ઈલેક્ટ્રિક પેટર્ન પ્રિન્ટ કરવામાં આવે છે અને ઘણા આવરણો (લેયર્સ) તેના પર ચડાવવામાં આવે છે. આ આવરણોને ફોટોલિથોગ્રાફી દ્વારા યોગ્ય રીતે ગોઠવવાથી વેફર્સ પર ટ્રાન્ઝિસ્ટર્સ બને છે. તેના દ્વારા વેફર્સ પર મેમરી બને છે અને આ વેફર્સમાં મેમરી ચીપ ગોઠવાઈ જાય છે. ત્યારબાદ વેફર્સના નાના ચોરસ ટુકડા કરવામાં આવે છે જેને ચીપ કહેવાય છે.

આ ચીપ ત્યારબાદ ATMP પ્લાન્ટમાં પહોંચે છે. અહીં પહેલા તેની એસેમ્બલી કરવામાં આવે છે.ત્યારબાદ ટેસ્ટિંગના તબક્કામાં તેની સ્પીડ, મેમરી અને કામગીરીનું સંપૂર્ણ ટેસ્ટિંગ કરવામાં આવે છે. ત્યારબાદ તેનું વિગતવાર માર્કિંગ કરીને છેલ્લે પેકેજિંગ કરવામાં આવે છે, જેથી એ માર્કેટમાં પહોંચી શકે. સાણંદ પ્લાન્ટમાં સમગ્ર વિશ્વભરના માર્કેટને અનુરૂપ ઈન્ટિગ્રેટેડ સર્કિટ પેકેજ, મોડ્યુલ અને સોલિડ સ્ટેટ ડ્રાઈવ્સનું નિર્માણ કરવામાં આવશે. તેના માટે માઈક્રોનની વૈશ્વિક ફેક્ટરીઓમાં નિર્મિત અદ્યતન DRAM અને NAND વેફર્સ મેળવીને તેમને ફાઈનલ મેમરી ઉત્પાદનોમાં પરિવર્તિત કરવામાં આવશે. આ ઉત્પાદનો AI ક્ષેત્રમાં મેમરી અને સ્ટોરેજની વધી રહેલી માંગને પૂરી પાડવામાં મદદરૂપ બનશે.

# અમદાવાદનાં નગરદેવી ભદ્રકાળીની નગરયાત્રા નિજ મંદિરે પરત ફરી: શાંતિપૂર્ણ માહોલમાં યાત્રા પૂર્ણ, મોટી સંખ્યામાં ભક્તોએ દર્શન કર્યાં

**અમદાવાદ, તા.26**

અમદાવાદના સ્થાપના દિવસે શહેરનાં નગરદેવી માતા ભદ્રકાળીની ભવ્ય નગરયાત્રા નીકળી હતી. વર્ષ 2025માં 614 વર્ષ બાદ પ્રથમવાર શરૂ થયેલી આ નગરચર્યાની પરંપરા 2026માં જાળવી સતત બીજા વર્ષે નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદના મેયર અને અન્ય ઉચ્ચ પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.



યાત્રા પૂર્વે માતાજીની ચલિત મૂર્તિની સ્થાપના કરી વૈદિક મંત્રોચ્ચાર સાથે માતાજીને પાલખીમાં બિરાજમાન કરી રથ સુધી લાવવામાં આવ્યો હતો. એ બાદ શહેર પોલીસ દ્વારા માતાજીને ગાર્ડ ઓફ ઓનર આપી મેયર અને કોર્પોરેશનના સ્ટેંડિંગ ચેરમેન દ્વારા પહિંદ વિધિ કરી યાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

અમદાવાદના નગરદેવી મા ભદ્રકાળીની ભવ્ય નગરયાત્રા ત્રણ દરવાજા, ખાડિયા થઈને ખમાસા પહોંચી હતી, જ્યાં આયોજકો દ્વારા કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. માર્ગમાં 'અંજુમન-એ-ઈસ્લામ' સ્કૂલ આવતી હોવાથી 100 મીટર દૂરથી નગરયાત્રામાં વાગતાં સ્પીકર, ઢોલ અને નગારાં બંધ કરી દેવામાં આવ્યાં હતાં. બાળકોને પરીક્ષામાં કોઈપણ પ્રકારની સમસ્યા ન થાય એ માટે આ નગરયાત્રા અત્યંત શાંતિપ્રિય માહોલમાં પસાર કરવામાં આવી હતી.

ખમાસાથી થઈને નગરયાત્રા આગળ વધી AMCની મુખ્ય ઓફિસે પહોંચી હતી, જ્યાં મેયર પ્રતિભા જૈન, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિતના પદાધિકારીઓ દ્વારા માતાજીના રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કોર્પોરેશનના અધિકારીઓ અને કર્મચારીઓએ પણ માતાજીનાં દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. મોટી સંખ્યામાં મહિલાઓ આરતીની થાળી સાથે માતાજીનાં દર્શન અને પૂજન માટે ઊમટી પડી હતી.

જોકે કોર્પોરેશનની ઓફિસ પહોંચતા સમયે અન્ય વાહનચાલકોને BRTSના કોરિડોરમાંથી જવા માટે જગ્યા આપવામાં આવી હતી, સાથે ચુસ્ત બંદોબસ્ત હોવા છતાં ચાર રસ્તા પાસે વાહનોની ભારે ભીડ અને ટ્રાફિક સર્જાયો હતો. જ્યારે ખાડિયા બાલા હનુમાન પાસે ધોરણ 10ની પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓએ માર્ગમાં નગરદેવી ભદ્રકાળીનાં દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. એ બાદ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા પરીક્ષા કેન્દ્ર તરફ આગળ વધ્યા હતા.

યાત્રામાં આ વર્ષે બે નવા વિસ્તાર એડ કરવામાં આવ્યા હતા, જેના પગલે યાત્રાનો રૂટ બે કિમી લાંબો થયો હતો, જેમાં વિવિધ અખાડા અને અનેક ગાડીઓ સાથે વાજતે-ગાજતે જમાલપુર મંદિરે પહોંચી હતી, જ્યાં મંદિરના મહંત દ્વારા નગરદેવીનું સ્વાગત કરવામાં આવ્યુ હતું, સાથે બાળકોએ પિરામિડ બનાવીને આકર્ષક કરતબો રજૂ કર્યાં હતાં.

યાત્રામાં કરતબબાજોએ કાચના ટુકડા પર સૂઈને વિવિધ કરતબ કરી બતાવ્યા હતા. કેટલાક કરતબબાજો ખીલ્લીઓ પર ઊભા રહીને પોતાની સાહસિક કળાનું પ્રદર્શન કર્યું હતું. રથયાત્રાના રૂટ પર ભક્તો અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા છાશ વિતરણની સેવા પૂરી પાડવામાં આવી હતી.

ઈતિહાસમાં પ્રથમ વખત નગરદેવી ભદ્રકાળીની યાત્રા ખાડિયા વિસ્તારમાંથી પસાર થઈ હતી. માતાજીના આગમનને પગલે સમગ્ર ખાડિયા વિસ્તારમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. સ્થાનિક લોકો હાથમાં ફૂલ અને કંકુ લઈને નગરયાત્રાને વધાવવા માટે ઊમટી પડ્યા હતા. ખાડિયામાં માતાજીનો રથ પહોંચતાં જ ભક્તોની વિશાળ મેદની એકઠી થઈ હતી.

અમદાવાદની નગરદેવી મા ભદ્રકાળીની ભવ્ય નગરયાત્રા શહેરના ઐતિહાસિક વિસ્તાર માણેકચોક ખાતે પહોંચી હતી, જ્યાં યાત્રાનું પ્રસ્થાન શાસ્ત્રોક્ત અને વૈદિક મંત્રોચ્ચાર સાથે માતાજીના રથની પૂજા-અર્ચના કરીને કરવામાં આવ્યું હતું. નગરચર્યા દરમિયાન બાબા માણેકનાથજીની સમાધિ સ્થળે પણ વિશેષ પૂજા કરવામાં આવી હતી.

નગરચર્યા કર્યા બાદ બપોરના સમયે નગરદેવી ભદ્રકાળી મા નીજ મંદિર પરત ફર્યા હતા. જ્યારે આજે સાંથે ગમન સાંથલ અને જિજ્ઞેશ કવિરાજના ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોકડાયરામાં 10થી 12 હજાર લોકો જામી શકે એટલો ભંડારો યોજવામાં આવ્યો છે.

# કંકાપુરા એનએસએસ કેમ્પમાં પ્રાકૃતિક ખેતીની તાલીમ: શેઠ મ. છ. કૃષિ પોલિટેકનિકના વિદ્યાર્થીઓએ પાંચ આયામો શીખ્યા...

**આણંદ, તા.26**

બોરસદ તાલુકાના કંકાપુરા ગામમાં આણંદ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન શેઠ મ. છ. કૃષિ પોલિટેકનિકના વિદ્યાર્થીઓ દ્વારા એન.એસ.એસ. કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ અંતર્ગત પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ અને પ્રાયોગિક અભ્યાસ કાર્યક્રમ યોજાયો હતો. કેમ્પ દરમિયાન વિદ્યાર્થીઓએ કંકાપુરા ખાતે આવેલ પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી હતી. અહીં તેમણે ખેતીની આધુનિક અને પર્યાવરણમિત્ર પદ્ધતિઓ અંગે વિગતવાર માહિતી મેળવી. ફાર્મના સંચાલકે પ્રાકૃતિક ખેતીના પાંચ મુખ્ય આયામો – બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, આછાદન (મલ્ચિંગ) અને વાપસા – વિશે પ્રત્યક્ષ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



વિદ્યાર્થીઓને દરેક પદ્ધતિ કેવી રીતે તૈયાર કરવી, તેમાં કયા સ્થાનિક અને ગૌઆધારિત ઘટકોનો ઉપયોગ કરવો તથા તેનો પાક પર શું પ્રભાવ પડે છે તેની વિસ્તૃત સમજ આપવામાં આવી. ખાસ કરીને રાસાયણિક ખાતર અને જંતુનાશકોના વિકલ્પ રૂપે પ્રાકૃતિક ઉપાયો જમીનની ઉર્વરતા વધારવામાં અને ઉત્પાદન ખર્ચ ઘટાડવામાં કેવી રીતે મદદરૂપ થાય છે તે અંગે પ્રયોગાત્મક ઉદાહરણો રજૂ કરાયા. વિદ્યાર્થીઓએ ફાર્મ પર તૈયાર થતું જીવામૃત અને બીજામૃત બનાવવાની પ્રક્રિયા નજીકથી નિહાળી અને જાતે તૈયાર કરવાની પદ્ધતિ શીખી. આ ઉપરાંત, મલ્ચિંગ દ્વારા જમીનમાં ભેજ જાળવવાની રીત અને વાપસા પદ્ધતિથી છોડને યોગ્ય પોષણ કેવી રીતે મળે છે તે બાબતે પણ સમજ મેળવી હતી. આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે રસ અને જાગૃતિમાં વધારો થયો. એન.એસ.એસ. કેમ્પનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારોમાં ટકાઉ કૃષિ પદ્ધતિઓનો પ્રચાર-પ્રસાર કરવાનો હતો, જેમાં વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લઈને અભ્યાસને પ્રયોગ સાથે જોડવાનો અનોખો અનુભવ મેળવ્યો.

# MD ડ્રગ્સ સાથે ઝડપાયેલા આરોપીને 8 વર્ષની સજા: 2023માં રામોલ ડી માર્ટ પાસેથી 40 ગ્રામ ડ્રગ્સ સાથે ઝડપાયો હતો....

**અમદાવાદ, તા.26**

માર્ચ, 2023માં નાગોરના રહેવાસી જાવેદ અન્સારી સામે અમદાવાદના DCB પોલીસ મથકે NDPS એક્ટ અંતર્ગત ગુન્હો નોંધાયો હતો. જેનો કેસ અમદાવાદ સીટી સેશન્સ કોર્ટ ખાતે આવલી NDPS ની વિશેષ અદાલતમાં ચાલી જતા જજ વી. બી.રાજપૂતે સરકારી વકીલ દિલીપસિંહ.એમ.ઠાકોરની દલીલો, સાક્ષીઓ અને પુરાવાને ધ્યાને લઈને આરોપીને 8 વર્ષ કેદની સજા ફટકારી છે.



આ કેસમાં SOG ક્રાઈમને બાતમી મળી હતી કે નાગોરનો રહેવાસી આરોપી પોતાની સાથે વગર પાસ પરમીટનો ડ્રગ્સનો જથ્થો લઈને આવી રહ્યો છે. પોલીસે બાતમીના આધારે રામોલના ડી માર્ટ પાસેથી આરોપીને ઝડપી પાડ્યો હતો. જેના ખિસ્સામાંથી 40 ગ્રામ જેટલું MD ડ્રગ્સ મળી આવ્યું હતું.

આ ડ્રગ્સ તે અન્ય એક સહ આરોપી પાસેથી વેચાણ અર્થે નાગોરથી લાવ્યો હતો. જો કે તે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. આ ડ્રગ્સની બજાર કિંમત 4 લાખ રૂપિયા થવા જાય છે. કોર્ટે આરોપીને 8 વર્ષની કેદ ઉપરાંત 1 લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૮

### વાયુ શક્તિ-2026માં હવાઈ શક્તિનું ભવ્ય પ્રદર્શન

# કેનેડામાં ગ્રૂમિંગ ગેંગના નિશાન પર પંજાબી છોકરીઓ

## લાલચ-ડર બતાવીને સાથે સૂવા મજબૂર કરે છે, યુવકોની સાથે રેસ્ટોરાં મેનેજર-લેન્ડલોર્ડ પણ સામેલ

**જલંધર, તા.26**

કેનેડામાં પંજાબી છોકરીઓ ગ્રૂમિંગ ગેંગના નિશાન પર છે. આ ગેંગ સ્ટડી વિઝા પર આવેલી યુવતીઓને અનેક પ્રકારની લાલચ આપીને ફસાવે છે. પછી તેમને સાથે સૂવા માટે મજબૂર કરે છે. આ માટે યુવકોએ બકાયદા વોટ્સએપ ગ્રુપ પણ બનાવ્યા છે. આવો જ એક યુવક આ ગ્રુપમાંથી બહાર નીકળ્યો ત્યારે તેણે તેની આખી કહાણી કહી દીધી. કેનેડામાં ધ કૌર મૂવમેન્ટના સ્થાપક ગુરપ્રીત કૌરે કેનેડાના એક રેડિયો ચેનલ પર આનો ખુલાસો કર્યો. ગુરપ્રીતે કહ્યું કે, આમાં માત્ર યુવકો જ નહીં પરંતુ ઘરના માલિકો એટલે કે લેન્ડલોર્ડ, રેસ્ટોરાંના માલિકો કે મેનેજર ઉપરાંત કંપનીના લોકો પણ સામેલ છે. તેઓ ક્યારેક ફી ચૂકવવા-ભાડું માફ કરવાની લાલચ આપે છે તો ક્યારેક નોકરી આપવાની, જેના ચક્કરમાં યુવતીઓ ફસાઈ જાય છે. એટલું જ નહીં, તેમના બિલ ભરવાની લાલચ પણ આપવામાં આવે છે. જો કોઈ ન માને તો તેને ઘર કે દેશમાંથી કાઢી મૂકવાનો ડર પણ બતાવવામાં આવે છે. 150 છોકરાઓના ગ્રૂમિંગ ગ્રુપની કોલેજોમાં જાળ ધ કૌર મૂવમેન્ટના સ્થાપક ગુરપ્રીત કૌર જણાવે છે કે સરે અને ટોરોન્ટો જેવા શહેરોમાં વોટ્સએપ પર આવા વોટ્સએપ ગ્રુપ ચાલી રહ્યા છે જેમાં લગભગ 150 છોકરાઓ સામેલ છે. આ ગ્રુપ્સનો એજન્ડા એવી પંજાબી છોકરીઓને નિશાન બનાવવાનો છે જેઓ આર્થિક રીતે નબળી છે અથવા વિદેશમાં એકલી



રહી રહી છે. આ છોકરાઓ અવારનવાર કોલેજોમાં મિત્ર બનીને છોકરીઓની નજીક આવે છે અને તેમની પર્સનલ જાણકારી એકઠી કરે છે.

આ પછી તેઓ તે માહિતીને પોતાના ગ્રુપમાં શેર કરે છે. તેમના માટે છોકરીઓનું શોષણ એક રમત બની ગયું છે. ગુરપ્રીત કૌરે જણાવ્યું કે છોકરાઓનો હેતુ એવી છોકરીઓને નિશાન બનાવવાનો છે જેઓ એકલી આવી છે. તેમને કોઈ ફરક પડતો નથી, તેઓ ફક્ત તમારી સાથે સૂવા માંગે છે. તેમનો મુખ્ય હેતુ એ જ હોય છે કે તેઓ તમારી સાથે સૂવે અથવા તો આ એક એવી રમત બનાવેલી છે કે ચાલો જોઈએ કે આપણે શું કરી શકીએ છીએ. રૂમનું ભાડું ભરવા અથવા રોકડ આપવાની લાલચ આપવામાં આવે છે ગુરપ્રીત કૌર કહે છે કે પંજાબીની સાથે અન્ય દેશોની છોકરીઓનું શારીરિક શોષણ ફસાવીને કરવામાં આવે છે. છોકરીઓની મજબૂરીનો ફાયદો ઉઠાવીને તેમને આ લાલચ આપવામાં આવે છે કે જો તેઓ શારીરિક સંબંધો બાંધશે તો તેમનું રૂમનું ભાડું ભરી દેવામાં આવશે અથવા રોકડ પૈસા આપી દેવામાં આવશે. રેસ્ટોરાં પર પણ આ ખૂબ સામાન્ય છે. મેનેજરો છોકરીઓને કલાકો આપવાનું અથવા બમણા પૈસા આપવાનું વચન આપે છે, શરત એ કે છોકરીઓ તેમની સાથે સૂવે. એટલું જ નહીં, પરિણીત મકાનમાલિકો પણ કોલેજની વિદ્યાર્થીનીઓનો ફાયદો ઉઠાવે છે.

બદનામીના ડરથી છોકરીઓ અવાજ નથી ઉઠાવી રહી ગુરપ્રીત કૌર જણાવે છે કે આ આખી સમસ્યાનું મૂળ ભારતીય લોકોની વિચારસરણી અને 'લોકો શું કહેશે' તેવો ડર છે. ગુરપ્રીત જણાવે છે કે 12 ટકા યૌન શોષણના કિસ્સા પરિવારની અંદરથી આવી રહ્યા છે. કેનેડાના પરિવારોમાં પણ ખરાબ હાલત છે. કેનેડાની છોકરીઓ તો સામે આવી જાય છે, પરંતુ ભારતીય છોકરીઓ બદનામીના ડરથી ચૂપ રહી જાય છે.

### અજિત પવાર પ્લેન ક્રેશ મામલો

# DGCAની મોટી કાર્યવાહી, VSRના 4 વિમાનોને તાત્કાલિક ગ્રાઉન્ડ કરાયા

**મુંબઈ, તા.26**

અજિત પવાર પ્લેન ક્રેશ મામલે ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશને મોટી કાર્યવાહી કરી છે.

DGCAએ વિશેષ સુરક્ષા ઓડિટ રિપોર્ટના આધારે VSR વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડના ચાર વિમાનોને તાત્કાલિક ગ્રાઉન્ડિંગ કરવાનો આદેશ આપ્યો છે. આ વિમાનો મુખ્યત્વે લિયરજેટ મોડેલના છે, જેના રજિસ્ટ્રેશન નંબર VT-VRA, VT-VRS, VT-VRV અને VT-TRI છે. ઓડિટમાં ઉડાન યોગ્યતા, ઉડાન સંચાલન અને સુરક્ષા પ્રક્રિયાઓમાં અનેક ગંભીર ઉલ્લંઘનો સામે આવ્યા છે, જેના કારણે કંપનીની જાળવણી પ્રક્રિયાઓમાં ખામી સામે આવી છે. આ નિર્ણય બારામતીમાં 28 જાન્યુઆરીના રોજ સર્જાયેલી ઘાતક વિમાન દુર્ઘટના બાદ લેવામાં આવ્યો છે, જેમાં VSR વેન્ચર્સના લિયરજેટ 45 વિમાન (VT-SSK)ના ક્રેશ થવાથી મહારાષ્ટ્રના પૂર્વ ડેપ્યુટી સીએમ અજિત પવાર સહિત 5 લોકોના મોત થઈ ગયા હતા. આ દુર્ઘટના બારામતી એરપોર્ટ પર બીજા લેન્ડિંગ પ્રયાસ દરમિયાન ખરાબ દૃશ્યતાને કારણે સર્જાઈ હતી. આ દુર્ઘટનાએ ઉડ્ડયન ક્ષેત્રમાં સુરક્ષા ચિંતા વધારી દીધી છે, કારણ કે છેલ્લા કેટલાક વર્ષોમાં VSR કંપની સાથે જોડાયેલો આ ત્રીજી મોટી દુર્ઘટના હતી. બારામતી દુર્ઘટના બાદ તરત જ એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોએ તપાસ હાથ ધરી હતી, જ્યારે DGCAએ કંપનીની સમગ્ર સુરક્ષા વ્યવસ્થાની સંપૂર્ણ તપાસ માટે એક ટીમ બનાવી હતી. હવે કાર્યવાહી કરતા DGCAએ સ્પષ્ટ કર્યું છે કે, જ્યાં સુધી સતત ઉડાન યોગ્યતા ધોરણો સંપૂર્ણપણે પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી આ VSR વિમાનો ઉડાન નહીં ભરી શકશે. કંપનીને ખામી રિપોર્ટિંગ ફોર્મ જારી કર્યા છે, જેમાં રુટ કોઝ એનાલિસિસ જમા કરવા માટે કહ્યું છે. આ કાર્યવાહી ઉડ્ડયન સુરક્ષાને મજબૂત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

### પ્રયાગરાજ પોલીસે કાશીમાં ડેરો જમાવ્યો

# માત્ર ડ્રેસ પહેરીને દેખાડો કરી જેઓ હિંદુ-હિંદુ બોલી રહ્યા છે તે જોખમ ઊભું કરે છે: સ્વામી

**પ્રયાગરાજ, તા.26**

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ વિરુદ્ધ બાળકોના યૌન શોષણના કેસમાં FIR નોંધાયા બાદ પ્રયાગરાજ પોલીસ છેલ્લા ત્રણ દિવસથી વારાણસીમાં પડાવ નાખી રહી છે. પોલીસ તેમની પૂછપરછ કરી શકે છે, જોકે હજુ સુધી આશ્રમ પહોંચી નથી. સૂત્રો અનુસાર, પ્રયાગરાજ પોલીસ હાલમાં શંકરાચાર્ય સાથે સંબંધિત પુરાવા એકઠા કરવામાં વ્યસ્ત છે. મામલો હાઈ-પ્રોફાઈલ હોવાને કારણે પોલીસ ખૂબ જ સાવચેતીપૂર્વક આગળ વધી રહી છે. એવું માનવામાં આવે છે કે સંપૂર્ણ તૈયારી અને હોમવર્ક કર્યા પછી જ પોલીસ શંકરાચાર્ય અથવા તેમના શિષ્યોની પૂછપરછ કરશે. બીજી તરફ, બુધવારે શંકરાચાર્યે ફરી એકવાર મીડિયા સાથે વાત કરી. તેમણે કહ્યું, "હિંદુત્વ ખતરામાં છે. જ્યારે ફક્ત ડ્રેસ પહેરીને લોકો પોતાને હિંદુ



કહેવા લાગશે અને વારંવાર હિંદુ-હિંદુ કહેશે, ત્યારે હિંદુને ખતરો થવો સ્વાભાવિક છે. હિંદુત્વને હિંદુઓ વચ્ચે ઘૂસી ગયેલા એવા લોકોથી ખતરો છે, જેઓ વાસ્તવમાં હિંદુ નથી, પરંતુ દેખાડા માટે પોતાને હિંદુ ગણાવે છે." તેમણે કહ્યું, "એક-દોઢ મહિનાથી કહેવામાં આવી રહ્યું છે કે વિદ્યાર્થીઓનું યૌન શોષણ થયું છે. જો આવું છે તો બાકીના લોકોને કેમ બચાવીને રાખવામાં આવ્યા છે? જો કોઈની સાથે અન્યાય થયો છે અને માત્ર બે લોકો દ્વારા કેસ દાખલ કરવામાં આવ્યો છે, તો તેનાથી ખબર પડે છે કે તેની પાછળ ષડયંત્ર છે. જ્યારે તેમને અનુકૂળ લાગશે, ત્યારે તેમને રજૂ કરવામાં આવશે." પ્રયાગરાજ માઘ મેળામાં 18 જાન્યુઆરીના રોજ મૌની અમાસના દિવસે શંકરાચાર્ય અને પ્રશાસન વચ્ચે વિવાદ થયો હતો. તેના 8 દિવસ પછી, 24 જાન્યુઆરીના રોજ, જગદ્ગુરુ રામભદ્રાચાર્યના શિષ્ય આશુતોષ મહારાજે પોલીસ કમિશનરને ફરિયાદ કરી.

### અમેરિકી ઉપરાષ્ટ્રપતિ બોલ્યા- ઈરાન આતંકવાદનો સૌથી મોટો ગઢ:

# ક્રૂર શાસનને પરમાણુ હથિયારો રાખવાની મંજૂરી આપી શકાય નહીં...

**વોશિંગ્ટન, તા.26**

મધ્ય પૂર્વમાં અમેરિકી યુદ્ધ જહાજો અને સૈનિકોની તૈનાતી વચ્ચે ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે ઈરાનને કડક સંદેશ આપ્યો છે. તેમણે કહ્યું કે અમેરિકાની કૂટનીતિને નબળાઈ ન સમજવી જોઈએ અને જરૂર પડી તો સૈન્ય વિકલ્પનો પણ ઉપયોગ થશે. વેન્સે કહ્યું કે સૈન્ય કાર્યવાહીની ધમકીઓને ગંભીરતાથી લેવી જોઈએ. ફોક્સ ન્યૂઝ સાથેની વાતચીતમાં વેન્સે કહ્યું- તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ કૂટનીતિક સમાધાન ઈચ્છે છે, પરંતુ તેમની પાસે અન્ય વિકલ્પો પણ ઉપલબ્ધ છે અને તેઓ તેનો ઉપયોગ કરવાની ઈચ્છા દર્શાવી ચૂક્યા છે. ટ્રમ્પે બુધવારે સંસદમાં પોતાના સંબોધન દરમિયાન આરોપ લગાવ્યો હતો કે ઈરાન અમેરિકા સુધી માર કરવામાં સક્ષમ મિસાઈલો વિકસાવી રહ્યું છે. તેમણે



એમ પણ કહ્યું કે ઈરાન ગયા વર્ષે અમેરિકી હુમલાઓ પછી પોતાના પરમાણુ કાર્યક્રમને ફરીથી ઊભો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

જ્યારે વેન્સને પૂછવામાં આવ્યું કે શું ઈરાનના સર્વોચ્ચ નેતાને હટાવવું પણ અમેરિકાનું લક્ષ્ય છે, તો તેમણે કહ્યું કે ઈરાનને પરમાણુ હથિયારો મેળવવાથી રોકવા માટે અંતિમ નિર્ણય રાષ્ટ્રપતિ ટ્રમ્પ કરશે. વેન્સે કહ્યું કે વાતચીત કેટલા સમય સુધી ચાલુ રાખવી, તેનો અંતિમ નિર્ણય રાષ્ટ્રપતિ ટ્રમ્પ કરશે. તેમણે કહ્યું- અમેરિકી અધિકારીઓ અનુસાર, ઈરાન આગામી બે અઠવાડિયામાં વધુ મોટો પ્રસ્તાવ આપશે, જેથી બંને પક્ષો વચ્ચેના મતભેદો ઘટાડી શકાય. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈરાન અને અમેરિકાના અધિકારીઓ ગુરુવારે એટલે કે આજે જિનીવામાં ત્રીજા તબક્કાની વાતચીત કરશે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચી પોતાની ટીમ સાથે જિનીવા પહોંચી ચૂક્યા છે.

અમેરિકી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ મિડલ ઈસ્ટના દૂત સ્ટીવ વિટકૉફ કરશે. વોશિંગ્ટન આ દરમિયાન 'મેક્સિમમ પ્રેશર' અભિયાન હેઠળ નવા પ્રતિબંધોની પણ તૈયારી કરી રહ્યું છે.

ઈરાને જિનીવા વાટાઘાટો પહેલા અમેરિકી દબાણની રણનીતિને નકારી કાઢી. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ ટ્રમ્પના નિવેદનોને જૂઠા ગણાવ્યા અને તેમના પર દુષ્પ્રચાર અભિયાન ચલાવવાનો આરોપ લગાવ્યો.

ટ્રમ્પે ઘણી વખત ચેતવણી આપી છે કે જો વાટાઘાટો નિષ્ફળ જશે તો અમેરિકા સૈન્ય કાર્યવાહી કરી શકે છે. પ્રાદેશિક દેશોને આશંકા છે કે આવા પગલાથી સંઘર્ષ થઈ શકે છે. ઈરાન પહેલાથી જ ચેતવણી આપી ચૂક્યું છે કે કોઈપણ હુમલાની સ્થિતિમાં મિડલ ઈસ્ટમાં હાજર તમામ અમેરિકી સૈન્ય અડ્ડા તેના નિશાન પર હશે. તેનાથી ક્ષેત્રમાં તૈનાત હજારો અમેરિકી સૈનિકોની સુરક્ષાને લઈને ચિંતા વધી ગઈ છે. અમેરિકાએ ગયા અઠવાડિયે મિડલ ઈસ્ટમાં 50થી વધુ ફાઈટર જેટ મોકલ્યા. સ્વતંત્ર ફ્લાઈટ-ટ્રેકિંગ ડેટા અને મિલિટરી એવિએશન મોનિટર્સે ઘણા F-22, F-35 અને F-16 ફાઈટર જેટને મિડલ ઈસ્ટ તરફ જતા રેકોર્ડ કર્યા.

### 7 મહિના પહેલા 25 પ્લેટફોર્મ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો

# અશ્લીલ કન્ટેન્ટ બતાવવા પર સરકારે 5 OTT પ્લેટફોર્મને બ્લોક કર્યાં

**નવી દિલ્હી, તા.26**

કેન્દ્ર સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલય (MIB) એ મંગળવારે 5 ઓનલાઈન સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ (OTT) ને બ્લોક કરી દીધા છે. જે પ્લેટફોર્મ પર કાર્યવાહી થઈ તેમાં મૂડએક્સવીઆઈપી, કોયલ પ્લેપ્રો, ડિજી મૂવીપ્લેક્સ, ફીલ અને જુગ્નુનો સમાવેશ થાય છે. સરકારનું કહેવું છે કે આ પ્લેટફોર્મ પર અશ્લીલ અને વાંધાજનક કન્ટેન્ટ બતાવવામાં આવી રહ્યું હતું. આ કન્ટેન્ટ આઈટી એક્ટ 2000, આઈટી નિયમ 2021, આઈપીસીની કલમ 292 અને મહિલાઓને ખોટી રીતે દર્શાવવા સંબંધિત કાયદાઓનું ઉલ્લંઘન કરતું જણાયું હતું. આ પહેલીવાર નથી જ્યારે સરકારે OTT પ્લેટફોર્મને બ્લોક કર્યા હોય. ગયા વર્ષે જુલાઈમાં Ullu-ALTT સહિત 25 OTT પ્લેટફોર્મ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ALTT એપ એપ્રિલ 2017માં ફિલ્મ અને ટીવી પ્રોડ્યુસર એકતા કપૂરે લોન્ચ કરી હતી. જ્યારે ULLu એપ IIT કાનપુરથી ગ્રેજ્યુએટ વિભુ અગ્રવાલે 2018માં બનાવી હતી. આ પહેલા માર્ચ 2024માં સરકારે અશ્લીલ કન્ટેન્ટને લઈને 18 OTT પ્લેટફોર્મ પર પ્રતિબંધ લગાવ્યો હતો. સાથે જ 19 વેબસાઈટ્સ, 10 એપ્સ અને 57 સોશિયલ મીડિયા હેન્ડલ્સ પણ બ્લોક કરી દીધા હતા. IT એક્ટ, 2000 (કલમ 67)- ઈન્ટરનેટ પર અશ્લીલ સામગ્રી પ્રકાશિત કરવી કે ફેલાવવી કાનૂની ગુનો છે. IT એક્ટ, 2000 (કલમ 67A)- ઈન્ટરનેટ પર જાતીય પ્રવૃત્તિ સંબંધિત વીડિયો કે સામગ્રી પોસ્ટ કરવી ગેરકાનૂની છે. BNS 2023 (કલમ 294)- જાહેર સ્થળોએ અશ્લીલ હરકત કરવી કે ગંદા શબ્દોનો ઉપયોગ કરવો દંડનીય ગુનો છે. મહિલાઓનું અશ્લીલ (પ્રતિબંધ) અધિનિયમ 1986 (કલમ 4)- કોઈપણ માધ્યમથી મહિલાઓને અશ્લીલ કે અપમાનજનક સ્વરૂપમાં દર્શાવવી કાનૂની ગુનો છે.

2020ના લોકડાઉન દરમિયાન જ્યારે OTT પ્લેટફોર્મ્સને પ્રોત્સાહન આપવામાં આવ્યું, ત્યારે ALTT અને Ullu એપ જેવા OTT પ્લેટફોર્મ્સ પર અશ્લીલ કન્ટેન્ટ વધુ પ્રસારિત થવા લાગ્યું. મીડિયા રિપોર્ટ અનુસાર, જુલાઈ 2020માં એક એડલ્ટ કોમેડી શો માટે સૌથી વધુ સ્ટ્રીમિંગ (1.1 કરોડ) એક દિવસમાં ઓનલાઈન OTT પ્લેટફોર્મ MX પ્લેયર પર કરવામાં આવ્યું હતું.

### કેન્સરથી દીકરીઓને બચાવવા માટે મોટી પહેલ

# કેન્દ્ર સરકાર દ્વારા 14 વર્ષની છોકરીઓને મફત HPV રસી આપવામાં આવશે....

**નવી દિલ્હી, તા.26**

કેન્દ્ર સરકાર દેશમાં મહિલાઓના સ્વાસ્થ્યને મજબૂત બનાવવા માટે એક મોટું પગલું ભરી રહી છે. HPV (હ્યુમન પેપિલોમાવાયરસ) રસીકરણ કાર્યક્રમ ટૂંક સમયમાં સમગ્ર ભારતમાં શરૂ કરવામાં આવશે. તેનો ઉદ્દેશ્ય છોકરીઓને સમયસર સર્વાઈકલ કેન્સરથી બચાવવાનો છે. જંત્રીના જણાવ્યા અનુસાર, સરકાર આ અભિયાન હેઠળ દર વર્ષે ૧૪ વર્ષ અને તેથી વધુ ઉંમરની આશરે ૧૧.૫ મિલિયન છોકરીઓને મફતમાં રસી આપશે. આ રસીકરણ સંપૂર્ણપણે સ્વૈચ્છિક હશે અને સરકારી હોસ્પિટલોમાં આપવામાં આવશે. આ પગલું માત્ર આરોગ્ય સુરક્ષા માટે મહત્વપૂર્ણ નથી, પરંતુ એક સ્વસ્થ મહિલા, એક મજબૂત રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબદ્ધતાને પણ મજબૂત બનાવે છે. ભારતમાં સ્ત્રીઓમાં સર્વાઈકલ કેન્સર બીજા ક્રમનું સૌથી સામાન્ય કેન્સર છે. દર વર્ષે દેશમાં આશરે ૮૦,૦૦૦ નવા કેસ નોંધાય છે અને ૪૨,૦૦૦ થી વધુ સ્ત્રીઓ મૃત્યુ પામે છે. ચિંતાજનક વાત એ છે કે મોટાભાગના કિસ્સાઓમાં આ રોગ મોડો શોધી કાઢવામાં આવે છે. ડોકટરોના મતે આ કેન્સર મોટે ભાગે HPV વાયરસના ચેપને કારણે થાય છે, ખાસ કરીને HPV પ્રકાર ૧૬ અને ૧૮. સદનસીબે, રસીકરણ અને સમયસર તપાસ દ્વારા આ કેન્સર મોટાભાગે અટકાવી શકાય છે. આ કાર્યક્રમમાં સરકાર Gardasil નામની HPV રસીનો ઉપયોગ કરશે. તે એક ક્વાડ્રિવેલેન્ટ રસી છે જે ચાર પ્રકારના HPV – ૧૬, ૧૮, ૬ અને ૧૧ સામે રક્ષણ પૂરું પાડે છે. આ રસી બિન-જીવંત છે, એટલે કે તે ચેપનું કારણ નથી. ૨૦૦૬ થી વિશ્વભરમાં ૫૦૦ મિલિયનથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. વૈજ્ઞાનિક સંશોધન દર્શાવે છે કે એક માત્રા પણ મજબૂત અને લાંબા સમય સુધી ટકી રહે તેવી સુરક્ષા પૂરી પાડે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) પણ HPV રસીકરણને સર્વાઈકલ કેન્સરને દૂર કરવા માટેની વૈશ્વિક વ્યૂહરચનાનો એક મહત્વપૂર્ણ ભાગ માને છે. સરકારી યોજના હેઠળ આ રસી ૧૪ વર્ષ અને તેથી વધુ ઉંમરની છોકરીઓને આપવામાં આવશે અને તે સંપૂર્ણપણે મફત હશે.

### 28 ફેબ્રુઆરીથી હવામાનનો મિજાજ બદલાશે અને પહાડી જિલ્લાઓમાં વરસાદ પડશે

# ઉત્તરાખંડના પિથોરાગઢમાં ત્રણ દિવસથી બરફવર્ષા ચાલુ: MPના 20 જિલ્લાઓમાં વાવાઝોડું-વરસાદ

**દહેરાદૂન, તા.26**

ઉત્તરાખંડના પિથોરાગઢના પંચાચુલી સહિત ઘણા વિસ્તારોમાં હળવી હિમવર્ષા થઈ. અહીં ઊંચાઈવાળા વિસ્તારોમાં ત્રણ દિવસથી હિમવર્ષા ચાલુ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, 27 અને 28 ફેબ્રુઆરીથી હવામાનનો મિજાજ બદલાશે અને પહાડી જિલ્લાઓમાં વરસાદ પડશે. મધ્યપ્રદેશમાં છેલ્લા 2 દિવસમાં ઈન્દોર, ઉજ્જૈન, રતલામ, બેતુલ અને સિહોર સહિત 20થી વધુ જિલ્લાઓમાં ભારે પવન અને વરસાદનો દોર રહ્યો. કેટલાક સ્થળોએ કરા પણ પડ્યા. આ કારણે ઘઉં-ચણાના પાક પર અસર પડી. હવામાન વિભાગે જણાવ્યું કે બુધવારે



હવામાન સ્વચ્છ રહેશે, પરંતુ માર્ચની શરૂઆતમાં વરસાદ થવાની સંભાવના છે. રાજસ્થાનમાં ગરમીની મોસમ શરૂ થઈ ગઈ છે અને દિવસનું મહત્તમ તાપમાન હવે 36C થી ઉપર પહોંચી ગયું છે. બાડમેરમાં મંગળવારે દિવસનું તાપમાન 36.3C રહ્યું. મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ-મહત્તમ તાપમાન સામાન્ય કરતાં 2 થી 5 ડિગ્રી સેલ્સિયસ ઉપર નોંધાઈ રહ્યું છે. હવામાન વિભાગે રાજ્યમાં હોળીની આસપાસ હીટવેવની ચેતવણી જાહેર કરી છે. આ દરમિયાન પારો 40C સુધી પહોંચી શકે છે. જ્યારે, સિક્કિમના ઊંચા વિસ્તારોમાં મંગળવારે 15th માઈલ અને ત્સોમગો તળાવ પાસે ભારે હિમવર્ષા થઈ. જેના કારણે રસ્તાઓ જામ થઈ ગયા. અહીં લગભગ 2,736 પ્રવાસીઓને લઈ જતી કુલ 541 પ્રવાસી ગાડીઓ ફસાઈ ગઈ. અધિકારીઓએ જણાવ્યું કે સિક્કિમ પોલીસ, GREF/BRO, ડ્રાઈવર એસોસિએશનની મદદથી તમામ ગાડીઓ અને પ્રવાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા.

### ESICએ 1 કરોડ લોકોને મોટી ભેટ આપી

# 40 વર્ષથી વધુ ઉંમરના લોકો માટે ફ્રી હેલ્થ ચેકઅપ

**નવી દિલ્હી, તા.26**

કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) એ એક કરોડથી વધુ લોકોને મોટી ભેટ આપી છે. વાસ્તવમાં ESICએ મંગળવારે 40 વર્ષ અને તેથી વધુ ઉંમરના પોતાના 1 કરોડથી વધુ સભ્યો માટે ફ્રી એન્યુઅલ હેલ્થ ચેકઅપ સ્કીમની શરૂઆત કરી છે. ESICએ પોતાની સ્થાપનાની 75મી વર્ષગાંઠ પર આ પહેલ શરૂ કરી છે.

નવા લેબર કોડ પ્રમાણે કામદારોના સ્વાસ્થ્ય અને કલ્યાણને ધ્યાનમાં રાખીને આ મહત્વનો નિર્ણય લેવાયો છે. તમને જણાવી દઈએ કે, ESICની આરોગ્ય વીમા યોજનાના કાર્યક્ષેત્ર હેઠળ લગભગ 3.8



કરોડ સભ્યો છે, જેમાંથી લગભગ એક કરોડ સભ્યોની ઉંમર 40 વર્ષથી વધુ છે. હાલમાં ESIC પાસે 166 હોસ્પિટલો, 17 મેડિકલ કોલેજો અને લગભગ 1,600 ડિસ્પેન્સરીનું નેટવર્ક છે. ગત વર્ષે નવેમ્બરમાં જે નોટિફિકેશન બહાર પડ્યું તે મુજબ નવી શ્રમ સંહિતાઓ હેઠળ 40 વર્ષથી વધુ ઉંમરના કામદારોની ફ્રી એન્યુઅલ હેલ્થ ચેકઅપ સ્કીમ કરાવવી નોકરીદાતાઓ માટે ફરજિયાત કરવામાં આવ્યું છે. આ જ કારણ છે કે, કર્મચારી રાજ્ય વીમા નિગમે પણ ફ્રી એન્યુઅલ હેલ્થ ચેકઅપ સ્કીમ લોન્ચ કરી છે. આ ફ્રી હેલ્થ ચેકઅપ હવે માત્ર એક 'સુવિધા' નથી, પણ નોકરીદાતાઓ (Employers) માટે એક કાનૂની જવાબદારી બની ગઈ છે.

## તંત્રી લેખ

# સાયબર પોલીસ કરતાં ડિજિટલ કૌભાંડકારીઓ ઘણા વધુ સ્માર્ટ છે

વધુ કમાણી કરાવી આપતાં ઈન્વેસ્ટમેન્ટની લાલચ આપીને થતાં કૌભાંડો અને ડિજિટલ એરેસ્ટ કરીને રૂપિયા પડાવી લેવાની ઘટનાઓ અટકવાનું નામ નથી લેતી. ભારત સરકારના ડેટા મુજબ એપ્રિલ ૨૦૨૧થી નવેમ્બર ૨૦૨૫ દરમિયાન ભારતીયોના ૫૪,૦૦૦ કરોડ રૂપિયા ડિજિટલ એરેસ્ટના નામે લૂંટી લેવાયા છે. સાયબર પોલીસ સતર્ક છે, પરંતુ વધુ કમાવવાની લાલચમાં લોકો ઈન્વેસ્ટમેન્ટ કૌભાંડનો શિકાર બનતા જાય છે. લોકો લાખો રૂપિયા ગુમાવી રહ્યા છે. ગુનેગારો ભાગ્યેજ પકડાય છે. ડિજિટલ એરેસ્ટની ચાલ એવી રીતે ગોઠવાય છેકે તેમાં ફસાનાર સમાજમાં આબરૂ જશે તે ડરે જિંદગીની કમાણી સોંપી દે છે. શિકાર બનનાર સિનિયર સિટીઝનોને ધકપકડનો ડર સતાવે છે અને પોતાના સંતાનો શું કહેશે તેનો પણ ડર સતાવે છે. ઈન્વેસ્ટમેન્ટ કૌભાંડ અને ડિજિટલ કૌભાંડની વધતી ઘટનાઓએ સાયબર પોલીસને સતત ટેકનોલોજીથી અપડેટ થવાનું સૂચવે છે. કૌભાંડ કરનારાઓ શિડયુલ બેંકના ખાતાનો નંબર આપીને લોકોને વિશ્વાસમાં લે છે. તેમનું નેટવર્ક જોઈને સાયબર પોલીસ પણ મૂંઝવણમાં મુકાતી હોય છે. કૌભાંડનો શિકાર બનનાર જ્યારે તેના લાખો રૂપિયા કૌભાંડકર્તાના બેંકના ખાતામાં જમા કરાવે છે ત્યારે તે પૈસા એકાદ દિવસ માટે પણ ખાતામાં રહેતા નથી અને વિવિધ મ્યુલ એકાઉન્ટમાં ફરતા થઈ જાય છે. મ્યુલ અકાઉન્ટ એટલે કોઈ ભળતી જ વ્યક્તિનું બેન્ક ખાતું કે જેમાં એની જાણ બહાર ગેરકાયદે ટ્રાન્ઝેક્શન થતાં હોય. ડિજીડટલ એરેસ્ટ કરનારા પોતાની જાતને પોલીસ અધિકારી તરીકે ચીતરવા વીડિયો કોલ કરતી વખતે યુનિફોર્મ પહેરે છે અને સામેની વ્યક્તિને જાળમાં ફસાવે છે. એ પોતાના શિકાર બની ગયેલા માણસને રીતસર તતડાવે છે, ધમકાવે છે. એકવાર માણસ પૂરેપૂરો શિકંજામાં ફસાય પછી તેના લગભગ બધા જ પૈસા નિચોવી લેવાય છે. સરકાર, રિઝર્વ બેંકે અને મીડિયાએ અનેક પ્રયાસો કરીને લોકોને ચેતવ્યા છે, પરંતુ વધુ કમાઈ લેવાની લાલચમાં અનેક લોકો ફસાતા રહે છે. પોલીસનો અને ધરપકડનો ડર બતાવીને ડિજિટલ એરેસ્ટ કરનારાઓને લાખોની લૂંટની ફાવટ આવી ગઈ છે. પોન્ઝી સ્કેમ, ગેરંટેડ રીટર્ન જેવી સ્કીમો મુકીને પહેલાં લોકોને બેંકના વ્યાજ કરતાં બમણી રકમ ચૂકવીને વિશ્વાસમાં લેવાય છે. પોન્ઝી સ્કીમ ચલાવનારા, ડિજિટલ એરેસ્ટ કરનારા અને અસલી પોલીસ વચ્ચે સાંઠગાંઠ હોવાનું પણ જોવા મળે છે. જે-તે ગુનેગારો સુધી સ્થાનિક પોલીસ સમયસર પહોંચતી નથી એટલે તેને ભાગવાનો મોકો મળી જાય છે. ઘેર માલનો સ્ટોક કરીને બેઠા બેઠા જ પૈસા કમાઓ એવી સ્કીમ મુકીને લોકોને ફસાવનારા ઈન્દોરના લોકો પોલીસની પકડમાં ક્યારેય નથી આવતા. આવા લોકો એક સ્કીમમાં પૈસા કમાઈને પછી બીજી સ્કીમ તૈયાર કરીને બીજા નામે બજારમાં નવેસરથી ઉતરે છે. તેઓ જાણે છેકે પોલીસ તંત્રના હાથ લાંબા ભલે હોય પણ તેમના સુધી પહોંચી શકવાના નથી. ડિજિટલ એરેસ્ટ કરનારાનું નેટવર્ક બેન્કોથી શરૂ થઈને પોલીસની રહેમ નજર હેઠળ ચાલતું હોય છે. બેંકોમાં ચાલતા મ્યુલ એકાઉન્ટને કારણે તો હેકર્સ અને ઓનલાઈન છેતરપીંડી કરનારા ફૂલ્યાફાલ્યા છે. બેંકોની અંદરનો સ્ટાફ જ બેંકોને ફોલી ખાતો હાય તેવી અનેક ઘટનાઓ જોવા મળી છે. બેંકોના સ્ટાફને ખ્યાલ હોય છે કે સિનિયર સિટિઝનોનાં ખાતાં ક્યાં છે અને તેમના ખાતામાં વપરાયા વિનાના કેટલા લાખ રૂપિયા પડયા છે, મ્યુલ એકાઉન્ટ શોધતા પોલીસને ભારે જેહમત ઉઠાવવી પડે છે. જો બેંકો સહકાર આપે તો ડિજિટલ એરેસ્ટ કરનારા અનેક લોકો જેલના સળીયા પાછળ હોય, પરંતુ બેંકોએ ડિજિટલ કૌભાંડો કરનારાને પકડવામાં કોઈ ટેકનોલોજીનો ઉપયોગ કર્યો નથી. ડિજિટલ સિસ્ટમનો ઉપયોગ કરીને લોકોને ખંખેરતા લોકોના પૈસાની હેરાફેરી બેંકોખાતાં મારફતે જ થાય છે. ભારતમાં જુદી જુદી બેન્કોની ૭૦૦ કરતાં વધારે બ્રાન્ચોમાં અંદાજે ૮.૫ લાખ જેટલા મ્યુલ બેન્ક અકાઉન્ટસ આઈડેન્ટિફાય કરવામાં આવ્યાં છે. મ્યુલ એકાઉન્ટમાં અપાયેલા એડ્રેસ, પાસપોર્ટ ફોટો વગેરેનું વેરિફીકેશન કરાયું નથી હોતું.

24 ફેબ્રુઆરી 2022ના રોજ રશિયાએ ઉત્તરેથી બેલારુર, પૂર્વમાં રશિયા અને દક્ષિણેથી ક્રિમિયા ખાતેથી યુક્રેન ઉપર હુમલો કરી દીધો હતો. તે સમયે યુક્રેન દબાણમાં આવી ગયું હતું. ખાસ કરીને સાઉથ-ઈસ્ટમાં રશિયાની જે આગેકુચ હતી તેના કારણે કીવ ઉપર દબાણ વધ્યું હતું: ક્રીમિયાનો વિલય કરવામાં આવ્યો જે બંને દેશો વચ્ચે વેરઝેરનું મોટું કારણ બન્યું. તે ઉપરાંત ડોનબાસ વિસ્તારમાં યુક્રેનના સૈનિકો તથા રશિયાનું સમર્થન કરનારા અલગાવવાદીઓ વચ્ચે સતત સંઘર્ષ, નાટો વિસ્તાર માટે મોસ્કો અને પશ્ચિમી દેશો વચ્ચે તણાવ, રશિયા દ્વારા ડીમિલિયરાઈઝન અને ડી-નાઝિફિકેશનનો દાવો કરવો તથા કીવ અને તેના સાથીઓ દ્વારા આ બધું જ ફગાવી દેવા જેવા કારણોએ યુદ્ધ નોતર્યું

# 1461 દિવસથી દરરોજ હુમલા કરી રહ્યા છે રશિયા અને યુક્રેન

## રશિયા-યુક્રેન જંગને ચાર વર્ષ પૂર્ણ, બીજા વિશ્વ યુદ્ધ પછીની સૌથી લાંબો જંગ હજુ સુધી અટક્યો નથી કે સમાધાન થયું નથી



રશિયા અને યુક્રેન વચ્ચે વર્ચસ્વની લડાઈ સાથે શરૂ થયેલા યુદ્ધને ચાર વર્ષ પૂરા થયા છે. આધુનિક વૈશ્વિક ઈતિહાસના દ્રષ્ટિકોણથી જોઈએ તો બીજા વિશ્વ યુદ્ધ પછી આ બીજી સૌથી મોટી જંગ છે. નવાઈની વાત એ છે કે, છેલ્લાં એક વર્ષથી ટ્રમ્પ દ્વારા બંને દેશો વચ્ચે સમાધાન કરાવવાના ધતિંગ ચાલે છે છતાં આજદિન સુધી સમાધાનના કોઈ સંકેત નથી. યુદ્ધ પૂરું પણ થયું નથી અને સમાધાનની કોઈ શક્યતાઓ જણાતી નથી. ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ રશિયાની સ્પેશિયલ મિલિટરી દ્વારા એક ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું અને ત્યારથી રશિયા અને યુક્રેન વચ્ચે જંગ શરૂ થયો હતો. ૧૪૬૧ દિવસથી ચાલતા આ ભયાનક સંઘર્ષમાં બંને પક્ષે માત્ર તારાજી જ સર્જાઈ છે.

ચાર વર્ષોના આ યુદ્ધમાં બંને દેશોમાં લોકોએ માત્ર ભોગવવું જ પડયું છે. લાખોની સંખ્યામાં લોકોનાં મોત થયા છે, લાખો સૈનિકો માર્યા ગયા છે. કરોડોની સંખ્યામાં લોકો વિસ્થાપિત થયા છે અને ઘર વિહોણા બની ગયા છે. રશિયા અને યુક્રેનના લાખો લોકો શરણાર્થી બનીને યુરોપના બીજા દેશોમાં રહેવા મજબૂર બન્યા છે. દરરોજ ગોળીબાર, બોમ્બમારા, મિસાઈલમારા અને હવાઈ હુમલાના કારણે લોકો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. ગમે ત્યારે કોઈપણ દેશના સૈન્ય દ્વારા કોઈપણ વિસ્તારમાં મિસાઈલ હુમલા કે ડ્રોન હુમલા કરી દેવાય છે અને નિર્દોષ લોકો હોમાઈ જાય છે. આ જ વિસ્ફોટો અને હવાઈ હુમલાઓમાં હજારો લોકોના ભોગ લેવાયા છે. આ ચાર વર્ષોનું સરવૈયું કાઢવામાં આવે તો બંનેમાંથી કોઈ દેશને કશું જ પ્રાપ્ત થયું નથી.

ઉલ્લેખનીય છે કે, રશિયા અને યુક્રેન દ્વારા છેલ્લાં ચાર વર્ષથી સામસામે જંગ કરીને વર્ચસ્વના નામે બધું ગુમાવવા સિવાય કશું જ કરવામાં આવ્યું નથી. આ બંનેના યુદ્ધની યુરોપ સહિત સમગ્ર દુનિયાના રાજકારણ અને કરોડો લોકોના જીવનમાં મોટી અસર જોવા મળી છે.

યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ એક ઈન્ટરવ્યૂમાં સ્વીકાર્યું પણ હતું કે, યુક્રેનવાસીઓ હવે આ યુદ્ધથી થાકી ગયા છે. બીજી તરફ તેમણે એમ પણ કહ્યું હતું કે, કોઈના અહંકારને પોષવા માટે તેઓ પોતાના દેશની કુરબાની ન આપી શકે. અમેરિકા આ યુદ્ધ અટકાવવા અને સમાધાન કરવા સતત પ્રયાસ કરી રહ્યું છે. વાસ્તવિકતા એ છે કે, અમેરિકાના પણ પોતાના હિતો સમાયેલા છે અને તેથી તે આ ગેમ રમી રહ્યું છે. વાસ્તવિકતા એટલી જ છે કે, આ ચાર વર્ષના જંગમાં હજારો લોકોનાં મોત, લાખો સૈનિકોના મોત અને કરોડોનું વિસ્થાપન અને અબજોની સંપત્તીને નુકસાન સિવાય કશું જ મળ્યું નથી.

યુદ્ધ વિશે વાત કરીએ તો, ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ રશિયાએ ઉત્તરેથી બેલારુર, પૂર્વમાં રશિયા અને દક્ષિણેથી ક્રિમિયા ખાતેથી યુક્રેન ઉપર હુમલો કરી દીધો હતો. તે સમયે યુક્રેન દબાણમાં આવી ગયું હતું. ખાસ કરીને સાઉથ-ઈસ્ટમાં રશિયાની જે આગેકૂચ હતી તેના કારણે કીવ ઉપર દબાણ વધ્યું હતું. ત્યારબાદ આ સંઘર્ષ અનેક તબક્કા અને વિસ્તારોમાં વહેંચાઈ ગયો હતો. ખાસ કરીને ડોનબાસા વિસ્તારમાં ટ્રેચ યુદ્ધ ઘણા લાંબા સમય સુધી ચાલ્યું હતું. બીજી તરફ બાખમુત અને અવદીવકા જેવા શહેરોની આસપાસ પણ આમનેસામેને ભયાનક જંગ છેડાયો હતો.

યુક્રેને શરૂઆતાં તો રશિયા સામે ઝિંક ઝીલી હતી. અત્યારે પણ તે સંઘર્ષ કરી રહ્યું છે.શરૂઆતમાં તેણે ખારકીવ અને ખારસોન જેવા હિસ્સા પરત મેળવી લીધા હતા. રશિયા તરફથી પૂર્વ અને દક્ષિણમાં કબજે કરાયેલા વિસ્તારોનો વિલય કરવાની જાહેરાત પણ કરી દેવાઈ હતી. એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પોર્ટ અને શહેરી વિસ્તારો ઉપર મિસાઈલ અને ડ્રોન દ્વારા હુમલા કરવામાં આવ્યા હતા. બ્લેક સી વિસ્તારમાં નૌસેના વચ્ચે યુદ્ધ ખેલાયું હતું અને અનાજની નિકાસ કરનારા જળમાર્ગો ઉપર પણ હુમલા થયા હતા. એક સમયે માત્ર સૈન્ય ઓપરેશન જેવું લાગતું એક ઓપરેશન જોતજોતામાં અનેક મોરચે લડાતા યુદ્ધમાં પરિણમ્યું હતું. હવે ઘણા મોરચે એક લાંબું, થકવી દેતું અને પ્રજાને પીડા સિવાય કંઈ જ ન આપી શકતું યુદ્ધ ચાલી રહ્યું છે.

જાણકારોના મતે આ યુદ્ધના બીજા ૨૦૧૪માં રોપાયા હતા. રશિયા દ્વારા ક્રીમિયાનો વિલય કરવામાં આવ્યો જે બંને દેશો વચ્ચે વેરઝેરનું મોટું કારણ બન્યું. તે ઉપરાંત ડોનબાસ વિસ્તારમાં યુક્રેનના સૈનિકો તથા રશિયાનું સમર્થન કરનારા અલગાવવાદીઓ વચ્ચે સતત સંઘર્ષ, નાટો વિસ્તાર માટે મોસ્કો અને પશ્ચિમી દેશો વચ્ચે તણાવ, રશિયા દ્વારા ડીમિલિયરાઈઝન અને ડી-નાઝિફિકેશનનો દાવો કરવો તથા કીવ અને તેના સાથીઓ દ્વારા આ બધું જ ફગાવી દેવું. આવા ઘણા કારણો ભેગા થતાં વેરનો જ્વાળામુખી ફાટયો અને ચારેકોર વિનાશ વેરી રહ્યો છે. આજે ચાર વર્ષે પણ સ્થાયી યુદ્ધ વિરામ અથવા તો શાંતિ સમજૂતીની શક્યતાઓ દેખાતી નથી.

બંને દેશો વચ્ચે વિવિધ વિસ્તારોના વર્ચસ્વ અને સુરક્ષાની ગેરન્ટી મામલે શરૂ થયેલો વિવાદ યુદ્ધમાં પરિણમ્યો છે જે અટકવાનું નામ લેતો નથી.

ચિંતાજનક બાબત એ છે કે, આ યુદ્ધને કારણે યુક્રેનમાં વધારે ખુવારી થઈ છે. સંયુક્ત રાષ્ટ્રના માનવાધિકાર નિરિક્ષણ મિશનના આંકડા જણાવે છે કે, ફેબ્રુઆરી ૨૦૨૨થી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં ૧૫,૧૭૨ યુક્રેની નાગરિકોનાં મોત થયા છે. આ ઉપરાંત ૪૧,૩૭૮ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

સંયુક્ત રાષ્ટ્ર જણાવે છે કે, આ આંકડા ખૂબ જ ઓછા છે અને માત્ર જેના અહેવાલ મળ્યા તેટલા જ છે. જે વિસ્તારોમાં યુદ્ધ લડાયું હતું અને જ્યાં લડાઈ રહ્યું છે તેના વાસ્તવિક આંકડા મળ્યા નથી. આના કરતા આ આંકડા અનેકગણા વધારે હોવાની શક્યતાઓ છે. બીજી તરફ જાણકારો માને છે કે, લાખોની સંખ્યામાં લોકોનાં મોત થયા છે અને તેમને ઈજા પહોંચી છે. બીજી તરફ સૈન્યની વાત કરવામાં આવે તો જાણકારોના મતે આ યુદ્ધમાં ચાર વર્ષમાં બંને દેશોના ૧૮ લાખ કરતા વધારે સૈનિકોનાં મોત થયા છે, તેમને ઈજા થઈ છે અથવા તો લાપતા થયા છે કે યુદ્ધ કેદી તરીકે પકડાઈ ગયા છે. તેમાં અંદાજે ૬ લાખ સૈનિકો યુક્રેનના અને ૧૨ લાખ જેટલા રશિયાના સૈનિકોનો સમાવેશ થાય છે.

યુએનએચસીઆરના અહેવાલ પ્રમાણે બીજા વિશ્વયુદ્ધ પછી યુરોપમાં સૌથી મોટું શરણાર્થી સંકટ ઊભું થયું છે.

આ યુદ્ધના કારણે યુક્રેનના અંદાજે ૬૦ લાખ લોકો વિદેશમાં શરણ લેવા મજબૂર બન્યા છે. બીજી તરફ દેશમાં જ ૪૦ લાખ કરતા વધારે લોકો ઘરબાર વગરના થઈ ગયા છે. તેઓ પોતાના જ દેશમાં વિસ્થાપિત થઈ ગયા છે. અનેક પરિવારો વિખરાઈ ગયા છે.

સામાજિક માળખું હચમચી ગયું છે. તે ઉપરાંત જે દેશોમાં શરણાર્થીઓ પહોંચ્યા છે ત્યાં પણ સામાજિક, આર્થિક અને રાજકીય અસરો જોવા મળી રહી છે. ત્યાં દબાણ વધ્યું છે.

એક મોટું માનવ સંકટ ઊભું થયું છે. યુએન જણાવે છે કે, હાલની તારીખો પણ યુક્રેનમાં ૧.૩૦ કરોડ કરતા વધારે લોકોને તાત્કાલિક માનવીય સહાયની જરૂર છે. અહીંયા યુદ્ધના પગલે લાખો મકાનો ધ્વસ્ત થઈ ગયા છે. વીજળીની સેવાઓ નાશ પામી છે. અનેક વિસ્તારોમાં હોસ્પિટલો, શાળાઓ, ઈમારતો અને વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નાશ પામ્યા છે. લોકોને ભોજનની, પાણીની, વીજળીની, જીવન જરૂરિયાતની વસ્તુઓની મોટાપાયે અછત વર્તાઈ રહી છે. શિયાળા દરમિયાન વીજળીની અછતને પગલે સ્થિતિ વધારે કફોડી બની ગઈ છે.

મહત્ત્વની વાત એ છે કે, યુદ્ધના કારણે યુક્રેનમાં જ નુકસાન થયું છે તેવું નથી. રશિયાને પણ વ્યાપક નુકસાન ભોગવવું પડયું છે. અમેરિકન અને યુરોપિયન એજન્સીઓના મતે રશિયામાં પણ ૧૨ લાખની આસપાસ સૈનિકોના મોત થયા છે અને તેમને ઈજા પહોંચી છે. તેમાંથી ૩ લાખ જેટલા સૈનિકોના મોત થયાની અધિકારિક પુષ્ટી મળે છે. બીજી તરફ જાણકારો માને છે કે, બંને દેશોમાં માનવ ખુવારીનો આંકડો ઘણો મોટો છે જે કદાચ સામે આવ્યો નથી અને કદાચ આવશે પણ નહીં. બીજા વિશ્વ યુદ્ધ પછી રશિયાનો આ સૌથી મોટો ઘાતક સૈન્ય સંઘર્ષ છે. બીજી તરફ એવું પણ છે કે, યુક્રેનની સરખામણીએ રશિયામાં નાગરિકોની જાનહાની ઓછી થઈ છે. બેલગોરોદ અને કુર્સ્ક જેવા સરહદી વિસ્તારોમાં ડ્રોન હુમલા અને હવાઈ હુમલાના કારણે નાગરિકોનાં મોત વધારે થયા હોવાના અહેવાલ છે. રશિયામાં હજારો લોકો યુદ્ધનો વિરોધ કરવા માટે દેખાવો કરતા હતા જેના કારણે તેમન ધરપકડ કરવામાં આવી છે. તેમની સામે સૈન્યને બદનામ કરવાનો અને સેન્સરશિપ કાયદાનો ઉપયોગ કરીને બધાને જેલમાં ધકેલી દેવાયા છે. બીજી તરફ એક અંદાજ એવો છે કે, ૨૦૨૨થી અત્યાર સુધીમાં ૧૦ લાખની આસપાસ રશિયાન નાગરિકો દેશ છોડીને બીજે જતા રહ્યા છે. ખાસ કરીને સપ્ટેમ્બર ૨૦૨૨માં પુતિને પાર્શિયલ મોબિલાઈઝેશનની જાહેરાત કરી હતી ત્યારે વ્યાપક માઈગ્રેશન થયું હતું. જ્યોર્જિયા, કઝાખસ્તાન, આર્મેનિયા અને યુરોપીયન યૂનિયનમાં મોટી સંખ્યામાં પ્રોફેશનલ્સ, શિક્ષકો અને બીજા સેક્ટરના જાણકારો પલાયન કરી ગયા છે. જાણકારો માને છે કે, રશિયામાં પહેલેથી જ વસતી ઓછી છે અને યુદ્ધના કારણે મોટું માનવ સંકટ અને શ્રમ સંકટ ઊભું થયું છે. આગામી સમયમાં સ્થિતિ વધારે ખરાબ થઈ શકે છે. ચાર વર્ષનું આ યુદ્ધ માત્ર બે દેશો વચ્ચેનું જ નહોતું પણ તેના કારણે સમગ્ર વિશ્વમાં અસર જોવા મળી છે. તેની ગ્લોબલ જિયોપોલિટિકલ અસર જોવા મળી છે. હજારો લોકોનાં મોત, લાખો સૈનિકોના મોત, કરોડ લોકોનું સ્થળાંતર, લાખો લોકોનું વિસ્થાપન. વાસ્તવિક આંકડા નાના છે પણ બંને દેશોમાં તેની અસર ખૂબ જ વ્યાપક છે. આધુનિક યુરોપના ઈતિહાસમાં આ યુદ્ધ સૌથી ભયાનક અને માનવીય સંકટ ઊભું કરનારું રહ્યું છે.

# રાહુલ પછી હવે પ્રિયંકા પણ મોદી પર ભડક્યા



યુથ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખની ધરપકડ થયા પછી રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આડે હાથ લીધા હતા. અમેરિકા સાથેની ટ્રેડ ડીલ મામલે વડાપ્રધાન પર એમણે ગંભીર આક્ષેપો કર્યા હતા. હવે કોંગ્રેસના સાંસદ પ્રિયંકા વાડ્રા ગાંધી પણ મોદી પર ભડક્યા છે. નરેન્દ્ર મોદી ઈઝરાયલના પ્રવાસે ગયા છે ત્યારે મોદીના ઈઝરાયલ પ્રવાસ વિશે પ્રિયંકા ગાંધીએ ટીપ્પણી કરી છે. એમણે કહ્યું છે કે, 'અમને આશા છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમના ઈઝરાયલ પ્રવાસ દરમિયાન ક્નેસેટ (ઈઝરાયલની સાંસદ)ને સંબોધીત કરતી વખતે ગાઝામાં હજારો નિર્દોષ પુરુષો, મહિલાઓ અને બાળકોના નરસંહારનો ઉલ્લેખ પણ કરશે. ગાઝાના નિર્દોષો માટે ન્યાયની માંગણી પણ કરશે. ભારત એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે હંમેશા બધા સાથે ઉભું રહ્યું છે. આપણે દુનિયાને સત્ય, શાંતિ અને ન્યાયનો રસ્તો બતાવવાનું ચાલુ રાખવું જોઈએ.'

ચીનની કંપનીની સહાયતાથી બનેલી દિલ્હી - મેરઠ રેપીડ રેલ યોજનાનું વડાપ્રધાન મોદી અત્યાર સુધીમાં ચાર વખત ઉદ્ઘાટન કરી ચૂક્યા છે. ૨૦૨૩ની ૨૦મી ઓક્ટોબરે શાહીદાબાદથી લઈને દુહૈય સુધી ૧૭ કીલોમીટરના માર્ગનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. બીજી વખત ૨૦૨૪ની ૬થી માર્ચે દુહૈય ડેપોથી માંડીને મોદી નગર સુધી બીજા ૧૭ કીલોમીટર રેલ્વે માર્ગનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ૨૦૨૫ની પાંચમી જાન્યુઆરીએ ત્રીજી વખત મોદીએ શાહીદાબાદથી ન્યુ અશોકનગરના ૧૩ કીલોમીટર રેલ્વે માર્ગનું ઉદ્ઘાટન કર્યું હતું. હવે થોડા દિવસો પહેલા એમણે કાલકાથી મેરઠ સુધીના રેલ્વે માર્ગનું ચોથી વખત ઉદ્ઘાટન કર્યું છે. કોઈ એક જ યોજનાનું ઉદ્ઘાટન સૌથી વધુ વખત કરવાનો આ વિશ્વવિક્રમ હોય શકે. આ બાબતે વડાપ્રધાને વિશ્વના બીજા વડાપ્રધાનોને પાછળ રાખી દીધા છે. ઓસ્ટ્રેલિયામાં કેટલાક કટ્ટરવાદીઓએ ભારત વિરુદ્ધ પ્રચાર શરૂ કર્યો છે. ખાસ કરીને શીખો વિરુદ્ધનો ધિક્કાર ઝડપથી ફેલાઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના જાતીવાદી નેતા થોમસ સેવેલએ ભારતીઓને દેશ છોડવાની ધમકી આપી છે. સેવેલે કહ્યું હતું કે, અમે નથી ઈચ્છતા કે ઓસ્ટ્રેલિયા ભારત અને સુદાન જેવું બને. ઓસ્ટ્રેલિયા ફક્ત ગોરાઓ માટે છે. ભારતીઓએ દેશ છોડી દેવો જોઈએ ક્યાં તો એમને હાંકી કાઢવા જોઈએ. ઓસ્ટ્રેલિયામાં બે લાખથી વધુ શીખો અને દસ લાખ જેટલા બીજા ભારતીઓ રહે છે. જોકે ઓસ્ટ્રેલિયન સરકારે સેવેલના નિવેદનને ટેકો આપ્યો નથી. ગૃહમંત્રી ટોમી બર્કએ વચન આપ્યું છે કે ભારતીઓ વિરુદ્ધ નફરત ફેલાવનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સેવેલના સંગઠન નેશનલ સોશિયાલિસ્ટ નેટવર્ક પર ઓસ્ટ્રેલિયાની સરકારે પ્રતિબંધ મૂક્યો છે.

સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સામે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ બાબતે અવિમુક્તેશ્વરાનંદના શિષ્યો ખૂબ નારાજ છે. વિવાદ વચ્ચે સીબીઆઈના ભૂતપૂર્વ ડિરેક્ટર એમ નાગેશ્વર રાવ વારાણસી સ્થિત શ્રી વિદ્યામઠ ખાતે પહોંચીને શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદને બંધ બારણે મળ્યા હતા. શરૂઆતમાં તો આ મુલાકાતને શિષ્ય - ગુરુની પરંપરાગત મુલાકાત બતાવવામાં આવી હતી. જોકે પાછળથી સાચુ કારણ બહાર આવ્યું. સુત્રોના જણાવ્યા પ્રમાણે નિવૃત્તી પછી એમ નાગેશ્વર રાવ બીજા કેટલાક નિવૃત્ત અધિકારીઓ અને પત્રકારો સાથે મળીને એક સિવિલ સોસાયટી સંસ્થામાં જોડાયા છે. આ સંસ્થા પ્રયાગરાજના મેળામાં મૌની અમાવસ્યાના દિવસે થયેલા વિવાદ સાથે સંકળાયેલી વિગતોની તપાસ કરે છે. આ તપાસના સંદર્ભમાં એમ નાગેશ્વર રાવએ અવિમુક્તેશ્વરાનંદ સાથે વાતચીત કરી હતી. શંકરાચાર્યની પાલખી યાત્રા શા માટે રોકવામાં આવી હતી તેમજ પોલીસ અને પ્રશાસનની ભૂમિકા કેવી હતી એ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એનસીઈઆરટી) એ પ્રકાશિત કરેલા ૮માં ધોરણમાં પ્રકાશિત કરેલા પુસ્તકમાં ઘણા છબરડા જોવા મળ્યા હતા. આ છબરડા સોશ્યલ સાયન્સના પુસ્તકના બીજા ભાગમાં કરવામાં આવ્યા હતા. આ પુસ્તકમાં સ્વામી વિવેકાનંદ, બીરશા મુંડા જેવી મહાન વ્યક્તિઓ વિશે વિદ્યાર્થીઓને માહિતી આપવાનો ઉદ્દેશ હતો. કાળા પાણીની સજા, કુકા આંદોલન, પાયકા આંદોલનનો પણ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. એનસીઈઆરટીના ડાયરેક્ટરના કહેવા પ્રમાણે પુસ્તકના છબરડા હવે સુધારી લેવામાં આવ્યા છે. ભારતના સ્વતંત્રતા સંગ્રામના લડવૈયાઓને આતંકવાદી ગણાવવામાં આવ્યા હતા. હવે નવા પુસ્તકમાં સ્વામી વિવેકાનંદના જીવન વિશે વર્ણન કરવામાં આવ્યું છે. કુકા આંદોલનનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે આ આંદોલન ૧૮૬૦ના દશકમાં પંજાબથી શરૂ કરવામાં આવ્યું હતું.

આજકાલ લખનૌ યુનિવર્સિટીમાં હોબાળો ચાલુ છે. યુનિવર્સિટીના કમ્પાઉન્ડમાં મુસ્લિમ વિદ્યાર્થીઓએ નમાઝ પઢતા બીજા ધર્મના વિદ્યાર્થીઓ હનુમાન ચાલીસા કરવા પહોંચી ગયા હતા. હનુમાન ચાલીસા કરતા વિદ્યાર્થીઓને પોલીસે પકડીને બહાર કર્યા હતા. હનુમાન ચાલીસાનો પાઠ કરવા ગયેલા વિદ્યાર્થીઓનું કહેવું છે કે જ્યારે કમ્પાઉન્ડમાં નમાઝ પઢવામાં આવી કે ઈફતાર પાર્ટી કરવામાં આવી ત્યારે પોલીસે કોઈ કાર્યવાહી કરી નહોતી. યુનિવર્સિટી કમ્પાઉન્ડની અંદર એક લાલ બારાદરી બિલ્ડીંગ છે આ બિલ્ડીંગમાં મસ્જિદ હોવાનો દાવો થઈ રહ્યો છે. જોકે કેટલાક વિદ્યાર્થીઓનું કહેવું છે કે બિલ્ડીંગની અંદર એક નાનુ મંદિર પણ છે. હવે આ બિલ્ડીંગનું રીડેવલપમેન્ટ થઈ રહ્યું છે. ખોદકામ શરૂ થતાની સાથે જ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં સ્થળ પર પહોંચી ગયા હતા.

હરિયાણાના પલવલ જિલ્લાના છાયસા ગામમાં છેલ્લા કેટલાક દિવસોથી ભેદી મૃત્યુ થઈ રહ્યા છે. ખાસ કરીને યુવાનો અચાનક બિમાર પડે છે એમની તબિયત ઝડપથી બગડે છે અને એમના મૃત્યુ થાય છે. ૨૦ દિવસમાં જ લગભગ ૧૫ વ્યક્તિઓના મૃત્યુ થયા છે એમાં ચાર બાળકો છે. વહીવટી તંત્રએ એવું બહાનુ કાઢ્યું છે કે, ૭ જેટલા મૃત્યુ કમળા અને હીપેટાઈટીસ ઋબીને કારણે થયા છે. આ નાનકડા ગામમાં આજે ભયનું વાતાવરણ છે. આ ગામ ભારતની રાજધાની દિલ્હીથી ફક્ત ૯૦ કીલોમીટર દુર આવ્યું છે. ગામની વસ્તી માંડ છ હજારની છે. બાળકો અને યુવાનોના થતા મૃત્યુને કારણે ગામવાસીઓ ચિંતીત છે. મૃત્યુનું સાચુ કારણ વહીવટી તંત્ર જાહેર કરી રહી નથી.

# સંબંધ માત્ર સુખ દુઃખમાં સાથ આપવા માટે નથી હોતો સંબંધ તો એ છે જે પોતાના હોવાનો અહેસાસ આપે !!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે આપણે ચિંતનાત્મક લેખમાં જોઇએ તો એક સમયે, નદીના કિનારે એક શહેર હતું. ભારે વરસાદ પડ્યો, જેના કારણે નદીએ પોતાનો માર્ગ બદલી નાખ્યો.આના કારણે શહેરમાં પાણીની તંગી ઉભી થઈ,એટલી હદે કે લોકો તેને પી પણ શકતા ન હતા.ધીમે ધીમે લોકો ત્યાંથી જતા રહ્યા,અને એક સમય એવો આવ્યો જ્યારે શહેર સંપૂર્ણપણે ઉજ્જડ થઈ ગયું, ફક્ત ઉંદરો જ રહ્યા.ઉંદરોએ ત્યાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. જમીનમાંથી પાણીનો એક ઝરો નીકળ્યો, જેનાથી એક મોટું તળાવ બન્યું.

બીજી બાજુ,તે શહેરથી બહુ દૂર નહીં,એક જંગલ હતું જ્યાંઘણા જંગલી પ્રાણીઓ રહેતા હતા. તે પ્રાણીઓમાં ઘણા હાથીઓ રહેતા હતા,જેનો રાજા ગજ રાજ નામનો હાથી હતો. એકવાર, ભયંકર દુકાળ પડ્યો. બધા પ્રાણીઓ પાણી માટે રડવા લાગ્યા.મોટા હાથીઓ પણ ખૂબ જ મુશ્કેલીમાં હતા.હાથીના વાછરડાઓ દુઃખી થઈ રહ્યા હતા.તે જ સમયે,ગજરાજનો મિત્ર,ગરુડ,આવ્યો અને તેણે જાણ કરી કે ખંડેર શહેરમાંપાણી નું એક તળાવ છે.આ સાંભળીને હાથી તેના બાળકો અને અન્ય સાથીઓને લઈને શહેર તરફ ગયો.તેઓ રસ્તામાં ઉંદરોના એક શહેર પાસેથી પસાર થયા.તે વિશાળ હાથીઓના પગ નીચે ઘણા ઉંદરો કચડીને મરી ગયા. એટલું જ નહીં, હાથીઓ એ જ રસ્તે પાછા ફર્યા,ઘણા વધુ ઉંદરો ને મારી નાખ્યા.

આ ઘણા દિવસો સુધી ચાલુ રહ્યું અને આ સમાચાર ઉંદરોનારાજા ઉંદર રાજા સુધી પહોંચ્યા.તે ખૂબ જ ચિંતિત હતો.તેના મંત્રીઓએ ઉંદર રાજાને કહ્યું, 'મહારાજ,તમારે જઈને ગજ રાજ સાથે આ વિશે વાત કરવી જોઈએ.'તેમના શબ્દો સાંભળી ને, ઉંદર રાજા ગજરાજ સાથે વાત કરવા જંગલમાં ગયો. ગજરાજ એક મોટા ઝાડ નીચે ઊભો હતો.ઉંદર રાજા નજીકના એક મોટા પથ્થર પર ચઢી ગયો અને કહ્યું,'ગજરાજને નમસ્તે! હું ઉંદર રાજા છું. હું મારી પ્રજા સાથે તે ખંડેર શહેરમાં રહું છું.'

હાથી ઉંદર રાજાને સ્પષ્ટ રીતે સાંભળી શક્યો નહીં. તે સહેજ નીચે ઝૂકી ગયો,ઉંદર તરફ કાન ફેરવ્યો,અને કહ્યું,'ઓહ, નાના પ્રાણી,તું કંઈક કહી રહ્યો હતો. શું તને તે પુનરાવર્તન કરવામાં વાંધો છે?' આ સાંભળીને, ઉંદર રાજાએ પોતાના શબ્દો ફરી બોલ્યા'હું ઉંદર રાજા છું.હું મારી પ્રજા સાથે તે ખંડેર શહેરમાં રહું છું.જ્યારે પણ તમે અને તમારા અન્ય હાથી મિત્રો તળાવમાં જાઓ છો, ત્યારે તમારા પગ નીચે ઘણા ઉંદર મરી જાય છે. કૃપા કરીને!'આવું ના કર, નહીં તર આપણામાંથી કોઈ બચી શકશે નહીં.'

આ સાંભળીને હાથીએ ઉદાસ થઈને કહ્યું, 'મને ખ્યાલ નહોતો કે આપણે આટલું ખરાબ કામ કરી રહ્યા છીએ. આપણે તળાવ સુધી જવાનો બીજો રસ્તો શોધીશું.'

ઉંદર ખૂબ ખુશ થઈ ગયો અને કહ્યું, 'ગજરાજ, તમે મારા જેવા નાના પ્રાણીની વાત સાંભળી, અને હું આભારી છું.જો તમને ભવિષ્યમાં ક્યારેય કોઈ મદદની જરૂર હોય, તો કૃપા કરીને મને જણાવો.'

હાથીએ મનમાં વિચાર્યું, 'આટલું નાનું પ્રાણી મારા માટે શું સારું રહેશે?'તેથી,તેણે હસીને ઉંદરને વિદાય આપી.થોડા દિવસો સુધી બધું બરાબર ચાલી રહ્યું હતું, જ્યારે એક પડોશી દેશના રાજા એ પોતાની સેનાને મજબૂત કરવા માટે હાથીઓ રાખવાનું નક્કી કર્યું. રાજાના મંત્રી અને તેની સેનાએ જંગલમાં ઘણા હાથીઓને પકડી લીધા. હાથી ઓને પકડાઈ જવાની ચિંતા ગજરાજને પરેશાન કરવા લાગી. એક રાત્રે,જંગલમાં ફરતી વખતે, ચિંતાતુર,ગજરાજ અચાનક સૂકા પાંદડાઓમાં છુપાયેલા ફાંદા પર પગ મૂક્યો, અને તે તેમાં ફસાઈ ગયો.હાથી જોરથી ચીસો પાડવા લાગ્યો પરંતુ કોઈ તેને મદદ કરી શક્યું નહીં.કોઈ તેની મદદે આવ્યું નહીં. તે દરમિયાન, એક ભેંસે હાથીનો પોકાર સાંભળ્યો.તે હાથીનો ખૂબ આદર કરતો હતો કારણ કે હાથીએ એક વખત ભેંસને ખાડામાંથી બચાવી હતી અને તેનો જીવ બચાવ્યો હતો. હાથીને જાળમાં ફસાયેલો જોઈને તે ખૂબ જ ચિંતિત થઈ ગયો અને કહ્યું, 'હાથી, હું તને શું મદદ કરી શકું? હું મારા જીવથી પણ તને મદદ કરીશ,ગજરાજ.'હાથીએ કહ્યું, 'જલ્દી જા અને તે ખંડેર શહેર માં રહેતા ઉંદર રાજાને જાણ કર ' હાથીની વાત સાંભળીને, ભેંસ ઉંદર રાજા પાસે દોડી ગઈ અને તેને બધું કહ્યું.ઉંદર રાજાએ આ સાંભળતાની સાથે જ,તે તેના ઘણા સૈનિકોને લઈને ભેંસની પીઠ પર બેસીને હાથી પાસે પહોંચ્યો.પછી ઉંદરોએ સાથે મળીને જાળ કાપી, અને હાથીને મુક્ત કરવામાં આવ્યો.આ પછી, હાથીએ ઉંદર રાજાનો આભાર માન્યો. બધા ખુશીથી રહેતા હતા હાથી અને ઉંદર રાજા વચ્ચેની મિત્રતા ગાઢ બની.યશોદાજી બાલકૃષ્ણને ખાંડણિયા સાથે દોરડાથી બાંધે છે.દોરી બે આંગળ ઓછી પડી.બીજી દોરી જોડી,તો તે પણ બે આંગળ ટૂંકી પડી, પછી ત્રીજી જોડી તો તે પણ બે આંગળ ટૂંકી પડી.આ પ્રમાણે જેમ દોરી લાવે અને જોડે તેમ ટૂંકી પડે.

મહાત્માઓ કહે છે કે, દોરીને શ્રીકૃષ્ણનો સ્પર્શ થયો એટલે દોરીનો સ્વભાવ બદલાયો. ભાગવદ્સ્પર્શ વગર સ્વભાવ બદલાતો નથીતેનું આ દૃષ્ટાંત છે. યજ્ઞ કરવાથી સ્વભાવ સુધરતો નથી.તીર્થયાત્રા કરવાથી સ્વભાવ સુધરતો નથી,બ્રાહ્મણોને જમાડ વાથી સ્વભાવ સુધરતો નથી. જે મનથી પ્રભુનું ધ્યાન કરે છે,જે મનથી પરમાત્મા ને મળે છે તેનો સ્વભાવ સુધરે છે.ભાગવત્સ્પર્શ વગર સ્વભાવ બદલાતો નથી. બ્રહ્મ સ્પર્શ થયા પછી બંધન શાનું દોરીએ બીજાને બાંધવાનો પોતાનો સ્વભાવ છોડી દીધો,એ જોઈ ગોપીઓ યશોદાજીને કહે છે,મા, મે તેમ કર.આ લાલાના ભાગ્યમાં બંધન લખ્યું નથી!નથી જ.લાલો તો સંસારના બંધનમાં થી આપણને સૌને છોડાવવા આવ્યો છે.

ઐશ્વર્યશક્તિ પરમાત્માને સ્વામી માને છે પણ વાત્સલ્યશક્તિ કહે છે કે, હું પરમાત્માને બાંધીશ. ઐશ્વર્યશક્તિ કહે છે કે, હું મારા પતિને બાંધવા નહીં દઉં. ઐશ્વર્ય શક્તિ અને વાત્સલ્યશક્તિ વચ્ચે આ મધર ઝઘડો છે.છેવટે પ્રભુ એ ઐશ્વર્ય શક્તિને હુકમ કર્યો કે, ગોકુળમાં હું ઈશ્વર નથી, ગોકુળમાં હું યશોદાનો બાળ છું હું દ્વારકા આવીશ ત્યારે તારો ધણી થઈને આવીશ. માટે તું જા અહીંથી!મને બાંધવાની ઈચ્છાછે તો ભલે બાંધે. વ્રજમાં તારે આવવાની જરૂર નથી.

ગોકુળલીલામાં વાત્સલ્યભાવ પ્રધાન છે.પૌગંડલીલામાં સખ્ય ભાવ પ્રધાન છે. ગોપીઓ સાથેની લીલામાં માધુર્યભાવ પ્રધાન છે. શ્રીકૃષ્ણની આજ્ઞા થતાં ઐશ્વર્ય શક્તિએ દોરડામાંથી વિદાય લીધી.

### સેમિકનેક્ટ કોન્ફરન્સમાં માઇક્રોન અને ટાટા સહિતના વૈશ્વિક દિગ્ગજોનો મહાકુંભ યોજાશે

# 1 માર્ચ, 2026ના રોજ મહાત્મા મંદિર ખાતે ત્રીજી સેમિકનેક્ટ કોન્ફરન્સની યજમાની કરશે ગુજરાત

**આ વર્ષની કોન્ફરન્સની થીમ 'ગુજરાત : ઇન્ડિયાઝ ગેટવે ટુ સિલિકોન' રાખવામાં આવી છે, આ થીમ સ્પષ્ટ કરે છે કે ગુજરાત માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ અને રિસર્ચનું મુખ્ય કેન્દ્ર બનવા સજ્જ છે**

ગાંધીનગર, તા.26

ભારતને ટેક્નોલોજીના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવાના વિઝન સાથે ગુજરાત ફરી એકવાર વૈશ્વિક ફલક પર ચમકવા તૈયાર છે. આગામી 1 માર્ચ, 2026ના રોજ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'સેમિકનેક્ટ કોન્ફરન્સ 2026'ની ત્રીજી આવૃત્તિનું ભવ્ય આયોજન કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ વિકસાવવાના સંકલ્પને વેગ આપવા માટે આ કોન્ફરન્સ એક સીમાચિહ્નરૂપ સાબિત થશે.




ગુજરાત સરકારના સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ તથા ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન (GSEM) દ્વારા આયોજિત આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં થશે. આ પ્રસંગે કેન્દ્રીય આઈટી અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને સાયન્સ-ટેક્નોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયા પણ ખાસ હાજર રહી માર્ગદર્શન પૂરું પાડશે. આ વર્ષની કોન્ફરન્સની થીમ 'ગુજરાત: ઈન્ડિયાઝ ગેટવે ટુ સિલિકોન' રાખવામાં આવી છે. આ થીમ સ્પષ્ટ કરે છે કે ગુજરાત માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ અને રિસર્ચનું મુખ્ય કેન્દ્ર બનવા સજ્જ છે. રાજ્ય પાસે રહેલું મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડેડિકેટેડ ઔદ્યોગિક કોરિડોર અને ઉદ્યોગ સાનુકૂળ નીતિઓને કારણે વિશ્વના મોટા રોકાણકારો માટે ગુજરાત પહેલી પસંદ બની રહ્યું છે.

આ બે દિવસીય કોન્ફરન્સમાં દુનિયાભરના નામી CEOs અને નીતિ નિર્માતાઓ એક મંચ પર આવશે. જેમાં મુખ્યત્વે TEPLના સીઈઓ રણધીર ઠાકુર, માઈક્રોન ટેક્નોલૉજીના સીઈઓ સંજય મેહરોત્રા, CG સેમીના ચેરમેન જી. સી. ચતુર્વેદી, અને કેન્સ ટેક્નોલૉજીના રમેશ કુન્હીકન્નન જેવા દિગ્ગજો ભાગ લેશે.

### છેલ્લા બે વર્ષમાં રૂ. 3,727 કરોડનું ડ્રગ્સ પકડ્યું

# ગુજરાત સરકારની ડ્રગ્સ વિરુદ્ધ 'ઝીરો ટોલરન્સ' નીતિ

**ડ્રગ્સ મુક્ત ગુજરાતના સંકલ્પ સાથે છેલ્લા બે વર્ષમાં 1,647 ગુના અને 41,000 કિલો નશાના કારોબારનો પર્દાફાશ : રાજ્ય મંત્રી**

ગાંધીનગર, તા.26

રાજ્યમાં ડ્રગ્સના દૂષણને નાથવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા કડક અને નક્કર પગલાંઓની વિધાનસભામાં વિગતવાર માહિતી રજૂ કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર ડ્રગ્સ મુક્ત ગુજરાતના સંકલ્પ સાથે આગળ વધી રહી છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ડ્રગ્સના સોદાગરો સામે ગુજરાત પોલીસે ટોપ ટુ બોટમ ઈન્વેસ્ટિગેશન કરીને કડકમાં કડક કાર્યવાહી કરી છે. રાજ્ય સરકારે કચ્છ જિલ્લામાં ડ્રગ્સ સોદાગરોની રૂ. ૩૨.૨૦ કરોડની મિલકતો પણ જપ્ત કરી છે. એટલું જ નહીં, ડ્રગ્સના વેપાર સાથે જોડાયેલા તત્વોના ગેરકાયદે બાંધકામો પર પણ 'દાદાનું બુલડોઝર' ફેરવી દેવામાં આવ્યું છે. ગુજરાત પોલીસે અન્ય રાજ્યોની પોલીસ સાથે સંકલન સાધીને 'પાંડી બ્રધર્સ' જેવા આંતરરાજ્ય ડ્રગ્સ માફિયાઓના નેટવર્કને તોડી પાડ્યું છે. ગુજરાત પોલીસે ડ્રગ્સ બનાવતી ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યમાંથી પણ ડ્રગ્સ બનાવતી ફેક્ટરીઓ



પકડી છે. તે ઉપરાંત ડ્રગ પેડલર અને ડ્રગ કાર્ટેલ્સને પકડીને ટોપ ટુ બોટમ તમામ પ્રકારના પાસાઓને ધ્યાનમાં રાખીને ઈન્વેસ્ટિગેશન કરી ડ્રગ નેટવર્કના મુળ સુધી પહોંચી ગુનેગારો સામે કડક પગલાં લીધા છે. સંઘવીએ ઉમેર્યું હતું કે, ડ્રગ્સના દુષણ સામે લડવા માટે સરકારે માત્ર કાયદાકીય કાર્યવાહી જ નહીં, પણ માનવીય અભિગમ પણ અપનાવ્યો છે. ડ્રગ્સની આદતનો ભોગ બનેલા યુવાનોને જેલમાં મોકલવાને બદલે, સુરત અને અમદાવાદ જેવા શહેરોમાં પોલીસ કમિશનરના અધ્યક્ષ સ્થાને તેમના પરિવાર સાથે મળીને કાઉન્સેલિંગ દ્વારા તેમને ફરી મુખ્ય પ્રવાહમાં લાવવાના પ્રયાસો કરવામાં આવે છે.

### ગુજરાત હાઈકોર્ટમાં 560 જગ્યા ખાલી

# ગુજરાતમાંથી બે વર્ષમાં 43,604 કિલો ગૌમાંસ ઝડપાયાનો સ્વીકાર

**ધારાસભ્ય અમિત શાહએ કોંગ્રેસના સમયના કરફ્યુ અને તોફાનોની યાદ અપાવીને કટાક્ષ કર્યો અને લતીફ પ્રકરણનો ઉલ્લેખ કરતાં IPS અધિકારી ગીતા જોહરીની બહાદુરીનો ઉલ્લેખ કર્યો**

ગાંધીનગર, તા.26

ગુજરાત વિધાનસભાના પ્રશ્નકાળ અને અંદાજપત્રની ચર્ચા દરમિયાન ગૃહમાં એક તરફ આંકડાકીય માહિતી જોવા મળી તો બીજી તરફ સત્તા-વિપક્ષ વચ્ચે તીખી ટકરાવ અને ટિપ્પણીઓથી વાતાવરણ ગરમાયું. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારએ મંત્રી કુબેર ડિંડોર સામે ટોણો મારતા પૂછ્યું કે, "તમે એવા કેવા કામ કર્યા કે તમારે પાછળ બેસવાનો વારો આવ્યો?" આ નિવેદનથી ગૃહમાં તણાવ સર્જાયો અને અધ્યક્ષ શંકર ચૌધરીએ રાજકીય ટિપ્પણી ન કરવાની ટકોર કરી. અંદાજપત્રની ચર્ચા દરમિયાન ભાજપના ધારાસભ્ય અમિત શાહએ કોંગ્રેસના સમયના



કરફ્યુ અને તોફાનોની યાદ અપાવીને કટાક્ષ કર્યો અને લતીફ પ્રકરણનો ઉલ્લેખ કરતાં IPS અધિકારી ગીતા જોહરીની બહાદુરીનો ઉલ્લેખ કર્યો. ગૃહમાં રજૂ થયેલા આંકડાઓ મુજબ ગુજરાત હાઈકોર્ટમાં ગ્રુપ-Aની 30, ગ્રુપ-Bની 33, ગ્રુપ-Cની 341 અને ગ્રુપ-Dની 156 જગ્યાઓ ખાલી છે, જેમાંથી ગ્રુપ A અને Bની 12 જગ્યાઓ એક વર્ષથી અને 22 જગ્યાઓ બે વર્ષથી ખાલી છે. ગ્રુપ Cમાં 138 જગ્યાઓ એક વર્ષથી અને 203 જગ્યાઓ બે વર્ષથી ખાલી છે જ્યારે ગ્રુપ Dમાં 72 જગ્યાઓ એક વર્ષથી અને 84 જગ્યાઓ બે વર્ષથી ખાલી છે. ગૌ માંસ મુદ્દે સરકારે જણાવ્યું કે છેલ્લા બે વર્ષમાં કુલ 43604 કિલો ગૌ માંસ અને 1272 કિલો ગૌ વંશનું માંસ પકડાયું છે, 1235 આરોપીની ધરપકડ થઈ છે અને હજુ 107 આરોપી ફરાર છે. પંચમહાલ જિલ્લામાં સૌથી વધુ 21871 કિલો ગૌ માંસ અને 292 કિલો ગૌ વંશ પકડાયું છે, જ્યાં 409 ધરપકડ અને 50 આરોપી ફરાર હોવાનું બહાર આવ્યું.

### સંભવિત 19 એપ્રિલે PSI કેડરની લેખિત પરીક્ષા

# ફિઝિકલમાં PSI કેડરના 1.10 લાખ ઉમેદવારો ક્વોલિફાય થયા

**પાસ થયેલા ઉમેદવારોમાં 74,591 પુરુષ અને 36,074 મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે**

ગાંધીનગર, તા.26

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા જાહેર કરાયા મુજબ પી.એસ.આઈ. કેડર અને લોકરક્ષક કેડરના વર્ગમાં રાજ્યભરમાં મોટી સંખ્યામાં ઉમેદવારો શારીરિક કસોટીમાં જોડાયા છે. PSI કેડર માટેની ફિઝિકલ ટેસ્ટ પૂર્ણ થતા 1.10 લાખ ઉમેદવારોનું ક્વોલિફાય લિસ્ટ જાહેર કરાયું છે. જ્યારે LRD કેડરની ફિઝિકલ ટેસ્ટ 13 માર્ચ સુધી ચાલવાની હોય ત્યારબાદ ક્વોલિફાય લીસ્ટ આવશે. PSI કેડરના ક્વોલિફાય થયેલા ઉમેદવારોની લેખિત પરીક્ષા સંભવિત 19 એપ્રિલે યોજાઈ શકે છે. કસોટી પૂર્ણ થયા બાદ પી.એસ. આઈ. તેમજ લોકરક્ષક બંને માટે નોંધાયેલા કુલ 3,93,558 ઉમેદવારોની શારીરિક કસોટી હાથ ધરવામાં આવી હતી. તેમાંમાંથી 1,10,665 ઉમેદવારો શારીરિક પરીક્ષા પાસ કરવામાં સફળ રહ્યા છે. પાસ થયેલા ઉમેદવારોમાં 74,591 પુરુષ અને 36,074 મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે.

ભરતી બોર્ડ દ્વારા આજે જ પરિણામ સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે. હવે શારીરિક કસોટીમાં ઉત્તિર્ણ થયેલા ઉમેદવારો માટે લેખિત પરીક્ષા આવનાર તા. 19 એપ્રિલ, 2026ના રોજ યોજાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.ગુજરાત પોલીસ ભરતી પ્રક્રિયામાં આ વખતે ભવ્ય પ્રતિસાદ જોવા મળ્યો છે, જેના કારણે સ્પર્ધા વધુ કઠિન બનવાની શક્યતા છે. ઉમેદવારો હવે લેખિત પરીક્ષા માટે તૈયારીમાં લાગી ગયા છે.

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) ની ભરતી પ્રક્રિયા અંતર્ગત મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. જાહેરનામું ક્રમાંક GPRB/202324/1 હેઠળ કુલ 472 જગ્યાઓ માટે ચાલી રહેલી ભરતી પ્રક્રિયામાં પ્રથમ તબક્કામાં 4.60 લાખથી વધુ ઉમેદવારોએ શારીરિક કસોટી આપી હતી. તેમાં સફળ થયેલા એક લાખથી વધુ ઉમેદવારોની લેખિત પરીક્ષા 13 એપ્રિલ 2025ના રોજ લેવામાં આવી હતી.

### રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં કુલ 11,100 પોલીસ અધિકારીઓને બઢતી અપાઈ

# રાજ્યમાં 10,288 પોલીસ અધિકારીઓની ભરતીની પ્રક્રિયા પ્રગતિમાં : કાયદા રાજ્યમંત્રી



અમદાવાદ, તા.26

વિધાનસભા ગૃહ ખાતે રાજ્યમાં પોલીસ ભરતી અને બઢતી અંગેના મહત્ત્વના આંકડાઓ રજૂ કરતાં કાયદા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ જણાવ્યું કે રાજ્યમાં વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૦,૨૮૮ પોલીસ અધિકારીઓની ભરતીની પ્રક્રિયા ચાલી રહી છે. જ્યારે વર્ષ ૨૦૨૪માં ૬,૩૧૯ અને વર્ષ ૨૦૨૫માં ૪,૭૮૧ મળીને કુલ ૧૧,૧૦૦ પોલીસ અધિકારીઓને બઢતી આપવામાં આવી છે. વડોદરા શહેરમાં પોલીસ મહેકમની ખાલી જગ્યાઓ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ અંગેના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા રાજ્યમંત્રી વેકરિયાએ જણાવ્યું કે જાન્યુઆરી-૨૦૨૬માં વડોદરા શહેરમાં ૧,૧૩૧ પોલીસ કોન્સ્ટેબલની સીધી ભરતીથી નિમણૂક કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન સમગ્ર રાજ્યમાં ૪૭૫ બિનહથિયારી PSIની ભરતી કરવામાં આવી છે. જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬માં અંદાજે ૬૫૯ બિનહથિયારી PSI અને ૧૨૯ હથિયારી PSI માટે સીધી ભરતીની પ્રક્રિયા હાલ કાર્યરત છે, જે પૂર્ણ થતા વડોદરા શહેરની ઘટ પૂરી કરવામાં આવશે.

### વિધાનસભામાં આપવામાં આવેલી વિગતો મુજબ

# પરમિટ વાળા વિદેશી દારૂના વેચાણથી સરકારને ₹100 કરોડથી વધુની આવક

ગાંધીનગર, તા.26

ગાંધીનગરમાંથી મળતી માહિતી અનુસાર ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પરમિટ આધારીત વિદેશી દારૂના વેચાણથી રાજ્ય સરકારને મોટો આવક સ્ત્રોત મળ્યો છે. વિધાનસભામાં આપવામાં આવેલી વિગતો મુજબ છેલ્લા સમયગાળામાં પરમિટ ફી અને સંબંધિત ચાર્જ દ્વારા સરકારને રૂપિયા 100 કરોડથી વધુની આવક થઈ છે.

આરોગ્ય કારણોસર તેમજ નિર્ધારિત કેટેગરી હેઠળ લોકોને દારૂ પરમિટ આપવામાં આવે છે, જેના કારણે કાયદેસર રીતે વેચાણ શક્ય બને છે. સરકારના જણાવ્યા મુજબ પરમિટ માટે મોટી સંખ્યામાં અરજીઓ મળી રહી છે અને મોટાભાગની અરજીઓ મંજૂર પણ કરવામાં આવી છે. દારૂબંધીવાળા રાજ્યમાં આ પરમિટ



સિસ્ટમ સરકાર માટે આવકનું મહત્વપૂર્ણ સાધન બની રહી છે. બીજી તરફ, વિરોધ પક્ષે આ મુદ્દે પ્રશ્નો ઉઠાવતા જણાવ્યું છે કે દારૂબંધી હોવા છતાં આવકનો આ આંકડો ચિંતાજનક છે. રાજ્ય સરકારનું કહેવું છે કે તમામ પ્રક્રિયા કાયદેસર અને નિયમો મુજબ ચાલી રહી છે. આવનારા સમયમાં પરમિટ પ્રક્રિયા વધુ પારદર્શક અને ડિજિટલ બનાવવાની દિશામાં પગલાં લેવાશે.

### ભાજપ પર ગુંડાગર્દીના આક્ષેપ

# AAP નેતાઓ પર હુમલા મુદ્દે વિધાનસભામાં વિરોધ

**ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે, આમ આદમી પાર્ટી જેમ મજબૂત બની તેમ તેમ હવે હુમલાઓની રાજનીતિ શરૂ થઈ છે**

રાજકોટ, તા.26

રાજકોટ જિલ્લાના ગોંડલમાં ૨૪ ફેબ્રુઆરીએ આપ નેતા જીગીશા પટેલ પર અજાણ્યા શખસો અને મહિલાઓના ટોળાએ જીવલેણ હુમલો કર્યો હતો. જે બાબતે આજે બુધવારે આપ નેતાઓએ વિધાનસભા પરિસરમાં રોષ ઠાલવી વિરોધ વ્યક્ત કર્યો, અને ભાજપના હોદ્દેદારો પર ગુંડાગર્દી આરોપ કરતાં કહ્યું હતું કે, ભાજપના ગુંડા જેવા કોર્પોરેટરે મહિલાઓનું ટોળું મોકલીને હુમલો કરાવ્યો હતો સમગ્ર મામલે જો કાર્યવાહી ન થાય તો રોડથી લઈને વિધાનસભા સુધી ઉગ્ર વિરોધની પણ ચીમકી આપ



નેતાઓ દ્વારા ઉચ્ચારવામાં આવી. ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા કહ્યું કે, આમ આદમી પાર્ટી જેમ મજબૂત બની તેમ તેમ હવે હુમલાઓની રાજનીતિ શરૂ થઈ છે. ગતરોજ આમ આદમી પાર્ટીના નેતા જીગીશા પટેલ પર મહિલાઓના ટોળા દ્વારા હુમલો કરવામાં આવ્યો. ગોંડલ નગરપાલિકાના કેટલાક પ્રશ્નોને લઈને આમ જનતાએ જીગીશાબેન પટેલને વાત કરી કે અમારા વિસ્તારમાં આ પ્રશ્નો છે, તો તમે સાંભળવા આવો, ભાજપના નેતાઓ કામ ઓછું કરે છે અને ગુંડાગર્દી વધારે કરે છે, માટે જનતાને તેમના પર વિશ્વાસ નથી. માટે લોકોએ જીગીશાબેનને ત્યાં બોલાવ્યા અને જ્યારે જીગીશાબેન ત્યાં પહોંચ્યા તો ભાજપના ગુંડા જેવા કોર્પોરેટરે મહિલાઓનું ટોળું મોકલીને જીગીશાબેન પર એક કાયરતાપૂર્વક હુમલો કરાવ્યો.

### 15 મહાનગરપાલિકાઓ સજ્જ, કોંગ્રેસે પણ કસી કમર

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ધમધમાટ શરૂ થયો...

ગાંધીનગર, તા.26

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓમાં ચૂંટણી યોજાવાની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા સત્તાવાર કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે, તો બીજી તરફ વિરોધ પક્ષ કોંગ્રેસ પણ આ વખતે એક્શન મોડમાં જોવા મળી રહ્યો છે. આ વખતે રાજ્યના નાના-મોટા મુખ્ય શહેરોમાં ચૂંટણીનો જંગ જામશે. જેમાં અમદાવાદ, રાજકોટ, ભાવનગર, સુરત, વડોદરા, જામનગર, કરમસદ-આણંદ, ગાંધીધામ, નડિયાદ, મહેસાણા, નવસારી, પોરબંદર, સુરેન્દ્રનગર, મોરબી અને વાપીનો સમાવેશ થાય છે. ચૂંટણી પંચ દ્વારા પારદર્શી અને સુચારુ મતદાન માટે વહીવટી માળખું તૈયાર કરી દેવામાં આવ્યું છે. આ પ્રક્રિયાની મુખ્ય વિગતોની વાત કરીએ તો તમામ ૧૫ મહાનગરપાલિકાઓમાં મુખ્ય ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરી દેવામાં આવી છે. મુખ્ય અધિકારીઓને સહાયરૂપ થવા માટે મદદનીશ ચૂંટણી અધિકારીઓની પણ નિમણૂક કરવામાં આવી છે. વહીવટી સરળતા ખાતર પ્રત્યેક બે અથવા ત્રણ વોર્ડ દીઠ એક ચૂંટણી અધિકારીને જવાબદારી સોંપવામાં આવી છે, જેથી સ્થાનિક સ્તરે મોનિટરિંગ મજબૂત બની શકે.

સત્તાધારી પક્ષને ટક્કર આપવા માટે કોંગ્રેસે અત્યારથી જ પાયાનું કામ શરૂ કરી દીધું છે. કોર્પોરેશન અને પંચાયતની ચૂંટણીઓ માટે પક્ષ દ્વારા ખાસ રણનીતિ ઘડવામાં આવી છે.

# ટીમ ઈન્ડિયા સેમિ ફાઈનલમાં નહીં પહોંચે તો 4 સ્ટાર ખેલાડીઓનું કરિયર જોખમમાં મુકાશે!

**નવી દિલ્હી, તા.26**

સાઉથ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝ સામે હાર્યા બાદ ભારત અને ઝિમ્બાબ્વે બંને માટે ગુરુવારે (26 ફેબ્રુઆરી) યોજાનારી ગ્રુપ 1ની સુપર 8 મેચ મહત્વની બની ગઈ છે. ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં બંને ટીમો સેમીફાઈનલની રેસમાં ટકી રહેવા માટે આ મેચ જીતવા માટે ઉતરશે. ભારત પર તો આ મેચ અંગે ભારે દબાણ જોવા મળી રહ્યું છે. ઉપરાંત ભારતીય ટીમે એવી પણ પ્રાર્થના કરવાની છે કે, દિવસની પ્રથમ મેચમાં (26 ફેબ્રુઆરી, વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ સાઉથ આફ્રિકા) સાઉથ આફ્રિકાની ટીમ વેસ્ટ ઈન્ડિઝને હરાવી દે અને ત્યારબાદ ભારતીય ટીમ ઝિમ્બાબ્વેને હરાવી દે. કારણ કે વેસ્ટ ઈન્ડિઝનો નેટ રન રેટ 5 થી ઉપર છે, જ્યારે સાઉથ આફ્રિકાનો નેટ રન રેટ +3.800 છે.

ભારતીય ટીમ ડિફેન્ડિંગ ચેમ્પિયન છે અને પોતાના ઘરે જ રમી રહી હોવાથી તેના પર બમણું દબાણ છે. સાઉથ આફ્રિકા સામેની હાર બાદ ભારતનો નેટ રન રેટ -3.800 છે. આવી સ્થિતિમાં સૂર્યા બ્રિગેડ ઈચ્છશે કે સમીકરણો તેમના પક્ષમાં રહે. જો વેસ્ટ ઈન્ડિઝ આફ્રિકા સામે જીતી જાય તો ભારતની સેમીફાઈનલની ગણતરી બગડી શકે છે.

સુપર 8માં આજે (ગુરુવારે) દિવસની મેચ બપોરે 3 વાગ્યે અમદાવાદમાં વેસ્ટ ઈન્ડિઝ અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાશે. ત્યાં બે પોઈન્ટ માટે જંગ જામશે, પરંતુ અમદાવાદથી લગભગ 2,000 કિલોમીટર દૂર ચેન્નાઈમાં ભારત અને ઝિમ્બાબ્વેની ટીમો આ મેચ પર ખૂબ જ ધ્યાનથી નજર રાખશે. જો આજે ભારતીય ટીમની અપેક્ષા મુજબનું પરિણામ નહીં આવે, તો એવા ઘણા ખેલાડીઓ છે જેના ટી20 કરિયર પર ખતરો પેદા થઈ શકે છે.



અભિષેક શર્મા: અત્યારે ભારતમાં જો કોઈ ખેલાડીની સૌથી વધુ ટીકા થઈ રહી હોય તો તે અભિષેક શર્મા છે. તેણે ટી20 વર્લ્ડ કપ 2026ની 4 મેચમાં માત્ર 15 રન બનાવ્યા છે. આ 15 રન પણ સાઉથ આફ્રિકા સામેની છેલ્લી ટી20 મેચમાં આવ્યા હતા. શરૂઆતની મેચોમાં તેમણે 3 વખત શૂન્ય પર પેવેલિયનની વાટ પકડી હતી. અભિષેક શર્મા હાલમાં ટી20 રેન્કિંગમાં નંબર 1 બેટ્સમેન છે, પરંતુ તેના હાલના ફોર્મે ટીમ ઈન્ડિયાની ચિંતા વધારી છે. 1 જાન્યુઆરી 2025થી અત્યાર સુધીના આંકડા જોઈએ તો અભિષેક ભારતીય ટીમના સૌથી સફળ બેટ્સમેન રહ્યા છે. તેણે 30 મેચોની 30 ઈનિંગ્સમાં 37.71ની એવરેજ અને 196.64ના સ્ટ્રાઈક રેટથી 1056 રન બનાવ્યા છે. જો અભિષેક આગળ પણ ફ્લોપ રહેશે, તો વિકલ્પ તરીકે યશસ્વી જાયસ્વાલ અને વૈભવ સૂર્યવંશી પણ છે. વૈભવ આગામી 27 માર્ચે સિનિયર ટીમ ઈન્ડિયામાં પસંદગી માટે પાત્ર બનશે. વૈભવ અત્યારે 14 વર્ષનો છે અને ICCના નિયમ મુજબ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવા માટે ખેલાડીની લઘુત્તમ ઉંમર 15 વર્ષ હોવી જોઈએ.

તિલક વર્મા: ચાલુ ટી20 વર્લ્ડ કપમાં તિલક વર્મા પણ નબળી કડી બન્યો છે. તે ટીમની સૌથી મજબૂત ગણાતી નંબર 3 પોઝિશન પર રમી રહ્યો છે. તેણે 5 ઈનિંગ્સમાં 107 રન બનાવ્યા છે. જેમાં તેની એવરેજ 21.40 અને સ્ટ્રાઈક રેટ 118.88 છે. જે ત્રીજા નંબરના બેટ્સમેન માટે ઘણો ઓછો છે.તેની જગ્યા લેવા માટે શ્રેયસ અય્યર જેવા બેટ્સમેનો તૈયાર છે. તિલક જે રીતે સાઉથ આફ્રિકા સામે શોટ રમવા જતાં આઉટ થયો, ત્યારબાદ સુનિલ ગાવસ્કરે પણ તેને ઠપકો આપ્યો હતો.


રિંકુ સિંહ: ટી20 વર્લ્ડ કપ 2026માં રિંકુ સિંહે અત્યાર સુધીની 5 મેચમાં માત્ર 29 બોલ રમીને 24 રન બનાવ્યા છે. રિંકુએ અમેરિકા સામે 14 બોલમાં 6 રન, નામિબિયા સામે 6 બોલમાં 1 રન, પાકિસ્તાન સામે 4 બોલમાં અણનમ 11 રન અને નેધરલેન્ડ સામે 3 બોલમાં અણનમ 6 રન બનાવ્યા. સાઉથ આફ્રિકા સામે તે 2 બોલ રમ્યો પણ ખાતું ખોલાવ્યા વિના જ આઉટ થઈ ગયો. જોકે, ક્રિકેટના નિષ્ણાતોનો એક પક્ષ માને છે કે, રિંકુને પૂરતી તક મળી નથી, તો પણ તેના પર સવાલ ઉઠાવવો યોગ્ય નથી. છતાં રિંકુની જગ્યા લેવા માટે પણ ટીમમાં અનેક ખેલાડીઓ દાવેદાર છે.

સૂર્યકુમાર યાદવ: આ ટી20 વર્લ્ડ કપમાં સૂર્યકુમાર યાદવ ભારતીય ટીમનો કેપ્ટન છે, પરંતુ તેનું ફોર્મ એવું નથી જેના માટે તે જાણીતો છે. જો ભારતીય ટીમની સફર વર્લ્ડ કપમાં પૂરી થશે તો 35 વર્ષીય સૂર્યાના કરિયર પર બ્રેક લાગી શકે છે. સૂર્યા આ વર્લ્ડ કપમાં અત્યાર સુધી ભારત તરફથી સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે. તેણે 5 મેચોની 5 ઈનિંગ્સમાં 1 વખત અણનમ રહીને 180 રન 45.00ની એવરેજ અને 127.65ના સ્ટ્રાઈક રેટથી બનાવ્યા છે. સૂર્યાનો હાઈએસ્ટ સ્કોર 84* છે, જે તેણે અમેરિકા સામેની ઓપનિંગ મેચમાં બનાવ્યો હતો. પરંતુ સૂર્યાનો એકંદર ટી20 આંતરરાષ્ટ્રીય મેચોનો સ્ટ્રાઈક રેટ 162.77 અને એવરેજ 37.32 છે, જે વર્લ્ડ કપમાં ઘટી ગયા છે.

## સેમસન નહીં પણ ઝિમ્બાબ્વે વિરુદ્ધ રમશે ગુજરાતનો આ સ્ટાર ખેલાડી! ટીમ ઈન્ડિયા માટે બનશે 'ટ્રમ્પ કાર્ડ'

**નવી દિલ્હી, તા.26**

ટી20 વર્લ્ડ કપ 2026ના સુપર-8 રાઉન્ડમાં આજે રમાનારા બે મોટા મુકાબલા ભારતીય ફેન્સ માટે રોમાંચ અને ચિંતા બંને લઈને આવ્યા છે. આજે પહેલી ટક્કર સાઉથ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે છે, જ્યારે સાંજે ચેન્નાઈમાં ભારત અને ઝિમ્બાબ્વે સામસામે ટકરાશે. ભારત માટે સેમીફાઈનલની રેસમાં ટકી રહેવા માટે ઝિમ્બાબ્વે સામે જીત મેળવવી અનિવાર્ય છે, પરંતુ તે પહેલાં સાઉથ આફ્રિકા વેસ્ટ ઈન્ડિઝને હરાવે તે સમીકરણ પણ ભારત માટે અત્યંત મહત્ત્વનું છે. સાઉથ આફ્રિકા સામેની શરમજનક હાર બાદ હવે ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ-11માં મોટા ફેરફારોના સંકેત મળી રહ્યા છે, જેમાં સ્ટાર ઓલરાઉન્ડર અક્ષર પટેલની વાપસી લગભગ નક્કી માનવામાં આવે છે.



ટીમ ઈન્ડિયાના પૂર્વ હેડ કોચ રવિ શાસ્ત્રીએ પણ અક્ષર પટેલને ટીમમાં સામેલ કરવાની ભારપૂર્વક હિમાયત કરી છે. સાઉથ આફ્રિકા સામેની મેચમાં ટીમના વાઈસ કેપ્ટન હોવા છતાં અક્ષરને બહાર રાખવાના નિર્ણયની ભારે ટીકા થઈ હતી. શાસ્ત્રીનું માનવું છે કે ચેન્નાઈની પિચ પર અક્ષર પટેલ અને વોશિંગ્ટન સુંદર બંનેને સાથે રમાડવા જોઈએ. તેમના મતે, જો ટીમ પાસે 8 બેટર્સ હોવા છતાં મોટો સ્કોર ન થઈ શકે, તો કંઈક ગંભીર ખામી છે. અક્ષરની હાજરીથી ટીમને બેટિંગમાં ઊંડાણ મળશે અને બોલિંગમાં એક વધારાનો મજબૂત વિકલ્પ પણ મળી રહેશે.

રવિ શાસ્ત્રીની સાથે ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગે પણ અક્ષર પટેલના અનુભવ પર ભરોસો મૂકવાની સલાહ આપી છે. જો અક્ષર ટીમમાં આવે છે, તો વોશિંગ્ટન સુંદર, હાર્દિક પંડ્યા અને શિવમ દુબે સાથે મળીને ભારત પાસે ઓલરાઉન્ડર્સની મજબૂત ફોજ તૈયાર થશે.

# T20 વર્લ્ડ કપમાં શ્રીલંકાની હાર સાથે પાકિસ્તાનને ફાયદો! સેમિ ફાઈનલના સમીકરણ રસપ્રદ થયા

**નવી દિલ્હી, તા.26**

શ્રીલંકાની ટૂર્નામેન્ટમાંથી બાદબાકી થતા જ પાકિસ્તાન માટે સેમીફાઈનલના દરવાજા અધખુલ્લા થયા છે, પરંતુ આ રસ્તો કાંટાળો અને ગણિતના જટિલ સમીકરણોથી ભરેલો છે. ન્યૂઝીલેન્ડની શ્રીલંકા સામેની 61 રને ભવ્ય જીતે પાકિસ્તાનની મુશ્કેલી વધારી દીધી છે, કારણ કે હવે બધું જ 'જો અને તો' પર ટકેલું છે.



બુધવારે કોલંબોમાં રમાયેલા મેચમાં ન્યૂઝીલેન્ડે શ્રીલંકાને હરાવીને પોતાના પોઈન્ટ્સ 3 કરી લીધા છે અને નેટ રન રેટ (NRR) +3.050 પર પહોંચાડી દીધો છે. બીજી તરફ પાકિસ્તાન અત્યારે 1 પોઈન્ટ અને -0.461 ના રન રેટ સાથે ત્રીજા સ્થાને છે. હવે પાકિસ્તાન માટે માત્ર જીત પૂરતી નથી, તેને નસીબ અને મોટા માર્જિનની પણ જરૂર પડશે.

શ્રીલંકા સામે મોટી જીત: પાકિસ્તાને શ્રીલંકાને ઓછામાં ઓછા 70 રનથી હરાવવું પડશે જેથી તેનો નેટ રન રેટ પ્લસમાં આવી શકે.

ઈંગ્લેન્ડની જીત અનિવાર્ય: 27 ફેબ્રુઆરીએ રમાનારી ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડની મેચમાં ઈંગ્લેન્ડની જીત થવી પાકિસ્તાન માટે પથ્થરની લકીર સમાન છે. જો ઈંગ્લેન્ડ જીતે તો જ ન્યૂઝીલેન્ડ અને પાકિસ્તાન બંને 3-3 પોઈન્ટ્સ પર સરખા થશે અને ત્યારબાદ રન રેટ જોવામાં આવશે.

વરસાદ ન પડે: જો ઈંગ્લેન્ડ-ન્યૂઝીલેન્ડ મેચ વરસાદને કારણે રદ થાય તો ન્યૂઝીલેન્ડ સીધું સેમીફાઈનલમાં પહોંચી જશે અને પાકિસ્તાન મેચ રમ્યા વગર જ બહાર થઈ જશે.

પાકિસ્તાનને ફાયદો એ છે કે ઈંગ્લેન્ડ-ન્યૂઝીલેન્ડ મેચ પહેલા રમાવાની છે. એટલે જ્યારે પાકિસ્તાન 28 ફેબ્રુઆરીએ શ્રીલંકા સામે મેદાનમાં ઉતરશે, ત્યારે તેને ખબર હશે કે તેણે કેટલા ઓવરમાં મેચ જીતવી અથવા કેટલા રનથી હરાવવું જેથી તે ન્યૂઝીલેન્ડના +3.050 રન રેટને પછાડી શકે.

# ટીમ ઈન્ડિયાના બેટર્સની સૌથી મોટી નબળાઈ બધી ટીમ જાણી ગઈ, હવે શું કરશે સૂર્યા-ગંભીર?

**નવી દિલ્હી, તા.26**

ટી-20 વર્લ્ડ કપ 2026ના સુપર-8 રાઉન્ડમાં આજે ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે ચેન્નાઈના ચેપોક સ્ટેડિયમમાં જંગ જામશે. જોકે, આ મેચ પહેલા રન રેટ કે કોમ્બિનેશન કરતા પણ મોટી ચર્ચા ટીમ ઈન્ડિયાની એક એવી નબળાઈની થઈ રહી છે, જેણે આખા વર્લ્ડ કપમાં ભારતીય બેટર્સને ઘૂંટણિયે લાવી દીધા છે. એ નબળાઈ છે - ઓફ સ્પિનર્સ સામે સંઘર્ષ.

આ વર્લ્ડ કપમાં ભારતીય બેટ્સમેનો સ્પિન સામે અત્યાર સુધીમાં કુલ 19 વિકેટ ગુમાવી ચૂક્યા છે, જેમાંથી 12 વિકેટ માત્ર ઓફ સ્પિનરોએ લીધી છે. વિરોધી ટીમોએ ભારતની આ નબળાઈને બરાબરની પકડી પાડી છે. નામિબિયાના ગે રહાર્ડ ઈરાસ્મસથી લઈને સાઉથ આફ્રિકાના એડન માર્કરામ સુધીના બોલરોએ પાવરપ્લેમાં જ ભારતને ઝટકા આપ્યા છે.



સામાન્ય રીતે પાવરપ્લેમાં ઝડપી બોલરોનો સામનો કરવો પડતો હોય છે, પરંતુ ભારત સામે ટીમો હવે ઓફ સ્પિનરથી શરૂઆત કરી રહી છે. અભિષેક શર્મા અને ઈશાન કિશન બંને બે-બે વાર ઓફ સ્પિનનો શિકાર બન્યા છે. સાઉથ આફ્રિકા સામે એડન માર્કરામે પહેલા જ ઓવરમાં ઈશાન કિશનને શૂન્ય રને આઉટ કરીને ભારતને મોટો સંદેશ આપ્યો હતો. પાકિસ્તાનના સલમાન આગા અને નેધરલેન્ડના આર્યન દત્તે પણ નવી બોલથી ભારતના ટોપ ઓર્ડરને જકડી રાખ્યો હતો.

બેટિંગ કોચ સિતાંશુ કોટકે સ્વીકાર્યું છે કે વિરોધી ટીમો ઓફ સ્ટમ્પની બહાર અને ઓફ સ્પિનનો રણનીતિક ઉપયોગ કરી રહી છે. નેટ્સમાં સૂર્યકુમાર યાદવ અને તિલક વર્માએ સ્પિન સામે લાંબો સમય પ્રેક્ટિસ કરી છે. ખાસ કરીને ચેન્નાઈની પીચ પર જ્યાં સામાન્ય રીતે સ્પિનરોને મદદ મળે છે, ત્યાં ભારત માટે આ પડકાર બેવડો થઈ જાય છે.

ભારતનો ટોપ-3 ઓર્ડર હાલમાં ડાબોડી બેટ્સમેનોથી ભરેલો છે (અભિષેક, ઈશાન અને તિલક), જેના કારણે વિરોધી ઓફ સ્પિનરોને સીધો ફાયદો (Match-up) મળે છે. આ સ્થિતિમાં જમણોડી બેટ્સમેન તરીકે સંજુ સેમસનને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવાની ચર્ચાઓ તેજ બની છે. સેમસને નેટ્સમાં બેટિંગ અને વિકેટકીપિંગની સઘન પ્રેક્ટિસ કરી છે. ઝિમ્બાબ્વેના સ્ટાર ઓલરાઉન્ડર સિકંદર રઝાના હાથમાં ઈજા હોવા છતાં, તે ભારતની આ નબળાઈ પર પ્રહાર કરવા તૈયાર છે. રયાન બર્લે પણ સ્પષ્ટ કર્યું છે કે તેમની ટીમ ભારતની સ્પિન સામેની મુશ્કેલીઓનો ફાયદો ઉઠાવવા માટે તૈયાર છે.

# કોકિલાબેન અંબાણીના જન્મદિવસની નાથદ્વારામાં ઉજવણી

### કોકિલાબેન અંબાણીના જન્મદિવસની ઉજવણી માટે નાથદ્વારામાં આખા પરિવારે સાંજની દિવ્ય આરતીમાં ભાગ લીધો હતો



**મુંબઈ, તા.26**

અંબાણી પરિવારે તાજેતરમાં રાજસ્થાનના નાથદ્વારામાં આવેલા પ્રખ્યાત શ્રીનાથજી મંદિરની મુલાકાત લીધી હતી અને યુવાચાર્ય ગોસ્વામી વિશાલ બાવા પાસેથી ખાસ આશીર્વાદ મેળવ્યા હતા. કોકિલાબેન અંબાણીના જન્મદિવસની ઉજવણી માટે આયોજિત આ મુલાકાતમાં આખો પરિવાર સાથે જોવા મળ્યો હતો. પરિવારના સભ્યો મોતી મહેલ ગેટ દ્વારા મંદિરમાં પ્રવેશ્યા હતા અને સાંજની દિવ્ય આરતીમાં ભક્તિભાવપૂર્વક ભાગ લીધો હતો. દર્શન બાદ યુવાચાર્ય વિશાલ બાવાએ પરંપરાનું પાલન કરીને પરિવારના સભ્યો પર પરંપરાગત ફેંટા (પાઘડી) બાંધી અને તેમને રજાઈ અને શાલથી સન્માનિત કર્યા હતા. મુલાકાત દરમિયાન દીક્ષિતા બહુએ પણ મંદિર વતી પરિવારને શુભેચ્છાઓ પાઠવી હતી. આ ધાર્મિક મુલાકાત અંબાણી પરિવારની ઊંડી શ્રદ્ધા અને પરંપરાઓ પ્રત્યે અતૂટ આદરને પ્રતિબિંબિત કરે છે. આ આધ્યાત્મિક પ્રસંગે, વડીલો પાસેથી શારીરિક અને ડિજિટલ બંને રીતે આશીર્વાદ મેળવવામાં આવ્યા હતા. અંબાણી પરિવારે તિલકાયત ગોસ્વામી ઈન્દ્રદમન મહારાજ અને રાજેશ્વરી ગોસ્વામીનો વીડિયો કોલ દ્વારા સંપર્ક કર્યો અને તેમનું માર્ગદર્શન મેળવ્યું હતું. વાતચીત દરમિયાન તિલકાયત મહારાજે ખાસ કરીને કોકિલાબેન અંબાણીને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી અને તેમના સુખી જીવનની શુભેચ્છા પાઠવી હતી.

# જે ગીતથી વિજય-રશ્મિકાની લવ સ્ટોરી શરૂ થઇ હતી એના પર સંગીતમાં કરશે ડાન્સ

### 4 માર્ચના રોજ હૈદરાબાદના લક્ઝરી હોટલ 'તાજ કૃષ્ણા'માં એક ગ્રાન્ડ રિસેપ્શન આયોજિત કરશે તેવી માહિતી પ્રાપ્ત થઈ રહી છે

**મુંબઈ, તા.26**

રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા ફાઈનલી લગ્નના બંધનમાં બંધાવા જઈ રહ્યા છે. ઉદયપુરમાં કપલના પ્રી-વેડિંગ ફંક્શન શરૂ થઈ ગયા છે. આ કપલ 26 ફેબ્રુઆરીના રોજ એક પ્રાઈવેટ સેરેમનીમાં લગ્નના બંધનમાં બંધાશે.



પરંતુ તે પહેલા સંગીત સેરેમનીને લઈને એક એવી જાણકારી સામે આવી છે, જેણે ચાહકોની જૂની યાદો તાજા કરી દીધી છે. એક રિપોર્ટ પ્રમાણે રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા પોતાની સંગીત સેરેમનીમાં એ જ રોમાન્ટિક સોન્ગ પર ડાન્સ કરશે, જેના કારણે તેમની જોડીને પબ્લિકની નજરમાં એક ખાસ ઓળખ મળી હતી અને બંનેની લવ સ્ટોરી પણ શરૂ થઈ હતી. એક રિપોર્ટ પ્રમાણેરશ્મિકા અને વિજય પોતાની સંગીત સેરેમનીમાં એક ખાસ કોરિયોગ્રાફ્ડ કપલ ડાન્સ કરશે. આ ડાન્સ તેમની 2018ની બ્લોકબસ્ટર ફિલ્મ 'ગીતા ગોવિંદમ'ના સુપરહિટ ગીત 'ઈનકેમ ઈનકેમ ઈનકેમ કાવાલે' (Inkem Inkem Inkem Kaavaale) પર કરશે. આ એ જ રોમેન્ટિક ટ્રેક છે જેણે વિજય અને રશ્મિકાની ઓન-સ્ક્રીન કેમેસ્ટ્રીને હંમેશા માટે યાદગાર બનાવી દીધી હતી.

# સલમાન ખાનની કૉ-સ્ટાર ડેઝી શાહે હેલ્થ અપડેટ આપ્યું : સલીમ ખાન ખતરાની બહાર

### નોંધનીય છે કે, 18 ફેબ્રુઆરીના રોજ મુંબઈની લીલાવતી હૉસ્પિટલના ડૉક્ટરે સલીમ ખાનની હેલ્થ અપડેટ આપી હતી, જોકે, ત્યારબાદ પરિવારે મેડિકલ અપડેટ સાર્વજનિક ન કરવાનો નિર્દેશ આપ્યો હતો

**મુંબઈ, તા.26**

સલમાન ખાનના પિતા અને દિગ્ગજ સ્ક્રિપ્ટ રાઈટર સલીમ ખાનના સ્વાસ્થ્યને લઈને મોટું અપડેટ આવ્યું છે. 'જય હો' ફિલ્મ ફેમ એક્ટ્રેસ ડેઝી શાહે જણાવ્યું છે કે, સલીમ ખાનની હાલમાં સુધારો છે.



સલમાન ખાનની ફિલ્મ 'જય હો'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરનારી ગુજ્જુ એક્ટ્રેસ ડેઝી શાહે 'ફિલ્મીજ્ઞાન' (એન્ટરટેઈનમેન્ટ વેબસાઈટ) સાથેની વાતચીતમાં કહ્યું કે, 'હું સલીમ સરને મળી શકી નથી, પરંતુ સલમાન સર અને તેમના પરિવારના સંપર્કમાં છું. સલીમ સર હવે ઠીક છે. તેમની હાલત સ્થિર છે. સર્જરી સફળ રહી. તેઓ હાલ ઓબ્ઝર્વેશનમાં છે અને ખતરાની બહાર છે.'

નોંધનીય છે કે, 18 ફેબ્રુઆરીના રોજ મુંબઈની લીલાવતી હૉસ્પિટલના ડૉક્ટરે સલીમ ખાનની હેલ્થ અપડેટ આપી હતી. જોકે, ત્યારબાદ પરિવારે મેડિકલ અપડેટ સાર્વજનિક ન કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ પછી તેમની તબિયત અંગે કોઈ સત્તાવાર અપડેટ સામે આવી નથી.

આ પહેલા, 'અમર ઉજાલા' સાથેની વાતચીતમાં એક્ટર અને સલમાન ખાનના નજીકના સંતોષ શુક્લાએ પણ જણાવ્યું હતું કે, 'સલીમ ખાનની તબિયતમાં સુધારો છે અને વેન્ટિલેટર સપોર્ટ હટાવી દેવામાં આવ્યા છે.'

# અરિજીત સિંહ AR રહેમાન અને પ્રીતમ સાથે કામ નથી ઈચ્છતો : X પર ખુદ ટ્વિટ કરી આપ્યો જવાબ

### અરિજીત સિંહે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ચાહકોના નામે એક ટ્વીટ કર્યું છે કે, 'આ મેસેજ માત્ર મારા શ્રોતાઓ માટે છે, જો તમે મને નથી સાંભળતા તો તમને વિનંતી કરું છું કે, તમે આ મેસેજ ન વાંચો તેને હમણા જ છોડી દો અને આગળ વધો

**મુંબઈ, તા.26**

અરિજીત સિંહે જ્યારથી પ્લેબેક સિંગિંગમાંથી સંન્યાસની જાહેરાત કરી છે, ત્યારથી તેમના ચાહકો પરેશાન છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (ટ્વીટર) પર અરિજીત અને તેના ચાહકો વચ્ચે વાતચીત થતી રહે છે. હવે તાજેતરના એક ટ્વીટમાં અરિજિતે કંઈક એવું લખ્યું જેનાથી લોકો ભાત-ભાતની અટકળો લગાવી રહ્યા છે. અરિજીતે પોતાના ચાહકોને નામે એક પોસ્ટ લખી હતી. તેના પર એક વ્યક્તિએ ટિપ્પણી કરી કે, અરિજીતને પ્રીતમ, રહેમાન અને મિથુન પાસેથી મળતા અસાઈનમેન્ટ લેતા રહેવું જોઈએ. તેના પર અરિજીતે જવાબ આપ્યો કે કેટલાક લોકો માત્ર પોતાના માટે જ કમ્પોઝ કરે છે.

અરિજીત સિંહે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ચાહકોના નામે એક ટ્વીટ કર્યું છે કે, 'આ મેસેજ માત્ર મારા શ્રોતાઓ માટે છે. જો તમે મને નથી સાંભળતા તો તમને વિનંતી કરું છું કે, તમે આ મેસેજ ન વાંચો તેને હમણા જ છોડી દો અને આગળ વધો. મારા પ્રિય મિત્રો! હું બસ તમને એ કહેવા માગું છું કે હું તમને બધાને ખૂબ પ્રેમ કરું છું. આ ક્રૂર દુનિયામાં તમારી દયા અને પ્રેમ બદલ ખૂબ ખૂબ આભાર. ભલે મેં હવે નવા પ્રોજેક્ટ લેવાનું બંધ કરી દીધું છે, પરંતુ જૂના ગીતોની યાદી હજું નાની નથી. મારે હજું ઘણા બધા ગીતો પૂરા કરવાના છે. લોકોને સ્પષ્ટતા આપવામાં અથવા વાત સમજાવવામાં પોતાનો સમય બરબાદ ન કરો, આખરે કેટલી વાર સમજાવશો? ઘણા બધા ગીતો હજું અધૂરા છે અને જ્યાં સુધી તે પૂરા ન થઈ જાય ત્યાં સુધી તે રિલીઝ થતા રહેશે. કદાચ આ આખું વર્ષ અથવા તો બની શકે કે આગામી વર્ષ સુધી પણ તે રિલીઝ થતા રહેશે. શાંતિથી રહો.



# મની લોન્ડરિંગ કેસમાં ED સમક્ષ હાજર થયા અનિલ અંબાણી

## ₹ 40 હજાર કરોડનું બેંક દેવું, મુંબઈમાં 3,716 કરોડ રૂપિયાનો બંગલો 'અબોડ' જપ્ત

મુંબઈ, તા.26

રિલાયન્સ ગ્રુપના પૂર્વ ચેરમેન અનિલ અંબાણી આજે 26 ફેબ્રુઆરીએ દિલ્હીમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) સમક્ષ હાજર થયા. અંબાણી સવારે લગભગ 11 વાગ્યે તપાસ એજન્સીની ઓફિસે પહોંચ્યા, જ્યાં તેમની વિદેશી મુદ્રા નિયમોના ઉલ્લંઘન અને ફંડના ડાયવર્ઝન અંગે પૂછપરછ કરવામાં આવી રહી છે.



આ મામલો સરકારી બેંકોમાંથી તેમની કંપનીઓને મળેલી લોનમાં કથિત ગેરરીતિ અને મની લોન્ડરિંગ સાથે સંબંધિત છે. સીબીઆઈની 2019ની FIRના આધારે ED આ મામલાની તપાસ કરી રહી છે. એક દિવસ પહેલા જ તપાસ એજન્સીએ મુંબઈમાં આવેલા તેમના 17 માળના ઘર 'અબોડ'ને જપ્ત કર્યું હતું.

અનિલ અંબાણી રિલાયન્સ કોમ્યુનિકેશન્સ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછના બીજા રાઉન્ડ માટે પહોંચ્યા છે. આરોપ છે કે તેમની કંપનીઓએ બેંકો પાસેથી લીધેલી લોનનું ડાયવર્ઝન કર્યું અને વિદેશી મુદ્રા નિયમોનું ઉલ્લંઘન કર્યું. આ પહેલા ઓગસ્ટ 2025માં તેમની પૂછપરછ થઈ હતી.

ED અનુસાર, રિલાયન્સ કોમ્યુનિકેશન્સ અને તેની ગ્રુપ કંપનીઓએ દેશી અને વિદેશી બેંકો પાસેથી મોટું દેવું લીધું હતું. વર્તમાનમાં આ કંપનીઓ પર કુલ બાકી 40,185 કરોડ છે.

બેંકો પાસેથી લીધેલા દેવાની હેરાફેરી અને મની લોન્ડરિંગ સંબંધિત તપાસને કારણે આ બંગલાને અસ્થાયી રૂપે જપ્ત કરવામાં આવ્યો છે. આ ઘર મુંબઈના પોશ પાલી હિલ વિસ્તારમાં આવેલું છે. અનિલ અંબાણીના આ 17 માળના ઘરની કિંમત 3,716 કરોડ જણાવવામાં આવી છે.

પ્રોવિઝનલ અટેચમેન્ટનો અર્થ છે કે પ્રોપર્ટીને કાયદેસર રીતે 'ફ્રીઝ' કરી દેવામાં આવી છે જેથી આરોપી તેને વેચીને ભાગી ન શકે. તપાસ પૂરી ન થાય ત્યાં સુધી તેઓ આ ઘરને કોઈને ટ્રાન્સફર પણ કરી શકશે નહીં. જો કોર્ટમાં આરોપો સાબિત થઈ જાય, તો પ્રોપર્ટી કબજામાં લઈ શકાય છે.

હા, નવેમ્બર 2025માં આ જ કેસમાં EDએ આ જ પ્રોપર્ટીનો એક ભાગ જપ્ત કર્યો હતો, જેની કિંમત 473.17 કરોડ હતી. હવે આખી ઈમારતને આ કાર્યવાહીના દાયરામાં લેવામાં આવી છે.

આ કેસમાં જપ્ત કરાયેલી કુલ સંપત્તિઓની કિંમત લગભગ 15,700 કરોડ સુધી પહોંચી ગઈ છે. ED પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ આ કાર્યવાહી કરી રહી છે.

સુપ્રીમ કોર્ટના નિર્દેશો બાદ, તપાસ એજન્સીએ અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપ (ADAG) વિરુદ્ધ બેંક છેતરપિંડી અને નાણાકીય અનિયમિતતાઓના ઘણા કેસોની તપાસ માટે એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની રચના કરી છે. આ જ કારણોસર હવે તપાસમાં તેજી આવી છે.

ના. અનિલ અંબાણી એશિયાના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીના નાના ભાઈ છે, પરંતુ બંનેનું બિઝનેસ સામ્રાજ્ય 20 વર્ષ પહેલાં અલગ થઈ ગયું છે. આ કેસ સંપૂર્ણપણે અનિલ અંબાણીના ગ્રુપ અને તેમની કંપનીઓના મેનેજમેન્ટ સાથે જોડાયેલો છે. મુકેશ અંબાણી તેમાં સામેલ નથી.

અનિલ અંબાણીના નિવેદનો અને કંપનીના દસ્તાવેજોની સરખામણી કરવામાં આવશે. જો ગડબડીના પાકા પુરાવા મળે છે, તો આવનારા સમયમાં ધરપકડ અથવા નવી ચાર્જશીટ દાખલ થઈ શકે છે.

## EDએ 17 માળનું ઘર જપ્ત કર્યું, કિંમત 3716 કરોડ રૂપિયા, 40,000 કરોડના ફ્રોડ કેસમાં કાર્યવાહી

મુંબઈ, તા.26


એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીના મુંબઈ સ્થિત બંગલા 'એબોડ'ને એટેચ એટલે કે જપ્ત કર્યો છે. પીટીઆઈ અનુસાર, તેની કિંમત આશરે 3,716 કરોડ રૂપિયા આંકવામાં આવી છે.

આ કાર્યવાહી મની લોન્ડરિંગ નિવારણ કાયદા (PMLA) હેઠળ કરવામાં આવી છે. આ મામલો તેમની ગ્રુપ કંપની રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (RCOM) દ્વારા કરવામાં આવેલી કથિત બેંક છેતરપિંડી સાથે સંબંધિત છે. અનિલ અંબાણી પર 40 હજાર કરોડ રૂપિયાના બેંક છેતરપિંડીના કેસમાં તપાસ ચાલી રહી છે.

અનિલ અંબાણીનો આ બંગલો મુંબઈના સૌથી પોશ વિસ્તાર પાલી હિલમાં આવેલો છે. 66 મીટર ઊંચા આ બંગલામાં કુલ 17 માળ છે. તે દેશના સૌથી મોંઘા રહેણાંક ઘરોમાં ગણાય છે. ED એ આ સંપત્તિને જપ્ત કરવા માટે એક પ્રોવિઝનલ ઓર્ડર જાહેર કર્યો છે. બેંક છેતરપિંડીના કેસમાં લાંબા સમયથી ચાલી રહેલી તપાસ બાદ કેન્દ્રીય એજન્સીએ આ મોટું પગલું ભર્યું છે.

આ આખી કાર્યવાહી રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (RCOM) અને તેની સાથે સંકળાયેલી કંપનીઓ વિરુદ્ધ ચાલી રહેલી તપાસનો એક ભાગ છે. આરોપ છે કે બેંકમાંથી લીધેલી લોનની રકમનો ખોટો ઉપયોગ કરવામાં આવ્યો. ED છેલ્લા ઘણા સમયથી અનિલ અંબાણી અને તેમના ગ્રુપના નાણાકીય વ્યવહારોની તપાસ કરી રહી હતી. આ પહેલા પણ અંબાણીની આ મામલે પૂછપરછ કરવામાં આવી છે.

RCOM છેલ્લા ઘણા વર્ષોથી નાણાકીય સંકટનો સામનો કરી રહી છે. ભારે દેવાના બોજ હેઠળ દબાયેલી આ કંપની હાલમાં ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ (IBC) હેઠળ નાદાર થવાની પ્રક્રિયામાંથી પસાર થઈ રહી છે.



ED દ્વારા પ્રોપર્ટી અટેચ કરવાનો અર્થ એ છે કે હવે આ સંપત્તિ વેચી કે ટ્રાન્સફર કરી શકાશે નહીં. જો કોર્ટમાં મની લોન્ડરિંગના આરોપો સાબિત થાય છે, તો ભવિષ્યમાં બેંકોના બાકી પૈસાની વસૂલાત માટે આ બંગલાની હરાજી પણ કરી શકાય છે. જોકે, અનિલ અંબાણી આ આદેશ વિરુદ્ધ ટ્રિબ્યુનલ કે હાઈકોર્ટમાં અપીલ કરી શકે છે.

આ પહેલા પણ અનિલ અંબાણી બેંક ફ્રોડ કેસમાં અનિલ અંબાણીની ઘણી પ્રોપર્ટી અટેચ થઈ ચૂકી છે. અટેચ કરાયેલી પ્રોપર્ટીઝ દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, મુંબઈ, પુણે, થાણે, હૈદરાબાદ, ચેન્નઈ, કાંચીપુરમ અને ઈસ્ટ ગોદાવરી જેવા શહેરોમાં છે.

તેમાં રેસિડેન્શિયલ યુનિટ્સ, ઓફિસ સ્પેસ અને લેન્ડ પાર્સલ સામેલ છે. ખાસ કરીને અનિલ અંબાણીનું પાલી હિલ રેસિડેન્સ સૌથી હાઈ-પ્રોફાઈલ છે. અત્યાર સુધી લગભગ 15 હજાર કરોડની પ્રોપર્ટી અટેચ થઈ ચૂકી છે.

બોમ્બે હાઈકોર્ટે 23 ફેબ્રુઆરીના રોજ રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીને મળેલો રાહતનો આદેશ રદ કર્યો છે. આ નિર્ણય બાદ હવે બેંકો તેમને 'ફ્રોડ' જાહેર કરવાની કાર્યવાહી ફરીથી શરૂ કરી શકશે. આ પહેલા કોર્ટે 40 હજાર કરોડ રૂપિયાના બેંક ફ્રોડ કેસમાં બેંકોની આ પ્રક્રિયા પર રોક લગાવી દીધી હતી. SBI એ એક ઓડિટ રિપોર્ટના આધારે અંબાણીના ખાતાઓને ફ્રોડની શ્રેણીમાં મૂકી દીધા હતા. અંબાણીએ આ કાર્યવાહીને પડકારી. કહ્યું કે બેંકોએ સુપ્રીમ કોર્ટના સિદ્ધાંતોનું પાલન કર્યું નથી.

ડિસેમ્બર 2025માં બોમ્બે હાઈકોર્ટે અનિલ અંબાણીના ખાતાઓને ફ્રોડ જાહેર કરવા પર રોક લગાવી દીધી. બેંક ઓફ બરોડા, ઈન્ડિયન ઓવરસીઝ બેંક અને IDBI બેંકે જાન્યુઆરી 2026માં સિંગલ બેન્ચના સ્ટે ઓર્ડરને પડકાર્યો હતો. બેંકોનો તર્ક હતો કે તેઓ ફોરેન્સિક ઓડિટના આધારે કાર્યવાહી કરવા માંગે છે. હવે બેંક કાયદા મુજબ આગળની કાર્યવાહી કરી શકશે.

ગયા અઠવાડિયે અનિલ અંબાણીએ કોર્ટને ખાતરી આપી હતી કે તેઓ દેશ છોડીને ક્યાંય નહીં જાય અને પરવાનગી વગર વિદેશ પ્રવાસ નહીં કરે.

અનિલ અંબાણીએ એમ પણ કહ્યું હતું કે રિલાયન્સ ગ્રુપ (ADAG) ની કંપનીઓ વિરુદ્ધ ચાલી રહેલી ED અને CBI ની તપાસમાં પૂરો સહયોગ કરશે.

આ મહિનાની શરૂઆતમાં ચીફ જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચે કેસની તપાસમાં થઈ રહેલા વિલંબ પર નારાજગી વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે તપાસ એજન્સીઓ (ED અને CBI) ને પૂછ્યું હતું કે તપાસમાં આટલો સમય કેમ લાગી રહ્યો છે. આ સાથે જ કોર્ટે ED ને એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ગઠિત કરવાનો આદેશ આપ્યો હતો જેથી 40,000 કરોડના આ કથિત કૌભાંડની તપાસમાં ઝડપ લાવી શકાય.

## સોના-ચાંદીના ભાવમાં તેજી: સોનું ₹1.59 લાખ પ્રતિ 10 ગ્રામ થયું, એક કિલો ચાંદીની કિંમત ₹2.66 લાખ પર પહોંચી....

નવી દિલ્હી, તા.26

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 26 ફેબ્રુઆરીએ વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 35 રૂપિયા વધીને 1,59,043 રૂપિયા પર પહોંચી ગયો છે. આ પહેલા તે 1,59,008 રૂપિયા પર હતો. જ્યારે, એક કિલો ચાંદીની કિંમત આજે 233 રૂપિયા વધીને 2,65,650 રૂપિયા પર પહોંચી ગઈ છે. તેની કિંમત 2,65,417 રૂપિયા પ્રતિ કિલો હતી. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 26,000 રૂપિયા અને ચાંદી 35,000 રૂપિયા મોંઘી થઈ ચૂકી છે. આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલ ટાઈમ હાઈ પણ બનાવ્યો હતો.



2025માં સોનું 57 હજાર (75%) વધ્યું છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76 હજારનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1.33 લાખ રૂપિયા થઈ ગયું.

આ સમયગાળા દરમિયાન ચાંદી 1.44 લાખ (167%) વધી. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદી 86 હજારની હતી, જે વર્ષના છેલ્લા દિવસે 2.30 લાખ પ્રતિ કિલો થઈ ગઈ.

ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ કંપની UBS અનુસાર સોનાની માગમાં તેજી જળવાઈ રહી છે. 2025માં વિશ્વભરની કેન્દ્રીય બેંકોએ 863 ટન સોનું ખરીદ્યું હતું. હવે અનુમાન છે કે 2026માં આ ખરીદી વધીને 950 ટન સુધી પહોંચી શકે છે. આ સાથે, ગોલ્ડ ETFમાં રોકાણ પણ વધીને 825 ટન થવાની અપેક્ષા છે.

UBS ને પૂરો વિશ્વાસ છે કે 2026 માં સોનાની કિંમતો વધુ ઉપર જશે. રિપોર્ટ અનુસાર, વર્ષના મધ્ય સુધીમાં સોનું 6,200 ડોલર પ્રતિ ઔંસના ઊંચા સ્તરને સ્પર્શી શકે છે. જો રૂપિયાના હિસાબે વાત કરીએ તો સોનાનો ભાવ 1.80 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી જઈ શકે છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

## સેન્સેક્સ સામાન્ય ઘટાડા સાથે 82,249 પર બંધ: નિફ્ટી 14 પોઈન્ટ વધીને 25,497 પર બંધ થયો, સરકારી બેંકોના શેરમાં ખરીદી....

મુંબઈ, તા.26

26 ફેબ્રુઆરીના રોજ શેરબજારમાં ફ્લેટ કારોબાર જોવા મળ્યો. સેન્સેક્સ 27 પોઈન્ટ ઘટીને 82,249 પર બંધ થયો. નિફ્ટી પણ 14 પોઈન્ટ વધીને 25,497 પર બંધ થયો. આજના કારોબારમાં ફાર્માસ્યુટિકલ અને સરકારી બેંકોના શેરોમાં તેજી જોવા મળી.

જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.36% વધીને 58,795 પર કારોબાર કરી રહ્યો છે. દક્ષિણ કોરિયાનો કોસ્પી 2.08% વધીને 6,210ના સ્તરે પહોંચી ગયો છે. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.41% ઘટીને 26,656 પર ટ્રેડ કરી રહ્યો છે. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.076% ઘટીને 4,144ના સ્તરે છે.

ડાઉ જોન્સ 307 પોઈન્ટ (0.63%) વધીને 49,482 પર બંધ થયો. ટેક આધારિત ઈન્ડેક્સ નેસ્ડેક કમ્પોઝિટ 1.26% વધીને 23,152 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 56 પોઈન્ટ (0.81%) વધીને 6,946 પર બંધ થયો.



વિદેશી રોકાણકારો (FII) એ 25 ફેબ્રુઆરીના રોજ 2,991 કરોડના શેર ખરીદ્યા. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ 5,118 કરોડના શેર ખરીદ્યા.

આ મહિને એટલે કે ફેબ્રુઆરીમાં અત્યાર સુધી FIIs એ 4,361 કરોડના શેર ખરીદ્યા છે. આ સમયગાળા દરમિયાન DIIs એ 21,098 કરોડના શેર ખરીદ્યા. જાન્યુઆરી 2026માં FIIs એ કુલ 41,435 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન DIIs એ 69,220 કરોડના શેર ખરીદ્યા હતા.

PNGS રેવા ડાયમંડ જ્વેલરીના IPOનો આજે એટલે કે 26 ફેબ્રુઆરીએ છેલ્લો દિવસ છે. આ 24 ફેબ્રુઆરીએ સબ્સ્ક્રિપ્શન માટે ખુલ્યો હતો. 2 દિવસમાં આ IPO કુલ 83% સબ્સ્ક્રાઈબ થઈ ચૂક્યો છે. કંપની આ IPO દ્વારા 380 કરોડ એકત્ર કરવા માંગે છે.

શેરબજાર ગઈકાલે એટલે કે 25 ફેબ્રુઆરીએ ફ્લેટ બંધ થયું. સેન્સેક્સ 50 પોઈન્ટના નજીવા વધારા સાથે 82,276 પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં 58 પોઈન્ટનો ઉછાળો રહ્યો, તે 25,483 પર બંધ થયો.

દિવસના કારોબાર દરમિયાન સેન્સેક્સમાં 700 પોઈન્ટ અને નિફ્ટીમાં 250 પોઈન્ટનો વધારો જોવા મળ્યો હતો. આજના કારોબારમાં ફાર્મા, ઓટો અને આઈટી શેરોમાં વધુ ખરીદી જોવા મળી.

## હવે કચેરીઓના ધક્કા ખાવાની જરૂર નથી! નેશનલ હાઈવે પર બિઝનેસ કરવા ઓનલાઈન મળશે NOC



મુંબઈ, તા.26

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા હાઈવે પર મુસાફરી કરનારાઓ અને વેપારીઓ માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. નેશનલ હાઈવે પર પેટ્રોલ પંપ, ફૂડ કોર્ટ કે અન્ય સુવિધાઓ શરૂ કરવા માટે હવે વિવિધ સરકારી કચેરીઓના ધક્કા ખાવાની જરૂર નહીં પડે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ 'રાજમાર્ગ પ્રવેશ'(Rajmarg Pravesh) પોર્ટલનું અપગ્રેડેડ વર્ઝન લોન્ચ કર્યું છે. આ ડિજિટલ પ્લેટફોર્મની મદદથી હવે જરૂરી મંજૂરી મેળવવાની પ્રક્રિયા વધુ ઝડપી, પારદર્શક અને સરળ બનશે, જેનાથી સામાન્ય નાગરિકો અને ઉદ્યોગસાહસિકોના સમય અને શક્તિની બચત થશે.

આ પોર્ટલ ખાસ કરીને એવા લોકો અને સંસ્થાઓ માટે તૈયાર કરવામાં આવ્યું છે જેમને નેશનલ હાઈવે સાથે જોડાયેલા નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ(NOC) અથવા અન્ય પરવાનગીઓની જરૂર હોય છે. ભલે તમારે હાઈવેના કિનારે પેટ્રોલ પંપ ખોલવો હોય, ફૂડ કોર્ટ બનાવવો હોય કે કનેક્ટિંગ રોડ અને રેસ્ટ એરિયા જેવી સુવિધાઓ ઊભી કરવી હોય, હવે આ તમામ પ્રક્રિયાઓ એક જ પ્લેટફોર્મ પર ઓનલાઈન પૂર્ણ કરી શકાશે. આ સુવિધાનો લાભ સામાન્ય નાગરિકો, ખાનગી કંપનીઓ અને સરકારી વિભાગો એમ તમામ લઈ શકશે.

વેપારીઓ ઉપરાંત ટેલિકોમ કંપનીઓ ઓપ્ટિકલ ફાઈબર કેબલ માટે તેમજ પાણી, ગેસ અને વીજળીની પાઈપલાઈન નાખવા માટે પણ આ પોર્ટલ દ્વારા અરજી કરી શકશે. પહેલા આ તમામ કાર્યો માટે અલગ-અલગ વિભાગોમાં જઈને દસ્તાવેજો જમા કરાવવા પડતા હતા, પરંતુ હવે અરજદારો પોતાની અરજીનું સ્ટેટસ ઓનલાઈન જોઈ શકશે અને નિયત સમય મર્યાદામાં તેનો જવાબ પણ મેળવી શકશે. 1.45 લાખ કિલોમીટરથી વધુ લાંબુ ભારતનું નેશનલ હાઈવે નેટવર્ક હવે માત્ર રસ્તો જ નહીં, પરંતુ લોજિસ્ટિક્સ, રીટેલ અને હોસ્પિટાલિટીનું મોટું હબ બની રહ્યું છે, ત્યારે આ પોર્ટલ નાના વેપારીઓ અને મોટા પ્રોજેક્ટ્સ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

## ડિસેમ્બરની સરખામણીએ જાન્યુઆરીમાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં ઘટાડો

### રિઝર્વ બેંકના નિયમનકારી ધોરણો સખત બનતા નવા કાર્ડસ જારી કરવાની માત્રા ધીમી પડી

મુંબઈ, તા.26

ડિસેમ્બરની સરખામણીએ જાન્યુઆરીમાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં ઘટાડો જોવા મળ્યો છે. ડિસેમ્બરમાં ૨.૦૫ ટ્રિલિયનની સરખામણીએ જાન્યુઆરીમાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચનો આંક રૂપિયા બે ટ્રિલિયન રહ્યો છે.

વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં ક્રેડિટ કાર્ડસ મારફતનો ખર્ચ વાર્ષિક ધોરણે આઠ ટકા ઊંચો રહ્યો છે. ડિસેમ્બરમાં ૧૧.૫૭ કરોડની સરખામણીએ ક્રેડિટ કાર્ડસની સંખ્યા જાન્યુઆરીમાં વધી ૧૧.૬૬ કરોડ રહી છે, એમ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ડેટા જણાવે છે.



જાન્યુઆરીમાં પોઈન્ટ ઓફ સેલ ખાતે કાર્ડસ મારફતનો ખર્ચ ડિસેમ્બરની સરખામણીએ ૩.૧૭ ટકા ઘટી રૂપિયા ૭.૫૯ ટ્રિલિયન રહ્યો છે. ઈ-કોમર્સ પર પણ કાર્ડસ મારફતનો ખર્ચ ૨.૪૫ ટકા ઘટી રૂપિયા ૧૨.૩૦ ટ્રિલિયન રહ્યો છે.

નવેમ્બર-ડિસેમ્બરમાં તહેવારોની મોસમ સમાપ્ત થયા બાદ જાન્યુઆરીમાં સામાન્ય રીતે ઉપભોગ ખર્ચમાં ઘટાડો થતો હોય છે.

રિઝર્વ બેન્ક દ્વારા એનસિક્યોર્ડ ધિરાણ ધોરણો સખત બનાવાતા કાર્ડસનો ઉમેરો પણ મંદ પડયો છે. બેન્કો કવોલિટી પર વધુ ધ્યાન આપવા લાગતા તેમના દ્વારા કાર્ડસ જારી કરવાની ગતિ ધીમી પડી છે.

વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી જાન્યુઆરીના ગાળામાં ક્રેડિટ કાર્ડસ મારફતનો ખર્ચ વધી રૂપિયા ૧૯.૬૪ ટ્રિલિયન રહ્યો છે જે ગયા નાણાં વર્ષના સમાનગાળામાં રૂપિયા ૧૭.૪૦ ટ્રિલિયન રહ્યો હતો.

જો કે કાર્ડસનો ઉમેરો ધીમો પડયો છે. એપ્રિલથી જાન્યુઆરી, ૨૦૨૪-૨૫માં ૭૦.૭૦ લાખની સામે એપ્રિલથી જાન્યુઆરી, ૨૦૨૫-૨૬માં કાર્ડસનો ઉમેરો ધીમો પડી ૬૭.૭૦ લાખ રહ્યો હોવાનું પણ રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે.

કાર્ડસ જારી કરતી બેન્કોએ રિઝર્વ બેન્કના નિયમનકારી ધોરણોને કારણે પ્રીમિયમ ગ્રાહકોને જ કાર્ડ જારી કરવા પર ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. આને પરિણામે કાર્ડસ જારી કરવાની માત્રા ધીમી રહી હતી.

## 30 અબજ ડોલરની નિકાસ સાથે સ્માર્ટફોન ભારતમાં ટોચનું ક્ષેત્ર...

અમદાવાદ, તા.26

૨૦૨૫માં ભારતમાં ઉત્પાદિત ૩૦ અબજ ડોલરના સ્માર્ટફોનની નિકાસ કરવામાં આવી છે. આ સાથે મોબાઈલ એક્સપોર્ટ સેગમેન્ટ ભારતનું ટોચનું નિકાસ ક્ષેત્ર બની ગયું છે તેમ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું.

ભારત હવે વિશ્વનું સ્માર્ટફોન ઉત્પાદન કેન્દ્ર બની રહ્યું છે. સત્તાવાર માહિતી અનુસાર, જાન્યુઆરી-ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન દેશની સ્માર્ટફોન નિકાસ ૩૦ અબજ ડોલર હતી. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન, દેશમાં આશરે ૬૦ બિલિયન ડોલર એટલેકે રૂ. ૫.૫ લાખ કરોડના



મોબાઈલ ફોનનું ઉત્પાદન થયું હતું, જ્યારે આ સમયગાળા દરમિયાન નિકાસ આશરે ૨૨ બિલિયન ડોલર એટલેકે રૂ. ૨ લાખ કરોડ આસપાસ હતી.

૨૦૨૫માં ઈલેક્ટ્રોનિક્સ સેક્ટરમાંથી કુલ નિકાસ ૪૪ બિલિયન ડોલર અર્થાત રૂ. ૪ લાખ કરોડથી વધુ થવાનો અંદાજ છે. આ વર્ષે ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ ઉત્પાદન શરૂ કર્યા પછી આ ક્ષેત્રની નિકાસમાં વધુ વધારો થવાની ધારણા છે.

## PNGS રેવા ડાયમંડ જ્વેલરીના IPOનો છેલ્લો દિવસ: બે દિવસમાં 83% સબસ્ક્રાઇબ થયો, ઓછામાં ઓછા ₹12,352નું રોકાણ કરવું પડશે

મુંબઈ, તા.26

PNGS રેવા ડાયમંડ જ્વેલરીના IPOનો આજે એટલે કે 26 ફેબ્રુઆરીએ છેલ્લો દિવસ છે. આ 24 ફેબ્રુઆરીએ સબસ્ક્રિપ્શન માટે ખુલ્યો હતો. 2 દિવસમાં આ IPO કુલ 83% સબસ્ક્રાઈબ થઈ ચૂક્યો છે. કંપની આ IPO દ્વારા 380 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. કંપનીએ તેનો પ્રાઈસ બેન્ડ 367 થી 386 રૂપિયા પ્રતિ શેર નક્કી કર્યો છે.

રોકાણકારો ઓછામાં ઓછા 32 શેરના એક લોટ માટે બોલી લગાવી શકે છે, જેના માટે ઉપલા સ્તરે 12,352 રૂપિયાનું રોકાણ કરવું પડશે. જ્યારે વધુમાં વધુ 1,97,632 રૂપિયા લગાવી શકશે. કંપનીએ આ IPOમાં રિટેલ રોકાણકારો માટે 10% હિસ્સો અનામત રાખ્યો છે. જ્યારે 75% હિસ્સો ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ (QIB) અને 15% નોન-ઈન્સ્ટિટ્યુશનલ બિડર્સ માટે નક્કી કરવામાં આવ્યો છે.

કંપની આ ઈશ્યૂમાંથી મળેલા પૈસાનો ઉપયોગ 15 નવા સ્ટોર ખોલવા અને માર્કેટિંગ અને બ્રાન્ડિંગમાં કરશે. આમાંથી મોટાભાગના સ્ટોર મહારાષ્ટ્રના ટિયર-1 અને પસંદગીના ટિયર-2 શહેરો તેમજ દેશના મેટ્રો શહેરોમાં ખોલવામાં આવશે. 31 માર્ચ 2025 સુધીમાં કંપનીના મહારાષ્ટ્ર, ગુજરાત અને કર્ણાટક રાજ્યોના 25 શહેરોમાં 34 સ્ટોર છે. કોઈ કંપની જ્યારે પહેલીવાર પોતાના શેર્સને સામાન્ય લોકો માટે બહાર પાડે છે, ત્યારે તેને ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ એટલે કે IPO કહેવાય છે. કંપનીને કારોબાર વધારવા માટે પૈસાની જરૂર હોય છે. આવી સ્થિતિમાં, કંપની બજારમાંથી લોન લેવાને બદલે કેટલાક શેર પબ્લિકને વેચીને અથવા નવા શેર ઈશ્યૂ કરીને પૈસા એકઠા કરે છે.

પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

રાજકોટ વિભાગ માટે ઈ-હરાજી

રાજકોટ મંડળ માટે નીચેના કેટલોગ માટે ઇ-હરાજી માટે બિડ મંગાવવામાં આવી છે, જે IREPS વેબસાઇટ પર પહેલાથી જ પ્રકાશિત થઈ ચૂક્યા છે. વિગતો નીચે મુજબ છે:

| કેટલોગ નં. | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કેટેગરી | સમયગાળો |
|---|---|---|---|
| RJT-ADVT-25-10 | ૧) (વિવિધ-સ્ટેટિક સેવાઓ - ) એપ્લિકેશન આધારિત કેબ / બાઇક સેવાઓ<br>3) (પે અને યુઝ-લાઉન્જ/વેઇટિંગ /રિટાયરીંગ / ક્લોક રૂમ)<br>૪) જાહેરાત - સ્ટેશન પરની જગ્યા (નોન-ડિજિટલ)<br>૫) જાહેરાત - આઉટ ઓફ હોમ | વિવિધ-સ્ટેટિક સેવાઓ જાહેરાત | 03/05 વર્ષ |
| PARKING-RJTBKNG- MX-21-25-1 | ૨) BKNG-MX-21-25-1 (પાર્કિંગ - મિશ્ર) | (પાર્કિંગ - મિશ્ર) | 03 વર્ષ |

**ઈ-હરાજીની તારીખ અને સમય:** ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ૧૮.03.૨૬ સવારે ૧૦:00 વાગ્યે ઉપરોક્ત કેટલોગ નં. હેઠળના લોટની વિગતો આગામી ઈ-હરાજી, ઝોન: પશ્ચિમ રેલવે, યુનિટ: રાજકોટ મંડળ - વાણિજ્યિક હેઠળ **WWW.IREPS.GOV.IN** (ઈ-હરાજી લીઝિંગ) વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

RJT 203

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# ગુજરાત ATSની મોટી કાર્યવાહી, પંજાબનો વોન્ટેડ આતંકી અને ડ્રગ સ્મગલર અમદાવાદથી ઝડપાયો

**અમદાવાદ, તા.26**

ગુજરાત ATSએ પંજાબના એક ચકચારી ડ્રગ્સ અને હથિયાર તસ્કરીના કેસમાં વોન્ટેડ આરોપીને અમદાવાદના હૃદય સમાન ગીચ વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. આંતરરાષ્ટ્રીય સરહદેથી આવતા નશીલા પદાર્થો અને વિસ્ફોટકોના નેટવર્ક સાથે જોડાયેલો આ આરોપી, પોલીસની ધરપકડથી બચવા માટે દેશના અલગ-અલગ રાજ્યો અને નેપાળમાં આશરો લીધા બાદ અંતે ગુજરાતમાં છુપાયો હતો. સુરક્ષા એજન્સીઓના આ સફળ ઓપરેશને ફરી એકવાર સાબિત કર્યું છે કે રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમી એવા તત્વો ગમે તેટલા વેશ પલટો કરે, પણ કાયદાના હાથથી બચી શકતા નથી.



ગુજરાત ATSના DySP હર્ષ ઉપાધ્યાયને બાતમી મળી હતી કે, પંજાબના અમૃતસર જિલ્લાના રાજાસાસી પોલીસ સ્ટેશનના હેરોઈન અને ગ્રેનેટ પિસ્તોલ સ્મગલિંગ કેસનો વોન્ટેડ આરોપી રહેમત અલી શેખ પંજાબથી ભાગીને બિહાર થઈને અમદાવાદમાં આવ્યો છે. જેના આધારે તપાસ કરીને ATSએ રખિયાલ ખાતેથી રહેમત અલી શેખની એમ્બ્રોડરીના કારખાનામાંથી ધરપકડ કરી હતી.

આરોપીની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે, રહેમત અલી મોટા નારકોટિક્સ અને ગ્રેનેડ પિસ્તોલ નેટવર્કનો એક ભાગ છે. આરોપીએ જાન્યુઆરીમાં હેરોઈન તેમજ હેન્ડ ગ્રેનેટેડ અને પિસ્તોલના કન્સાઈનમેન્ટ પાકિસ્તાનની પંજાબ બોર્ડરથી લઈને પંજાબના અન્ય વ્યક્તિઓને આપ્યા હતા. જે અંગે અમૃતસર જિલ્લાના રાજા સાસી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ગુનામાં પોલીસે અગાઉ બે આરોપીઓની ધરપકડ કરી હતી. જેમની પાસેથી 42 કિલો હેરોઈન, ચાર હેન્ડ ગ્રેનેડ, એક સ્ટાર માર્ક પિસ્તોલ અને 46 કારતૂસ મળી આવ્યા હતા.

બે આરોપી પકડાતા રહેમત અલી પંજાબથી નાસી ગયો હતો. આરોપી પંજાબથી ભાગીને નેપાળમાં જતો રહ્યો હતો. ત્યારબાદ બિહાર થઈ ગુજરાતના અમદાવાદમાં આવ્યો હતો. આરોપી છેલ્લા કેટલાક સમયથી રખિયાલ વિસ્તારમાં રોકાયો હતો. રખિયાલના એમ્બ્રોડરીના કારખાનામાં કામ કરવા માટે આવ્યો હોવાથી આરોપી રખિયાલના કારખાનામાં જ રોકાયો હતો. ATS દ્વારા આરોપીની કોણે મદદ કરી છે તે તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત આરોપીને પંજાબ પોલીસને સોંપવા માટેની પણ તજવીજ હાથ ધરી છે.

# ગુજરાતમાં ડ્રગ્સનું દુષણ વધ્યું: સરકારને જિલ્લે-જિલ્લે વ્યસન મુક્તિ કેન્દ્રો ખોલવા પડશે, બજેટમાં જોગવાઇ

**અમદાવાદ, તા.26**

ગુજરામાં 2024 અને 2025ના બે વર્ષના ગાળા દરમિયાન 3,727 કરોડની કિંમતના 41 હજાર કિલોથી વધુના નશીલા પદાર્થો જપ્ત કરાયાં છે. ડ્રગ્સનું દુષણ રાજ્યમાં એટલું વધ્યું છે કે, ગુજરાત સરકારે યુવાનોને ડ્રગ્સ સહિતના નશીલા દ્રવ્યોની ચુંગાલમાંથી છોડાવવા માટે નાણાકીય વર્ષ 2026-27ના બજેટમાં જિલ્લે-જિલ્લે વ્યસન મુક્તિ સારવાર કેન્દ્રો ખોલવાની જોગવાઇ કરવી પડી છે.



વિધાનસભામાં ગૃહ વિભાગને લગતા પ્રશ્નો પરના જવાબ આપતી વખતે મંત્રી કૌશિક વેકરિયાએ આ માહિતી આપી હતી. માત્ર જામનગર અને કચ્છ જિલ્લામાંથી જ 244.59 કરોડની કિંમતના ગાંજો,ચરસ, હેરોઈન, કોકેઈન, અફીણ, એમ.ડી.ડ્રગ્સ, પોષડોડા જેવા નશીલા પદાર્થો પકડાયા હોવાનું પ્રશ્નના જવાબમાં જણાવાયું હતું.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ મુદ્દે કહ્યું હતું કે, પેડલરોને પકડવામાં આવે છે, પરંતુ સેવન કરતા યુવાનોની ભવિષ્યને ધ્યાનમાં રાખીને તેનું કાઉન્સેલિંગ કરાવવામાં આવે છે અને તેમની જિંદગી સુધારવાના પ્રયાસ કરવામાં આવે છે. આ ઉપરાંત ડ્રગ્સ માફિયાઓની આખી સર્કિટ તોડવા માટે વિદેશમાંથી ડ્રગ્સ મોકલનારા, ભારતમાં મગાવનારા, ખેપ મારનારા અને ગ્રાહકો એમ તમામ ટોચથી લઈને તળિયા સુધીના તબક્કે તપાસ થાય છે.

કચ્છમાં ડ્રગ્સ માફિયાઓની 32.20 કરોડની સંપત્તિ પર બુલડોઝર ફેરવી તેનો નાશ કરાયો હતો. ઓડિશાના ડ્રગ્સ માફિયાની સંપત્તિ પણ જપ્ત કરી તેની હરાજી કરાઇ છે. ગુજરાતમાં ત્રાસવાદ વિરોધી દળ ઉપરાંત નાર્કોટિક્સ વિરોધી દળની રચના કરાઇ છે. આ એજન્સીઓએ અત્યાર સુધીમાં 1,647 ગુના નોંધી ડ્રગ્સ માફિયાને જેર કર્યા છે.

ગુજરાત વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નોના જવાબમાંથી મળેલી વિગત અનુસાર અમદાવાદ અને ગાંધીનગરમાં 2 વર્ષમાં 32 હોટલોને દારૂ વેચવાની મંજૂરી આપવામાં આવી હોવાની વિગતો સામે આવી છે. સરકાર અરજી કરનારી હોટલોને પરમિટ લિકર શોપનો પરવાનો આપે છે અને તેમાં વેચાતા દારૂમાંથી સરકારને ડ્યૂટી અને વેરા સ્વરૂપે બે વર્ષમાં 116.32 કરોડની આવક થઈ.

હાલ નિયમ અનુસાર એક લીટર વિદેશી દારૂના વેચાણ પર એકસાઈઝ ડ્યૂટી પેટે 300 રૂપિયા અને સ્પેશિયલ ફી પેટે 135 રૂપિયા મળીને 435 રૂપિયા વેરો લેવાય છે. બે વર્ષમાં સરકારને આ વેરા પેટે થયેલી કુલ આવકની દષ્ટિએ કુલ 26.75 લાખ લીટર દારૂનું વેચાણ થયું હોવાનું માની શકાય. જો કે આ આંકડો માત્ર કાયદેસર પરમિટ લિકર શોપ પર પરવાનો ધરાવતા લોકોએ ખરીદેલા દારૂનો જ છે.

# રોડ-ડ્રેનેજની કામગીરી ત્વરિત પૂર્ણ કરવા સૂચના: મ્યુ. કમિશનરની અધિકારીઓ સાથે બેઠક....

## નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે રોડ ઝડપથી ખુલ્લા કરવા સૂચના અપાઈ

**વડોદરા, તા.26**

વડોદરા શહેરમાં હાલમાં ડ્રેનેજ લાઈન તેમજ વરસાદી ગટર નાખવાની કામગીરી ચાલી રહી છે જેના કારણે 50થી વધુ માર્ગ બંધ અથવા તો એક તરફ વાહન વ્યવહાર માટે ખુલ્લા રાખવામાં આવ્યા છે. ત્યારે આ કામગીરી ઝડપથી પૂર્ણ થાય અને નાગરિકોને મુશ્કેલી ન પડે તેવી સૂચના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ દ્વારા આપવામાં આવી છે. મહાનગરપાલિકાના સભાખંડ ખાતે ડ્રેનેજ લાઈન, પાણી પુરવઠા, વરસાદી ગટર, પ્રોજેક્ટ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરિક માર્ગો ઉપર ઝડપથી કામગીરી કેવી રીતે કરી શકાય તે અંગેની સમીક્ષા કરવામાં આવી હતી. મ્યુનિસિપલ કમિશનર દ્વારા તમામ અધિકારીઓને ઝડપથી કામગીરી પૂર્ણ કરવા આદેશ આપવામાં આવ્યા હતા.



મ્યુનિસિપલ કમિશનર દ્વારા અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી કે જો જરૂર પડે તો રાત - દિવસ કામગીરી કરો અને બને તેટલી વહેલી તકે રોડ ખુલ્લા કરો. કેટલાક રોડ એક એક મહિના માટે બંધ કરવામાં આવ્યા છે તેને પણ ઝડપથી ખુલ્લા કરવા માટે અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. શહેરમાં હાલમાં અંદાજે એક ડઝન જેટલા મુખ્ય માર્ગો સંપૂર્ણ બંધ અથવા તો એક તરફ જ વાહનવ્યવહાર માટે ખુલ્લા છે. હાલમાં શહેરમાં પરીક્ષાઓ શરુ થઈ છે ત્યારે માર્ગ બંધ હોવાના કારણે ટ્રાફિક જામની પણ સમસ્યા જોવા મળે છે. પીક અવર્સમાં ભારે ટ્રાફિક જોવા મળે છે તો બીજી તરફ મુખ્ય માર્ગ ઉપર ધૂળ ઉડવાના કારણે પણ વાહનચાલકો પરેશાન થઈ ઉઠ્યા છે. ત્યારે આ કામ ઝડપથી પૂર્ણ થાય તેમ લોકો પણ માગ કરી રહ્યા છે.

# ભીડનો લાભ લઈ ગઠિયાએ વકીલનો મોબાઈલ સેરવી લીધો: SP રીંગ રોડ પર હોટલ હિલ્લોક પાસે એકત્ર થયેલા ટોળામાં ઘૂસી ચોરીને અંજામ આપ્યો

**અમદાવાદ, તા.26**

એસ.પી.રીંગ પર આવેલી હોટલ હિલ્લોક પાસે ડિવાઈડર કટ બંધ કરી દેવા મામલે એકત્રિત થયેલા ટોળામાં ચોર પણ ઘુસી આવ્યા હતા.લોકોનું ટોળુ જોઈને આવેલા એક વકીલના ખીસામાંથી ગઠીયાએ મોબાઈલ ચોરી લીધો હતો.વકીલે આ અંગે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. ઝુંડાલ ખાતે આવેલા તુલસી સ્ટેટસમાં રહેતા જસ્મીન દવેએ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં મોબાઈલ ચોરીની ફરિયાદ કરી છે. જસ્મીન દવે સંયુક્ત પરિવારમાં રહે છે અને ધોળકા મામલતદાર કચેરીમાં વકીલ તરીકે ફરજ બજાવે છે. 26 દિવસ પહેલા જસ્મીન દવેએ મોબાઈલ ખરીદયો હતો જે ચોરી થઈ ગયો છે. 21 ફેબ્રુઆરીએ જસ્મીન દવે ઘરે ચાલતા ચાલતા જઈ રહ્યા હતા ત્યારે હિલ્લોક હોટલ પાસે કેટલુક ટોળુ ઉભુ હતું અને રસ્તો બંધ કરી દીધો હતો. જસ્મીન દવેએ ભીડમાં એન્ટ્રી મારી હતી અને બબાલ શું થઈ છે તે જાણવાનો પ્રયાસ કર્યો હતો.



દરમિયાનમાં જસ્મીન દવેના ખીસામાંથી કોઈએ મોબાઈલ ફોન ચોરી લીધો હતો. જસ્મીન દવે ટોળાની બહાર આવ્યા ત્યારે તેમનો મોબાઈલ ફોન ગાયબ હતો જેથી તેમને શોધવાનો પ્રયાસ કર્યો હતો. રાહદારીનો મોબાઈલ લઈને જસ્મીને તેમના મોબાઈલ પર રિંગ મારી હતી પરંતુ કોઈ ફોન ઉપાડ્યો નહી અને ત્યારબાદ એકા એક ફોન સ્વીચઓફ થઈ ગયો હતો.ટોળામાં ચોર ઘુસ્યો હતો અને જસ્મીન દવેના ખીસામાંથી મોબાઈલ ફોનની ચોરી કરીને જતો રહ્યો હતો. જસ્મીન દવેએ આ મામલે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે.

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની સરાહનીય કામગીરી: વડોદરામાં અકસ્માતનો ભોગ બનેલી ધોરણ-12ની વિદ્યાર્થિનીને તાત્કાલિક રાઈટરની સુવિધા ફાળવાઈ

**વડોદરા, તા.26**

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલી ફિનિક્સ સ્કૂલની ધોરણ-12ની વિદ્યાર્થિની આયુષી મુકેશ રાણા પોતાના મૂળ ગામ બિલ ચાપડ ખાતે એક્ટિવા સ્કૂટર પરથી પડી જતાં અકસ્માતનો ભોગ બની હતી. આ અકસ્માતમાં તેમના ડાબા હાથના અંગૂઠામાં ફ્રેક્ચર થયું હોવાનું તાત્કાલિક તબીબી તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું. આજ રોજ તેમની ગુજરાત બોર્ડની પરીક્ષા હોવાને કારણે વિદ્યાર્થીની તેમજ તેમના પરિવારજનોમાં ગભરાટ અને ચિંતાનો માહોલ સર્જાયો હતો. આ સમગ્ર બાબતની જાણ થતાં સ્કૂલના પ્રિન્સિપાલ મહેશભાઈએ તાત્કાલિક વડોદરા જિલ્લા શિક્ષણ અધિકારી (ડીઈઓ)ની કચેરીનો સંપર્ક કર્યો અને વિદ્યાર્થીનીને પરીક્ષા દરમિયાન લેખક (લહિયા/રાઈટર)ની સુવિધા મળી રહે તે માટે ભલામણ કરી.જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીએ પરિસ્થિતિને અત્યંત ગંભીરતાથી લઈને તાત્કાલિક કાર્યવાહી કરી અને લેખકની સુવિધા ફાળવવા માટે જરૂરી મંજૂરી આપવામાં આવી હતી. આ ઝડપી અને સંવેદનશીલ કામગીરીથી વિદ્યાર્થીનીના ચહેરા પર ફરીથી ખુશી અને આશાનું સ્મિત પાછું આવ્યું હતું. આયુષી તથા તેમના પરિવારજનોએ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી વડોદરા તેમજ સ્કૂલ સંચાલનનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.



# ‘કોર્ટરૂમ’ બતાવી 80 વર્ષીય સિનિયર સિટીઝનને ડિજિટલ એરેસ્ટ કર્યા

## મુંબઈના નરેશ ગોયલ ઈન્ટરનેશનલ ફ્રોડ કેસમાં સંડોવણી બતાવી 55 લાખ ખંખેર્યા

**અમદાવાદ, તા.26**

અમદાવાદ શહેરના વધુ એક ડિજિટલ એરેસ્ટનો ભોગ બન્યા છે. મુંબઈના નરેશ ગોયલ ઈન્ટરનેશનલ ફ્રોડ કેસમાં સંડોવણી બતાવી ‘ડિજિટલ એરેસ્ટ’ની ધમકી આપીને ઠગોએ 55 લાખ રૂપિયા પડાવી લીધા હતા. લાંબા સમય સુધી જેલમાં રહેવાની અને જુદા-જુદા કેસોમાં ફસાવી દેવાની ધમકી આપીને વડીલ પાસેથી ટુકડે-ટુકડે રકમ પડાવવામાં આવી હતી. બાદમાં પોતે છેતરાયા હોવાનો અહેસાસ થતાં તેમણે સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

વસ્ત્રાપુર હિમાલય મોલ પાસે ઈન્દ્રપ્રસ્થ ટાવરમાં રહેતા જયેન્દ્રભાઈ મહેતા (80) નિવૃત્ત જીવન જીવે છે અને શહેરની વિવિધ બેંકોમાં તેમના એકાઉન્ટ છે. 1લી જાન્યુઆરીએ તેમના મોબાઈલ પર વોટ્સએપ કોલ આવ્યો હતો. કોલ કરનાર વ્યક્તિએ પોતાને મુંબઈના કોલાબા પોલીસ સ્ટેશનના અધિકારી રણવીરસિંહ તરીકે ઓળખાણ આપીને જયેન્દ્રભાઈને જણાવ્યું કે, નરેશ ગોયલ ઈન્ટરનેશનલ ફ્રોડ કેસમાં તેમની સંડોવણી સામે આવી રહી છે અને તેમની વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે.



બીજા દિવસે વીડિયો કોલ દ્વારા કોર્ટરૂમનું દશ્ય બતાવી ‘જજ’ અને ‘સિનિયર પોલીસ અધિકારી’ હાજર હોવાનું દર્શાવાયું હતું. પોતાને નિર્દોષ સાબિત કરવા માટે 15 લાખ જમા કરાવવા કહેવામાં આવ્યું. ભયભીત થયેલા જયેન્દ્રભાઈએ 15 લાખ ટ્રાન્સફર કર્યા. ત્યારબાદ સોના-ચાંદીના દાગીના ગીરવે મુકાવી ગોલ્ડ લોન લઈ તેની રકમ પણ પડાવી લેવાઈ. અઠવાડિયા સુધી ડિજિટલ એરેસ્ટ રાખીને કુલ 55 લાખ ઠગાઈથી વસૂલવામાં આવ્યા. ખોટી ઓળખ અને સરકારી દસ્તાવેજોની નકલી નકલ મોકલી વિશ્વાસ જીતવામાં આવ્યો હતો. જયેન્દ્રભાઈએ ફ્રોડ થયાની જાણ થતા સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

